કુમાર


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ


વર્ષ ૬૬મું · સપ્ટેમ્બર ૧૯૯૩ · સળંગ અંક ૭૮૮

તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક



એકલ પ્રવાસી · (ફોટો : ધનસુખ પટેલ) વેરાન રણની સાંધ્યકાલીન તેજછાયાનું એકલ પ્રવાસી દ્વારા જીવંત બનતું સુંદર સંયોજન.



ભાદ્રપદ · મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં સંઘરાએલું અઢારમી સદીની રાજસ્થાની શૈલીનું એક લઘુચિત્ર. અષાઢ-શ્રાવણની વર્ષા બાદ મહોરી ઊઠતા પ્રકૃતિસૌંદર્ય અને પ્રફુલ્લિત પાત્રોનું તેમાં સુંદર દર્શન કરાવ્યું છે.

આભાર અને અનુરોધ

ઑગસ્ટ ૧૯૯૦થી 'કુમાર'નું પુનઃ પ્રકાશન થયા પછી ગયા અંક સાથે તે ચોથા વર્ષમાં પ્રવેશ્યું છે. આથી આપમાંના ઘણાનું લવાજમ જુલાઈ અંક સાથે પૂરું થઈ ગયું હશે. આથી આ નવા વર્ષનું આપનું લવાજમ વહેલી તકે મોકલી આપશો જેથી આપની ફાઈલ અતૂટ રહે. અંકો મર્યાદિત સંખ્યામાં છપાતા હોઈ આમ કરવું હિતાવહ છે.

વિષમ આર્થિક સંજોગોમાં પણ 'કુમાર'નું પ્રકાશન થઈ શક્યું છે તેનું શ્રેય 'કુમાર'ના હજારો વાચકો અને અનેક ગ્રાહકોને ફાળે પણ જાય છે. જે ગ્રાહકોએ ત્રણ ત્રણ વર્ષ સુધી ગ્રાહકપદે ચાલુ રહી જે સાથસહકાર આપ્યો છે, જાહેરખબર આપનાર સંસ્થાઓ અને સજ્જનોએ જે સહાય કરી છે તે માટે સહુનો આ તબક્કે આભાર માનીએ છીએ.

આ સાથે નવાજૂના ગ્રાહકોને પોતે ગ્રાહક તરીકે ચાલુ રહે અને પ્રત્યેક ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવો હાર્દિક અનુરોધ કરીએ છીએ.

આપ આપની સંસ્થા, વ્યાપારી કંપની કે વ્યક્તિગત રૂપે સ્થાનસમર્પણ કરી કે જાહેરખબર આપી-અપાવીને પણ ગુજરાતી ભાષાના આ અતિ જૂના અને સંસ્કારપોષક સામયિકને સહાયરૂપ થશો એવો પણ આ તકે અનુરોધ કરીએ છીએ.

આપની જાણ ખાતર ઉમેરવાનું કે 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂપિયા ૧૦૦, આજીવન લવાજમ રૂપિયા ૯૦૦ અને પરદેશનું લવાજમ રૂપિયા ૪૦૦ છે. લવાજમ ડ્રાફ્ટ, મની ઑર્ડર અને સ્થાનિક બૅંક પરના ચેકથી સ્વીકારાય છે. જો બહારગામની બૅંકનો ચેક હોય તો બૅંક કમિશનના રૂપિયા ૧૩ ઉમેરવા. ચેક/ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવો.

તંત્રી

'કુમાર'ના સંવર્ધક સભ્ય રૂ. ૧૦૦૦ પેટ્રન રૂ. ૫૦૦૦

સપ્ટેમ્બર ૧૯૯૩

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૭૮૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે..

મારો વિષય વિજ્ઞાન - ભૌતિકશાસ્ત્ર - છે. લાંબા અનુભવને કારણે વિજ્ઞાન-વિષયમાં સારો અભ્યાસ કર્યા છે. મારા મતે 'કુમાર' માસિકે પરિવાર અને સમગ્ર ગુજરાતનાં પ્રજાજનોના જીવનનું શ્રેષ્ઠ, સંસ્કારી, વૈચારિક ઘડતર કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે. પસંદ કરેલા અલગ અલગ ક્ષેત્રના સુંદર લેખો છપાય છે તેમાં આપની આગવી સૂઝ અને પ્રતિભા છે.

ડિસેમ્બર '૯૨ના અંકમાં સુ. ચંદ્રશેખર તથા જુલાઈ '૯૩ના અંકમાં મેઘનાદ સહા વિષેના લેખો મને ખૂબ ગમ્યા. માહિતી સરસ એકઠી કરી છે. બન્નેના લેખક પી.સી. પટેલને ધન્યવાદ. વળી. આ જ અંકમાં કોલંબસ પરનો શ્રી દુષ્યંત પંડ્યાનો લેખ પણ અતિ સુંદર છે. કોલંબસના પિતા વણકર હતા તે ભાગ્યે જ કોઈને ખબર હશે. આજથી પાંચસો વર્ષ પહેલાં જ્ઞાતિવાદ હતો તે જાણવા મળ્યું. - જશભાઈ પટેલ (બોરસદ)

¤

ઓગસ્ટ - શ્રાવણ આપણો માનીતો ભરચક મહિનો - ખાસ તો તહેવારોથી ભરચક. એમાં શ્રી અમૃતલાલ વેગડનો સ્કેચ 'ભર્જનિકો' પૂઠા ઉપર શોભી ઊઠ્યો. વર્ષાની ભીનાશ ભર્યાભર્યા ગ્રે લસરકાઓથી બરાબર ઊપસી આવી. સાથે હરિયાળો લીલો રંગ પણ જામે છે, અને સવિશેષ તો સંયોજન ! 'કુમાર'ના ઘણાં ઘણાં યાદગાર પૂઠાંમાં આ એકનો ઉમેરો !...

આ અંકમાં છપાઈ, પ્રૂફરીડિંગ બધું સુયોગ્ય અને શુધ્ધ છે એ પણ જણાવી દઉં.

'પસ્તીનાં પાનાં' ખરેખર લેખકની મસ્તીનાં પાનાં છે - વજનથી જોખી ન શકાય.

થોડા દિવસ પહેલાં સૂરતમાં એક ઘટના ઘટી. અખબારમાં 'કુમાર'ના જૂના અંકો જોવા મળશે એવું લખાણ આવ્યું હતું. પછી એ ઉપરથી શ્રી નયન દેસાઈએ 'કુમારદર્શન' લેખ લખ્યો. ('ગુજરાત મિત્ર'માં). પસ્તીમાં વેચાવા જતા ૫૦૦થી વધુ અંકો લારીવાળા પાસેથી શ્રી રોહિત વકીલે ખરીદી લીધા અને એને વાંચનારને સગવડ મળે એ માટે અહીંના જાણીતા કાર્યકર બહેન શ્રી અરુણાબહેન દીવાનના વિશાળ દીવાનખાનામાં ગોઠવ્યા. ઉત્સુક વાચકોને જાણે ખજાનો મળી ગયો... આવું બધું એક સાથે વાંચવા ક્યાં મળે ? 'કુમાર' માટે આ યાદગાર ઘટના ગણાય.

હમણાંના ભૂમિપુત્રમાં ફિલ્મ 'રૂદાલી'નું રસપાન માણ્યું. વર્ષમાં ચાર-છ જેટલી તો ફિલ્મો એવી બને છે જ, જેનો ઉલ્લેખ કર્યા વિના ન ચાલે. 'કુમાર'માં પણ સામેલ કરાય. રમેશ બી. શાહ, (સૂરત)

¤

જૂન '૯૩ના 'કુમાર'ના અંકમાં સરળતા, સમર્પણ અને સ્નેહભાવનાના ત્રિવેણી સંગમનું તીર્થ એટલે સર્વપ્રિય ઘુમાનજી શીર્ષકવાળું ચરિત્ર અમને ખૂબ સ્પર્શી ગયું. લેખકને તેમજ તંત્રી-સંપાદક પરિવારને આવા ઉત્કૃષ્ટ ચરિત્ર-પરિચય માટે અમારાં અભિનંદન. -પૂર્ણચંદ્ર માયાદત્ત (અજમેર)

વર્ષાની એક સુંદર સાંઝ

બલવંતરાય ઠાકોર

શાંતી ! શાંતી ! ઝરમર ઝરી ગૈ ગળી વાદળી આ,
અંધારી નીરવપદ ગિરિશ્રૃંગથી જો ઉડી આ:
ઊંચો દીપે ઘુમટ ફરિથી વ્યોમ કેરો વિશાળો,
જેમાં મુક્તાતુરણ-ભગણે આપતી અભ્રમાળો.

બેઠો બેઠો સખિસહિત હું માલતીમંડપે ત્યાં
ધારા જોતો, શ્રવણ ભરતો નૃત્યથી બુદ્દ્‌બુદોનાં,
ત્યાં ગૈ ધારા, શમિ પણ ગયા બુદ્દ્‌બુદો, ને નિહાળ્યા
શૈલો વચ્ચે સર નભસમૂં, મસ્તકે અભ્ર તારા.

ને કોરેથી સલિલ ફરક્યૂં, શુભ્ર ચળક્યૂં, અને જ્યાં
વૃક્ષો ટીપાં ટપિક ન રહ્યાં ડાળિયોનાં ભુમિમાં,
ત્યાં એ નીલૂં સર લસિ રહ્યું દિવ્ય ઝાંયે રસેલું,
પાછૂં જોતાં, - ગિરિ પર સુધાનાથ હાસે મધૂરૂં !

'વ્હાલા, જોયૂં ?' વદિ તું લહિ ત્યાં ચંદ્રને દ્દશ્યસાર,
ટૌકો ત્હારો, અલિ, સરગિરિવ્યોમ ગુંજ્યો રસાળ !

('ભણકાર'માંથી)

ભીતરે/મનોહર ત્રિવેદી

(મંદાક્રાન્તા - સૉનેટ)

છેલ્લા પત્રે, પ્રિય, ઉમળકાભેર મેં દીધું તાળું.
કોરેમોરે વિગત, વચમાં જોઉં ખેંચાણ મારું :
'લાંબા લાગે દિન પિયરના રાત વેંઢારવાની...'
(તેડી આવ્યો.) વધુ સમય તું ક્યાં હતી ગાળવાની ?

ગૈ કાલે જે પડતર હતું, આજ ચોખ્ખુંચણાક
હોંશેહોંશે ઘર કર્યું, પ્રિયે રમ્ય. દીસે ન થાક
તારા ચ્હેરે. વિહગ ફરક્યાં ભીંતનાં શાં ફરીને,
એના ઝીણા-નીરવ-ટહુકા આળખે ઓશરીને !
બેડાં માંજ્યાં, ઝળહળ થયાં, ઓસર્યાં ઓધરાળાં;
ખંખેર્યાં તેં છતસહિત બાઝેલ સર્વત્ર જાળાં.

વાળીઝૂડી પુનરપિ બધી ગોઠવી ચીજવસ્તુ,
ઓળીપાની સુરભિ વદતી હોય જાણે 'તથાસ્તુ.'
ખેંચી પાસે, સુખકમળ આ ઊઘડ્યાં સ્વેદભીનાં
ચૂમી લેતાં, સરવર છલ્યાં ભીતરે સારસીનાં !

¤

પોટલી/ચન્દા રાવળ

(ગાન)

મેં તો આખા આકાશની બંધાવી પોટલી
પલકારા પ્રીછવા ચાલો હોજી,
ખાલીખમ્મ ઉપર ને ખાલીખમ્મ નીચે
ચમકારા ચૂંટવા ચાલો હોજી.

અંધારે અજવાળાં, અજવાળે અંધારાં
ગોપવીને ગજવામાં ભરજો હોજી,
આફ્ત ને ઉલ્લાસે મુઠ્ઠી ભરીને ભઈ
આસપાસ ચોપાસે છાંટજો હોજી;
સપનાંના સથવારા, વેદનના વણઝારા
ભણકારા ભેદવા ચાલો હોજી.

ફૂલોનાં હાસ અને કૂંપળકુમાશ, બધાં
ઠાંસીને પોટલીમાં ભરિયા હોજી,
સૂરજનાં કિરણોને ચાંદાના હરણાને
પંપાળી પ્રાણોમાં પાળિયાં હોજી;
કાંખમહીં ઊંચકાતા, આંખ મહીં ઊભરાતા
ધબકારા ઝીલવા ચાલો હોજી.

¤

ફરી ફરી/દેવેન્દ્ર દવે

(મંદાક્રાન્તા - સૉનેટ)

વેચ્યું'તું જે ઘર વતનનું દાયકા બે'ક વીત્યે
આવું છું હું - લગભગ બધું લાગતું સાવ જુદું;
રસ્તાઓ ના પરિચિત હવે ભેરુ-શા ધૂળધોયા,
કાળી લાંબી સડક, પથ પે વૃક્ષ ઊભાં કતારે !
ના કો ચ્હેરો ત્વરિત મુજને 'તું !' કહી ઓળખી લે,
જોતાં જોતાં કુતૂહલ ભરી દૃષ્ટિથી. - હું ઘવાતો !

ના આ મારું ઘર-ફળિયું, એ ઓસરી, થાંભલીઓ;
નોંધારું ઓ નળિયું હમણાં નાખશે ભોંડું રંગી !
ના બાનું એ મુખ મલકતું આવતું ઝાંપલીમાં
વાંકી કેડે કર મહીં ધરી લાકડી, 'આવ, ભાઈ !'
જેની કાંધે શિશુક વયમાં હું રમ્યો જોશીકાકા
આવ્યા સામે ખબર પૂછતા સાવ ઝૂકી ખડા જે;
રોક્યો'તો જે અબ લગ પરાણે ડૂમો ઓગળ્યો કૈં:
'ક્યાં આવ્યો હ્યાં ?' ફરી ફરી મને વીંધતો પ્રશ્ન તાતો !

¤

સાંભરે/મેહુલ ત્રિવેદી

(ગઝલ)

સાંજ ટાણે ગામની ભાગોળ જ્યારે ભાંભરે,
અશ્રુ-ભીનો એક ખોળો પુત્ર ત્યારે સાંભરે.

આભ પણ જાગી સફાળું, દેખતું - મધરાતમાં,
જે ઘડીએ વિવિધ અંગોથી કળા દરિયો કરે !

સાવ સાદી ગોદડી પણ ઊંઘ ભભકાદાર છે,
એટલે તો મખમલી સપને જ મારું મન સરે !


અંધ પૈસો બહુ ધડાકે ક્યાંક ફૂટી જાય છે,
ક્યાંક સોંઘાં કોડિયાં અજવાસ મોંઘો પાથરે.

¤

શ્રેષ્ઠ સૉનેટ પારિતોષિક : શ્રી વિનયકાંત માધવલાલ દવેની પુણ્ય સ્મૃતિમાં દેવેન્દ્ર દવે અને હર્ષદ દવે તરફથી ઑગસ્ટ ૧૯૯૩થી જુલાઈ ૧૯૯૪ સુધીમાં 'કુમાર'માં પ્રકટ થયેલા સૉનેટમાંથી શ્રેષ્ઠ કૃતિને રૂપિયા ૨૫૧નું પારિતોષિક આપવામાં આવશે.

ભારતના મુક્તિસંગ્રામના આજીવન લડવૈયા, જ્વલંત અગ્નિ સમા ઉદ્દામવાદી યુવાનેના જેમનું આ માસમાં એકાણુમું જન્મવર્ષ આરંભાય છે તે

યુસુફ મહેરઅલી



ડૉ. ચન્દ્રકાન્ત મહેતા

દેશભરમાં યુવાદલ (youth league) સ્થાપી, યુવાનોને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝઝૂમવા તૈયાર કરનાર યુસુફ મહેરઅલીનો જન્મ ૧૯૦૩ની ૨૩મી સપ્ટેમ્બરે મુંબઈમાં ખોજા પરિવારમાં થયો હતો. એ મૂળ તો કચ્છના. એમના દાદા ત્યાં વેપાર કરતા હતા, પણ દુષ્કાળની પરિસ્થિતિને કારણે કચ્છ છોડી મુંબઈમાં આવીને વેપાર કરવા લાગ્યા. એમના પિતાએ પણ વેપારી જીવન ગાળ્યું. એમના પરિવારને રાજકારણમાં જરાય રસ નહોતો. એથી મહેરઅલીના રાજકીય જીવનનું ઘડતર સાંપ્રત સમયના રાજકીય વાતાવરણને આભારી હતું.

પ્રાથમિક શાળાનાં પહેલાં બે વર્ષ મહેરઅલીએ મુંબઈમાં નાના ચોક પાસે આવેલી ટ્યુટોરિયલ હાઈ સ્કૂલમાં શિક્ષણ લીધું. પછી મેટ્રિક સુધીનું શિક્ષણ એમણે બોરીબંદર પાસે આવેલી ભરડા ન્યૂ હાઈ સ્કૂલમાં લીધું. શાળામાં જ એમની સમાજવાદી વિચારસરણીનો આપણને અણસાર મળે છે. એમની અટક મરચંટ હતી. પણ એ અટક એમને બુર્ઝવા વર્ગના પ્રતીક જેવી લાગી. તેથી એમણે એ અટક બદલીને મહેરઅલીમાં ફેરવી નાખી. શાળામાં મીનુ મસાણી તથા સોલી બાટલીવાળા એમના સહાધ્યાયીઓ હતા, જે આગળ જતાં સક્રિય રાજકારણમાં જોડાયા. મેટ્રિકની પરીક્ષા પસાર કર્યાં પછી એમના મિત્ર સોલી બાટલીવાળા, સેંટ ઝેવિયર્સ કોલેજમાં જોડાયા. એટલે એમણે પણ એ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. સેંટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસેતર પ્રવૃત્તિ માટે પૂરતી શક્યતા ન હોવાથી બન્ને મિત્રો બીજા વર્ષથી એલફિન્સ્ટન કૉલેજમાં જોડાયા. ત્યાં એમની બહુમુખી પ્રતિભાને વિકસાવવાનો સારો એવો મોકો મળ્યો. કૉલેજની મેગડુગલ ચર્ચાસભામાં મહેરઅલીએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો. એ સભા તરફથી કોંગ્રેસ અધિવેશનનું દૃશ્ય ભજવાયું. તેમાં મહેરઅલીએ મૌલાનાનો પાઠ ભજવ્યો હતો. દૃશ્યને અંતે પોલીસ મૌલાનાને પકડે એમ દર્શાવાયું હતું.

એ ચર્ચાસભામાં પોતાના મંતવ્યથી વિરુદ્ધ, 'ભારતની ટાટા તથા બોઝે ગાંધી તથા રવીન્દ્રનાથ કરતાં વધારે સેવા કરી છે' એ વિષયની તરફેણમાં મહેરઅલીએ વક્તવ્ય આપ્યું. સ્પર્ધામાં બીજા કુશળ વક્તાઓ સામે ટક્કર ઝીલી એમણે પ્રથમ પારિતોષિક મેળવ્યું, જે એમની વક્તૃત્વ પ્રતિભાની ઝાંખી કરાવે છે. એ સમયે એમનું વય વીસ વર્ષનું હતું. એ જ વર્ષમાં મુંબઈની કૉલેજોની આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધા હતી. એમાં એલફિન્સ્ટન કોલેજના પ્રતિનિધિ તરીકે મહેરઅલીની પસંદગી કરવામાં આવી હતી. મોટી ઉંમરના તથા અનેકવાર પારિતોષિક જીતનાર પ્રતિસ્પર્ધીઓ સામે હતા, એટલે એમને માટે આકરી કસોટી હતી. એ સ્પર્ધામાં પણ પ્રથમ પારિતોષિક તથા રૌપ્ય ચન્દ્ર જીતી, મુંબઈની વિદ્યાર્થી આલમમાં એમણે મોખરાનું સ્થાન મેળવ્યું.

એલફિન્સ્ટન કોલેજના સામાજિક અભ્યાસ વર્તુળે (social study circle) મહેરઅલીના અધ્યક્ષપદે યુનિવર્સિટી સુધારણા સમિતિ નીમી. એનો અહેવાલ તૈયાર કરવામાં મહેરઅલીએ ખૂબ પરિશ્રમ કર્યો. વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને યુનિવર્સિટી શિક્ષણ વિષયક એક સર્વ-સમસ્યાઓને સ્પર્શતી પ્રશ્નાવલિ મોકલી. અનેક જણની મુલાકાતો લીધી તથા એકઠી કરેલી સામગ્રીનું પૃથક્કરણ કરીને એક વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો, જેમાં માત્ર સમસ્યાઓનું નિરૂપણ જ નહિ પણ એના ઉકેલો ય દર્શાવ્યા છે. એ અહેવાલ દર્શાવે છે કે હાથમાં લીધેલા વિષયનું મહેરઅલી કેવું અધ્યયન કરતા હતા !

મહેરઅલીનો શક્તિસ્રોત કોલેજની ચર્ચાસભામાં જ સીમિત રહી શકે એમ નહોતો. ઓપેરા હાઉસમાં યુવાદલને આશ્રયે નેતાજી સુભાષચંદ્ર બોઝનું વ્યાખ્યાન હતું, જેમાં એમણે યુવાનોને જુસ્સાભરી વાણીમાં સ્વાતંત્ર્ય યજ્ઞમાં બલિદાન આપવાની હાકલ કરી. સુભાષચંદ્રના ભાષણથી મહેરઅલી એટલા પ્રભાવિત થયા કે એમણે રાષ્ટ્રમુક્તિ માટે પોતાની બધી શક્તિ સમર્પિત કરવાનું નક્કી કર્યું. એમણે દેશની આઝાદી માટેના સંગ્રામમાં યુવાનોની ભરતી કરવાનું કાર્ય હાથ પર લીધું ને યુવાનોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડનારી સંસ્થા યુવાદલ, અને મુંબઈ વિદ્યાર્થી બિરાદરી (Bombay Students' Brotherhood)ની પ્રવૃત્તિઓનો દોર પોતના હાથમાં લીધો. યુવાદલના મંત્રી તરીકે તેઓ સર્વાનુમતે ચૂંટાયા. હોલૅંડમાં વિશ્વશાંતિ યુવક પરિષદનું અધિવેશન હતું. તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે એમને નિમંત્રણ મળ્યું તો ખરું, પણ ત્યાં જવાનો પ્રવાસખર્ચ કરી શકે એટલી નાણાંની જોગવાઈ નહોતી એટલે એ મૂંઝાતા હતા. પરન્તુ યુવાનોમાં એ એટલા પ્રિય હતા કે મુંબઈના વિદ્યાર્થીઓએ ફાળો ઉઘરાવી એમને થેલી અર્પણ કરી. હોલૅંડમાં જઈ એમણે ત્યાં ભાષણમાં જણાવ્યું કે 'જ્યાં સુધી ભારત ગુલામ હશે ત્યાં સુધી વિશ્વશાન્તિ શક્ય નથી.' એમણે બ્રિટિશ

શાસનના અત્યાચારોનો ચિતાર આપી, વિશ્વશાન્તિ માટે સામ્રાજ્યવાદ કેવો અવરોધક છે તેની પ્રતીતિ કરાવી.

યુવાદલ તથા મુંબઈ વિદ્યાર્થી બિરાદરી દ્વારા યુવાનોમાં યુયુત્સા પ્રેરવા ઉપરાંત બીજા અનેક પ્રશ્નો વિશે આંદોલન ઉપાડી વિદ્યાર્થીઓને તે દોરવણી આપતા હતા. જેમ કે મુંબઈની કોલેજોએ ફી વધારી ત્યારે એમણે યુવાદલ અને મુંબઈ વિદ્યાર્થી બિરાદરીને ફી વધારાનો વિરોધ કરવા તથા તેની વિરુધ્ધ આંદોલન શરૂ કરવા તૈયાર કર્યા. મુંબઈના અગ્રગણ્ય નેતાઓને જાહેરસભામાં વિદ્યાર્થીઓને ઉદ્દબોધન કરવા નિમંત્ર્યા. તેવી જ રીતે બેંગલોરમાં પોલીસે વિદ્યાર્થીઓના સરઘસ પર ગોળીઓ ચલાવેલી તેને માટે પણ વિદ્યાર્થીઓને સંગઠિત કરી જાહેરસભા, પત્રિકાઓ અને દીવાલ-પત્રો દ્વારા, બેંગલોરના વિદ્યાર્થીઓની પડખે મુંબઈની વિદ્યાર્થી આલમ છે ને દર્શાવેલું. મુંબઈમાં મિલ કામદારોએ એમણે કરેલી માગણીઓ મિલમાલિકોએ ઠુકરાવી તેથી હડતાલ પાડી હતી. યુવાદલને આશ્રયે મહેરઅલીએ એક જાહેરસભા બોલાવી. એ સભામાં જાણીતા પત્રકારો, રાજકીય નેતાઓ, મજૂરનેતાઓને બોલાવી, મજૂરોની માગણીઓ ન્યાયી છે, એ પ્રકારનાં ભાષણો કરાવ્યાં અને મુંબઈનાં નાગરિકોનું મજૂરોને પીઠબળ છે એમ જાહેર કર્યું.

અંગ્રેજ સરકાર વિરોધી એમની આ બધી પ્રવૃત્તિઓ છતાં કોલેજના અંગ્રેજ પ્રિન્સિપાલ હેમિલના એ માનીતા હતા. એકવાર હેમિલે મહેરઅલીને પૂછેલું, 'તમને જ્યારે આઝાદી મળે ત્યારે તમે અમારું શું કરશો?' મહેરઅલીએ તરત જ તીખો જવાબ આપેલો 'અમે તમને રઘિયા મોકલી દઈશું.' એ જવાબ સાંભળી હેમિલ પણ હસી પડેલા. એકવાર એલફિન્સ્ટન કોલેજની પાછળ ઓવેલના મેદાનમાં વિદ્યાર્થીઓની એક સભામાં એમણે કહેલું, 'અંગ્રેજ શાસકો કૂતરા જેવા છે. જો તમે એમને લાત મારો તો એ તમારા પગ ચાટવા માંડશે અને જો તમે એમના પગ ચાટો તો એ તમને લાત મારશે.' આ ટીકા માટે હેમિલે એમને બોલાવી ધમકાવેલા અને માફી માગવા કહેલું. ત્યારે એમણે સ્પષ્ટ રીતે નીડરતાથી જણાવેલું, 'તમારામાં હિંમત હોય તો મને બરતરફ કરો. પછી શું થાય છે તે જોજો.' પરિણામે એમની સામે કડક પગલાં લેવાની પ્રિન્સિપાલની હિંમત ચાલેલી નહિ.

૧૯૨૫માં મહેરઅલીએ ઈતિહાસ અને અર્થશાસ્ત્ર વિષયોમાં બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી અને પછી સરકારી લૉ કોલેજમાં એલએલ. બીના અભ્યાસ માટે દાખલ થયા.

બ્રિટિશ પાર્લામેન્ટે ભારતને કેટલા પ્રમાણમાં રાજ્યવહીવટમાં સ્વાયત્તતા આપવી, તે ભારતમાં જઈ, સરકારી તંત્ર તથા ભારતની સર્વાંગી પરિસ્થિતિની તપાસ કરી તેનો અહેવાલ પાર્લામેન્ટને આપવા સર જોન સાઈમનના અધ્યક્ષપણા નીચે એક પંચ નીમ્યું હતું. એ પંચમાં કોઈ પણ ભારતીય નહોતો. એ કારણે એનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનું બધા રાજકીય પક્ષોએ ઠરાવ્યું હતું. આમ છતાં કોંગ્રેસે તો સક્રિય વિરોધનાં સરઘસો, જાહેર સભાઓ દ્વારા એ અનિષ્ટ પ્રત્યે લોકજાગૃતિનો કાર્યક્રમ નક્કી કર્યો હતો. એ પંચ ૧૯૨૮ની ત્રીજી ફેબ્રુઆરીએ સ્ટીમર દ્વારા મુંબઈ બંદર પર પહોંચવાનું હતું. મહેરઅલીએ મહિનાઓ પહેલાં મુંબઈના યુવકોને સાઈમન પંચ મુંબઈ બંદરે ઊતરે ત્યારે કાળા વાવટા લઈ 'પાછા જાઓ'નાં સૂત્રોથી એમને જાકારો આપવા, તાલીમ આપી તૈયાર કર્યા હતા. નિશ્ચિત કાર્યક્રમ અનુસાર એક પ્રચંડ સરઘસ મહેરઅલીની આગેવાની નીચે રાત્રે ત્રણ વાગે સાઈમન પંચને જાકારો આપવા નીકળ્યું અને પ્રચંડ અવાજે 'સાઈમન પાછો જા, જુલ્મીઓના પ્રતિનિધિઓ પાછા જાઓ'નાં સૂત્રોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. બીજાં નાનાં નાનાં સરઘસો પણ શહેરમાં સાઈમન પંચને જાકારો આપતાં સૂત્રો ઉચ્ચારતાં ઘૂમતાં હતાં. મહેરઅલીનું સરઘસ, જે લાલ દરવાજાથી પંચ શહેરમાં પ્રવેશવાનું હતું, ત્યાં આવી પહોંચ્યું અને વિરોધી સૂત્રોથી વાતાવરણને ભરી દીધું. પોલીસે લાઠીઓ વીંઝવા માંડી. મહેરઅલીને માથામાં લાઠી વાગી. લોહી વહેવા માંડ્યું, હાથનું હાડકું ભાંગ્યું પણ મહેરઅલી તો જોરશોરથી સૂત્રો ઉચ્ચારતા રહ્યા. સરકારે સાઈમન પંચના સભ્યોને પાછલે બારણેથી ભગાડ્યા કારણ કે મુખ્ય દરવાજા આગળથી તો બહાર નીકળાય એમ હતું જ નહિ. પોલીસે મહેરઅલીને પકડ્યા અને થોડો સમય પોલીસ સ્ટેશનમાં રાખીને છોડી મૂક્યા. સાંજે એક પ્રચંડ સરઘસ ગ્રાન્ટરોડથી નીકળી સૂત્રો ઉચ્ચારતું ચોપાટી જવાનું હતું અને ત્યાં જાહેરસભા સાઈમન પંચનો વિરોધ કરવા અને એને જાકારો આપવા મળવાની હતી. સરઘસ નીકળવાનો સમય થયો ત્યારે પાટાપીંડી કરાવી, સરઘસની આગેવાની કરતા મહેરઅલી આવી પહોંચ્યા. એમને જોયા તેવા જ પોલીસે એમને પકડીને પુલ પરથી નીચે ગબડાવ્યા. તો પણ એ તો ઊભા થઈ સરઘસની આગળ આવીને ઊભા રહ્યા. હવે એમને પકડવાની પોલીસની હિંમત નહોતી. એમણે સરઘસને ચોપાટી તરફ દોર્યું અને અને ત્યાં પહોંચી ભાષણ કર્યું. સવારે પોલીસે એમને ઘાયલ કર્યા હતા. એ સમાચાર તો વાયુવેગે પ્રસર્યા હતા, તેમાં વળી એમને પુલ પરથી ગબડાવ્યા, એની પણ લોકોને જાણ થઈ હતી, ત્યાં વળી એમને શૌર્યપ્રેરક ભાષણ કરતા સાંભળ્યા. એટલે તો એ ચોવીસ વર્ષનો યુવક લોકોનો લાડીલો થઈ પડ્યો અને લોકોએ એનો જયોચ્ચાર કર્યો.

આ રીતે સાઈમન વિરોધી આંદોલનની શરૂઆત મહેરઅલી દ્વારા થઈ અને એને પરિણામે સાઈમન પંચ જ્યાં જ્યાં ગયું ત્યાં ત્યાં એની વિરુધ્ધ પ્રદર્શનો થયાં. પંજાબમાં લાલા લજપતરાયની આગેવાની હેઠળ પ્રચંડ સરઘસ નીકળ્યું ત્યારે પોલીસે લાલાજી પર સખ્ત લાઠીપ્રહાર કર્યો, જેને લીધે એમનું મૃત્યુ થયું. એ પ્રસંગે ચોપાટી પર મળેલી એક શોકસભામાં મહેરઅલીએ યુવાનોને લાલાજીની હત્યાનો બદલો લેવા જણાવ્યું.

મહેરલીએ એમની પર હુમલો કરનાર સાર્જન્ટ કાર્ટર સામે ફોજદારી મુકદ્દમો માંડ્યો. આઠ મહિનાની સુનાવણી પછી એ સાર્જન્ટને મેજિસ્ટ્રેટે એકસો રૂપિયાનો દંડ કર્યો. એથી સરકારે એ મેજિસ્ટ્રેટની બઢતી રોકી દીધી.

એ જ વર્ષમાં બારડોલીમાં સરદાર વલ્લભભાઈના માર્ગદર્શન નીચે ખેડૂતોએ મહેસૂલ વધારા સામે સત્યાગ્રહ શરૂ કર્યો અને મહેસૂલ ભરવાની ના પાડી. સરકારે ખેડૂતો પર અમાનુષી અત્યાચારો કર્યા. તેમને પકડ્યા. એમનાં ઘરો, ઢોર-ઢાંખર, રાચરચીલું બધું જપ્ત કર્યું. ખેડૂતોની એ લડતથી

યુવાનોને, કુરબાનીનું પ્રત્યક્ષ દર્શન થાય અને સત્યાગ્રહનું સ્વરૂપ સમજાય તે હેતુથી મહેરઅલી એમના યુવાદલના ચુનંદા સ્વયંસેવકોને લઈને બારડોલીને રણમોરચે ગયા. મુંબઈમાં એ લડતને માટે યુવાદલે ફાળો ઉઘરાવ્યો અને ૨૪મી જુલાઈ ૧૯૨૮નો દિન બારડોલી દિન તરીકે ઉજવ્યો. તે દિને ફાળો તો ઉઘરાવ્યો પણ સરદાર પટેલની છબીવાળા બિલ્લા તથા સરદાર પટેલની છબીવાળી નોટબુકો તૈયાર કરાવી તેનું વેચાણ કર્યું. સાંજે મુશળધાર વરસાદ હોવા છતાં હજારો લોકો સરઘસમાં જોડાયાં. બારડોલીના ખેડૂતો તથા સરદારની જય પુકારતું, બ્રિટિશ સરકારના વિનાશનાં સૂત્રો ઉચ્ચારતું સરઘસ એમ્પાયર સિનેમા ગૃહમાં પહોંચ્યું. ત્યાં સરદાર પટેલને આમંત્ર્યા હતા. તેમને યુવાદળે ઉઘરાવેલો ફાળો સુપરત કર્યો, તથા સરદારનું બહુમાન કર્યું.

એ વર્ષના ડિસેમ્બરમાં પૂનામાં દ્વિતીય યુવાપરિષદ ભરાઈ હતી. તેમાં મહેરઅલીએ યુવાપરિષદના બંધારણ વિષે એક ઠરાવ રજૂ કર્યો. તેમાં યુવાપરિષદના જે ઉદ્દેશો જણાવ્યા હતા તેમાં કોમવાદ સામેની લડત, શાળા તથા કોલેજોમાં ફરજિયાત લશ્કરી તાલીમ, સ્વદેશીનો પ્રચાર, વિદેશી માલનો સંપૂર્ણ બહિષ્કાર, મફત પ્રાથમિક શિક્ષણ, સાંપ્રત રાજકીય સમસ્યાઓનું ઊંડું અધ્યયન વગેરે હતા.

મહેરઅલીએ એક બીજા ઠરાવમાં ઘોષણા કરી કે યુવાનોનું ધ્યેય સંપૂર્ણ સ્વાતંત્ર્યનું છે. એ ઠરાવ રજૂ કરતાં મહેરઅલીએ બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે જો કોંગ્રેસના નેતાઓ એનાથી જરા જેટલા પણ ઓછાનો સ્વીકાર કરશે તો યુવાનો તેનો જોરદાર વિરોધ કરશે અને તેની સામે આંદોલન કરશે. લાહોર કોંગ્રેસના અધિવેશનમાં દેશના પૂર્ણ સ્વાતંત્ર્ય માટે યુદ્ધ લડી લેવાનો ઠરાવ થયો. તેની એક વર્ષ પૂર્વે એમણે યુવક પરિષદમાં સંપૂર્ણ સ્વાતંત્ર્યનો ઠરાવ કર્યો હતો, જે એમની જહાલ વિચારસરણીનો પરિચય કરાવે છે.

૧૯૨૯ની શરૂઆતમાં વડી ધારાસભામાં સરકારે જાહેર સલામતી ધારો રજૂ કર્યો. એ અનુસાર સરકાર કોઈ પણ વ્યક્તિને વગર વૉરંટે પકડીને ગમે તેટલો વખત નજરબંધ રાખી શકે. એ ધારાનો વિરોધ તથા તેના પ્રત્યેનો આક્રોશ વિપ્લવી નેતાઓ ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે વડી ધારાસભામાં બૉંબ નાખીને વ્યક્ત કર્યો. તે સમયે વડી ધારાસભાના અધ્યક્ષસ્થાને વિઠ્ઠલભાઈ પટેલ હતા. વડી ધારાસભાના કોંગ્રેસ સભ્યો, તથા અન્ય રાષ્ટ્રપ્રેમી સભ્યોએ તે કાળા કાયદાનો જોરશોરથી વિરોધ કર્યો. એની પર મતગણતરી થતાં બન્ને પક્ષે સમાન મતદાન થયું. એથી અધ્યક્ષના મત પર એ ધારાનું ભવિષ્ય લટકતું રહ્યું. પ્રખર રાષ્ટ્રવાદી વિઠ્ઠલભાઈએ વિરોધમાં મત આપીને ધારાને નામંજૂર કર્યો. એ પ્રસંગે વિઠ્ઠલભાઈને અભિનંદન આપવા મહેરઅલીએ ચોપાટી પર જાહેર સભા યોજી, જેમાં એમણે કહ્યું : 'ભગતસિંહના બૉંબ કરતાં જાહેર સલામતી ધારારૂપી બૉંબ વધારે ભયાનક અને વિધ્વંસક હતો.'

જેલમાં રાખવામાં આવેલા રાજકીય કેદીઓ પ્રત્યે સરકારનો વ્યવહાર અત્યંત કઠોર તથા માનવતાવિહીન હતો. એમની પર અત્યાચાર ગુજારવામાં આવતો. આથી જતીન દાસ નામના એક ક્રાન્તિકારીએ એમને રાજકીય કેદીઓ તરીકે સામાન્ય ગુન્હેગારોથી અલગ ગણીને, એક વિશિષ્ટ વર્ગમાં મૂકવામાં આવે, એવી સરકાર સમક્ષ માગણી કરી. સરકારે એ ફગાવી દેતાં એણે આમરણ અનશનનો માર્ગ લીધો અને ૬૨ દિવસના ઉપવાસ પછી એ શહીદ થયો. શહીદ જતીન દાસને અંજલિ આપવા મહેરઅલીએ એક સરઘસ કાઢ્યું, જે સરકાર વિરોધી તથા 'જતીન દાસ અમર રહો' સૂત્રો ઉચ્ચારતું ચોપાટીમાં તિલકની પ્રતિમા પાસે જાહેરસભામાં ફેરવાઈ ગયું. ત્યાં ભાષણ આપતાં મહેરઅલીએ રક્તપિપાસુ સરકારને ભારતમાંથી ફગાવી દેવાની હાકલ કરી. એ સમયે પોલીસે આવી લાઠી વીંઝવા માંડી, મહેરઅલી સારી પેઠે ઘવાયા.

આ જ સમયગાળામાં મહેરઅલીએ એલએલ. બી.ની પરીક્ષા પસાર કરી. એમને ડિગ્રી આપવામાં આવી. પણ સરકાર વિરોધી પ્રવૃત્તિને કારણે હાઈ કોર્ટે એમને વકાલત કરવા માટે સનદ આપવાની અરજી નામંજૂર કરી. સરકારનું આ પગલું આશીર્વાદરૂપ બની રહ્યું. પરિણામે પોતાનો બધો સમય દેશસેવા માટે એ આપી શક્યા.

એમણે સ્વદેશીનાં કાર્યોને વધારે સંગીન બનાવવા ફરતા સ્વદેશી બજારની યોજના અમલમાં મૂકી. એથી ઘરઆંગણે સ્વદેશી ચીજો લોકોને મળવા લાગી. એમણે સ્વદેશી વસ્તુઓની એક માર્ગદર્શિકા પણ તૈયાર કરી. તેમાં કઈ કઈ સ્વદેશી વસ્તુઓનું ઉત્પાદન થાય છે, એના ઉત્પાદકો કોણ છે, એ ચીજો ક્યાં ઉપલબ્ધ છે એ બધાંની સવિસ્તર માહિતી આપવામાં આવી હતી. આ રીતે સ્વદેશી આંદોલનને એમણે રચનાત્મક અભિગમ આપ્યો.

૧૯૩૦ના માર્ચમાં ગાંધીજીની દાંડીકૂચથી નાકર આંદોલનની શરૂઆત થઈ. આ લડત માટે વર્ષોથી મહેરઅલીએ યુવાનોને તાલીમ આપી હતી. લડતના એક કાર્યક્રમમાં મીઠાના સરકારી અગરો પર અહિંસક હલ્લો કરવાનો હતો. સરકાર પણ એના પૂરા પાશવી બળથી એ હલ્લાને ખાળવાને સજ્જ હતી. મુંબઈના વડાલાના અગર પર જ્યારે સત્યાગ્રહીઓએ હલ્લો કર્યો ત્યારે ઘોડેસવાર પોલીસોએ ઘોડા દોડાવી સત્યાગ્રહીઓ પર લાઠી વીંઝવા માંડી. મહેરઅલીથી આ સહન ન થયું એટલે એમણે છલાંગ મારી ઘોડાની લગામ પકડી અને લટક્યા. ઘોડો દોડી શક્યો નહિ, પણ ઘોડેસવાર પોલીસે મહેરઅલી પર લાઠી પ્રહારો કરવા માંડ્યા. એ લોહીલુહાણ થઈ ગયા, અને એ રીતે સાચા સત્યાગ્રહીની જેમ એમણે બીજા સત્યાગ્રહી પર થનારા પ્રહારો પોતે ઝીલી લીધા. સરકારે એમને ગિરફતાર કર્યા અને એક વર્ષની જેલની સજા કરી. આ એમની પ્રથમ જેલયાત્રા હતી. આ પછી સવિનય કાનૂનભંગની લડત જ્યાં સુધી ચાલી ત્યાં સુધીમાં એમને ચાર વાર સજા થઈ. ત્રીજીવાર છૂટીને જેવા એ બોરીબંદર સ્ટેશને આવ્યા ત્યાં જ એમને ચાર વાગે મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવાનો હુકમ આપવામાં આવ્યો. એ સમયે ત્રણને ચાલીસ થઈ હતી. વીસ મિનિટનો મુક્તિનો સમયગાળો હતો. તેથી એ સીધા ઘેર ન જતાં ઝવેરીબજારમાં ગયા. લોકો એકઠા થયા તેમની સમક્ષ સરકારની સામે આગ વર્ષાવતું ભાષણ આપ્યું.. પોલીસ એમની પાછળ જ હતી. એમને પકડીને મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કર્યા. મેજિસ્ટ્રેટે એમને પૂછ્યું, 'તમારે

કંઈ કહેવું છે?' ત્યારે મહેરઅલીએ મજાક કરતાં કહ્યું, 'ચાર વાગે હાજર થવાનો હુકમ હતો. એટલે ચારમાં બે મિનિટ બાકી હતી ત્યારે મને પકડવામાં આવ્યો એટલે ચાર વાગ્યા પહેલાં મને પકડીને હુકમનો ભંગ તો પોલીસે કર્યો છે, એને સજા થવી જોઈએ.' બાકી કાનૂનભંગનો તો અમારો કાર્યક્રમ છે. મૅજિસ્ટ્રેટે એમને એક વર્ષની સખત કેદની સજા કરી. મહેરઅલીએ મજાકમાં પૂછ્યું, 'આવા ભયાનક ગુના માટે આટલી ઓછી સજા !'

૧૯૩૨-૩૩માં જ્યારે મહેરઅલી અને બીજા ઉદ્દામવાદી કૉંગ્રેસ નેતાઓ નાસિક જેલમાં હતા, અને જેમને કૉંગ્રેસ નેતાઓની સરકાર જોડે સમાધાન કરવાની નીતિ પસંદ નહોતી તેમને મળી કૉંગ્રેસની અંદર રહી એક નવો પક્ષ રચવાનો નિર્ણય લીધો અને પછી બહાર આવીને આચાર્ય નરેન્દ્ર દેવ, અચ્યુત પટવર્ધન, ડૉ. રામમનોહર લોહિયા, જયપ્રકાશ, મીનુ મસાણી, અશોક મહેતા એ બધાએ કૉંગ્રેસની અંદર રહીને કૉંગ્રેસ-સમાજવાદી પક્ષ સ્થાપવાનું નક્કી કર્યું. તે પ્રમાણે ૧૦ મે ૧૯૩૪ને દિને પટનામાં અધિકૃત રીતે પક્ષ સ્થાપ્યો એ પક્ષની સ્થાપનામાં મહેરઅલીનો મહત્ત્વનો ફાળો હતો. એ સમયે સવિનય કાનૂનભંગનું આંદોલન મોળું પડતું જતું હતું. તેમણે યુવાશક્તિને રાષ્ટ્રિય આંદોલનમાં સક્રિય બનવા માટે તથા તેમની વૈચારિક ભૂમિકા નક્કર બને તે માટે યુવાનોની કાર્યશિબિરો યોજી અને તેમાં વ્યાખ્યાનો દ્વારા સાંપ્રતકાલીન વૈશ્વિક રાજકીય સમસ્યાઓની છણાવટ કરવા માંડી. એ શિબિરમાં મહેરઅલીએ 'ચીન ગઈકાલ અને આજ' અને 'સમજવાદનાં મૂળ તત્ત્વો' એ બે વિષયો પર વ્યાખ્યાનો આપેલાં.

૧૯૩૫નું વર્ષ મહેરઅલી માટે અતિપ્રવૃત્તિનું વર્ષ હતું. વર્ષના આરંભમાં એમણે સમાજવાદી વિચારસરણીના પ્રચાર માટે, તથા યુવાનોમાં યુયુત્સા પ્રેરવા અનેક પ્રયત્નો કર્યા. સરકાર જોડે સમાધાન કરવાના, કે એને કોઈ પણ પ્રકારનો સહકાર આપે એવા રૂઢિચુસ્ત કૉંગ્રેસ નેતાઓના પ્રયત્નો સામે એમણે કમર કસેલી.

એ વર્ષે મુંબઈ કૉંગ્રેસનું વાર્ષિક અધિવેશન મળ્યું ત્યારે મહેરઅલીની કૉંગ્રેસ સ્વયંસેવક દળના સરસેનાપતિ તરીકે પસંદગી થઈ. એ માટે એમણે સ્વયંસેવકોને સૈન્યમાં જેવી તાલીમ આપવામાં આવે છે તેવી તાલીમ આપી. કૉંગ્રેસના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ જ્યારે ધ્વજ ફરકાવવાના હતા ત્યારે ધ્વજમાં દોરી ભરાઈ ગઈ અને ધ્વજ ખૂલ્યો નહિ, ત્યારે મહેરઅલીએ સ્વયંસેવકને ધ્વજસ્તંભ પર ચઢીને ગૂંચ ઉકેલવા કહ્યું. રાજેન્દ્રબાબુએ એવું સાહસ ન કરવાનું કહ્યાં છતાં મહેરઅલીએ માન્યું નહિ. સ્વયંસેવક ૮૦ ફૂટના ધ્વજસ્તંભ પર ચઢ્યો, દોરીની ગૂંચ ઉકેલી અને ધ્વજ ફરક્યો. એ વખતે રાજેન્દ્રબાબુએ મહેરઅલીની ભારોભાર પ્રશંસા કરેલી.

જબલપુરમાં મહાકૌશલ યુવક પરિષદના પ્રમુખપદેથી ભાષણ આપતાં મહેરઅલીએ કહેલું, 'બીજું વિશ્વયુદ્ધ થોડા સમયમાં જ ફાટી નીકળવાનું છે ત્યારે બ્રિટન ગમે તેટલાં ફાંફાં મારે, ગમે તેવાં વચનો આપે પણ ભારત એને મદદ તો નહિ કરે, પણ એ સુવર્ણ તકનો લાભ લઈ બ્રિટન સામે સ્વાતંત્ર્ય સંગ્રામ લડશે.' યુદ્ધ શરૂ થયું, તેનાં ચાર વર્ષ પૂર્વેની મહેરઅલીની આ ઘોષણા, મહેરઅલીની દૃષ્ટિ કેવી દૂરગામી હતી તે દર્શાવે છે.

એ વર્ષના એપ્રિલ માસમાં એ આચાર્ય નરેન્દ્ર દેવની સાથે ભાવનગર ગયા હતા. ત્યારે પ્રજા પરિષદના અધિવેશનમાં ભાષણ આપતાં એમણે કહેલું, 'સ્વતંત્ર ભારતમાં રાજા નહિ હોય, એવા રાજાઓ અત્યારથી જ ચેતે અને પ્રજાને સત્તાની સોંપણી કરે.' દેશી રાજ્યમાં આ પ્રકારનું ભાષણ આપવું, એ મહેરઅલીની વીરતાનો પરિચય આપે છે.

કચ્છમાં રાજાનો પારાવાર જુલમ હતો. મહેરઅલી કચ્છના એટલે કચ્છની પ્રજા રાજાના અત્યાચારનો પ્રતિકાર કરે તે માટે પ્રજાને સંગઠિત કરવા પ્રજાપરિષદના કાર્યકર્તાઓએ એમને આગ્રહ કર્યો. મહેરઅલીએ મુંબઈમાં વસતા કચ્છીઓની સભા બોલાવી અને રાજાની સામે લડી લેવાનો દૃઢ નિર્ણય લીધો. સભામાં જ લડતને માટે ફાળો ઉઘરાવ્યો, જેમાં સારી એવી રકમ એકઠી થઈ. મુંદ્રામાં કચ્છી પ્રજાકીય પરિષદનું અધિવેશન ભરવાનું હતું. તેના પ્રમુખસ્થાને એમની વરણી થઈ. એ મુંદ્રા ગયા ત્યારે એમનું ભવ્ય સ્વાગત થયું. મહેરઅલીએ આગ્રહ રાખ્યો કે અધિવેશનમાં માત્ર એક જ ઠરાવ રજૂ થાય. એ ઠરાવમાં રાજાને ત્રણ મહિનાની મહેતલ આપવામાં આવી. એ દરમ્યાન રાજા જો પ્રજાને સત્તાની સોંપણી ન કરે તો લડત શરૂ કરવાનો નિર્ણય લેવાયો. ત્યાં અધિવેશનમાં જ લડત માટે ઉઘરાણું કરતાં એક લાખ કોરી (કચ્છનું ચલણી નાણું) એકઠી થઈ. તે પછી મહેરઅલી કચ્છના રાવ (રાજા)ને મળ્યા અને પરિષદની માગણીઓ વિષે સમજણ આપી. ત્રણ માસ સુધી પ્રજા બેસી રહે એમ એ ઇચ્છતા નહોતા. એટલે પ્રજાને કામે લગાડવા ખાદી પ્રચાર, હિન્દુ-મુસ્લિમ એકતા, દારૂનાં પીઠાં તથા વિદેશી કાપડની દુકાનો પર ચોકી વગેરે રચનાત્મક કાર્યક્રમો યોજી પ્રજાને તૈયાર કરી. મુંબઈમાં લડત માટે કચ્છી યુવકોની સ્વયંસેવક ટુકડીઓ તૈયાર કરી, તેમને તાલીમ આપી. સુભાષબાબુને બોલાવી મુંબઈના કચ્છીઓની પ્રચંડ સભામાં એમની પાસે ભાષણ કરાવી, સંગ્રામ માટે કચ્છવાસીઓને સજ્જ કર્યા. ત્રણ માસ પૂરા થતાં મહેરઅલી કચ્છ ગયા અને જાહેરસભા ભરવાનું નક્કી કર્યું. સભામાં મહેરઅલી પહોંચે તે પૂર્વે પોલીસોનું ધાડું ત્યાં પહોંચી ગયું હતું અને રાજા તરફી ગરાસિયાઓ કોઈ પણ હિસાબે ત્યાં સભા ન ભરાવા દેવાની અને મારામારી કરવાની પૂરેપૂરી તૈયારીઓ કરી હથિયારો લઈને આવ્યા હતા. પણ મહેરઅલી મક્કમ હતા. શ્રોતાઓની મેદની પણ ત્યાં એકઠી થઈ હતી. મહેરઅલી તથા સભાજનોની અડગતા જોઈને ગરાસિયાઓએ કહેણ મોકલ્યું કે જો સભા બીજા સ્થળે ભરાય તો એ લોકો ડખલ નહિ કરે. મહેરઅલી પણ પોતાની અને લોકોની અહિંસક શક્તિનો પરચો બતાવવાને તત્પર હતા. એમણે જરાય નમતું જોખ્યું નહિ અને આખરે ગરાસિયાઓએ પીછેહઠ કરી. મહેરઅલીએ લડતની હાકલ કરી. પણ લડત શરૂ થાય તે પૂર્વે ગાંધીજીએ દેશી રાજ્યોમાં સંઘર્ષ ન કરવાની સૂચના આપતાં તે લડત શરૂ થઈ શકી નહિ.

૧૯૩૬માં મેરઠમાં કૉંગ્રેસ સમાજવાદી પક્ષનું અધિવેશન ભરાયું. તેમાં એક ઠરાવ દ્વારા મહેરઅલીએ સ્વતંત્ર ભારતનું ચિત્ર રજૂ કર્યું. એમાં બેંકો

તથા ભારે ઉદ્યોગોનું તથા ખાણોનું રાષ્ટ્રીયકરણ, જમીનદારીની નાબૂદી, ખેડે તેની જમીન એ સિદ્ધાંતનું અમલીકરણ, ખેડૂતોની ઋણમુક્તિ, દેશી રાજ્યોની નાબૂદી, મફત પ્રાથમિક શિક્ષણ ઇત્યાદિનો સમાવેશ થતો હતો. સ્વતંત્ર ભારતમાં આ બધા મુદ્દાઓનો અમલ થયો છે, જે મહેરઅલીની ક્રાન્તદર્શિતા દર્શાવે છે. એ જ વર્ષમાં આંધ્ર સમાજવાદી પક્ષના અધિવેશનમાં પ્રમુખ તરીકે તથા ગોધરામાં ખેડૂત પરિષદના પ્રમુખ તરીકે એમણે ખેડૂતોની વિવિધ સમસ્યાઓની છણાવટ કરી અને એ સમસ્યાઓ સ્વતંત્ર ભારતમાં જ ઊકલી શકે તે માટે ખેડૂતોને સ્વાતંત્ર્ય યજ્ઞમાં ઝંપલાવવા જણાવ્યું. બંગાળ કોંગ્રેસ સમાજવાદી પક્ષના અધિવેશનનાં પ્રમુખ તરીકે મજૂરોની અને વિશેષ કરીને બાળમજૂરોની સમસ્યાની છણાવટ કરી તથા મજૂરોના શોષણ વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરવા જણાવ્યું. કોંગ્રેસે જ્યારે ચૂંટણીઓ લડવાનું નક્કી કર્યું ત્યારે મહેરઅલીએ અખિલ ભારત કોંગ્રેસ સમિતિ તથા તેના ખુલ્લા અધિવેશનમાં એનો સખત વિરોધ કરેલો, કારણ કે એમને તો અંગ્રેજ સરકાર સામે સીધું યુદ્ધ જ ખપતું હતું.

૧૯૩૭માં મહેરઅલી મલબાર યુવક પરિષદના પ્રમુખ નિર્વાચિત થયા. એ જેવા મદ્રાસ પહોંચ્યા, તેવો જ એમને પ્રવેશનિષેધનો હુકમ આપવામાં આવ્યો. એનો ભંગ કરતાં એમને છ મહિનાની કેદની સજા ફટકારવામાં આવી. પણ થોડાજ દિવસમાં મદ્રાસમાં કોંગ્રેસ સરકાર રચાતાં મુખ્યમંત્રી રાજગોપાલાચારીએ જાતે જેલમાં જઈને મહેરઅલીને મુક્ત કર્યા.

મુંબઈ ઇલાકામાં વેપારીઓના ગુમાસ્તા તથા દુકાનમાં કામ કરતા કર્મચારીઓની સ્થિતિ દયાજનક હતી. મહિને એક દિવસ એમને અમાસની રજા મળતી. રાત્રે નવ-દસ વાગ્યા સુધી કામ કરવું પડતું. પગારનાં ધોરણો નિશ્ચિત નહોતાં. એમને શોષણમાંથી મુક્ત કરવા મહેરઅલીએ ગુમાસ્તાઓનું સંગઠન રચ્યું હતું અને એમના શોષણની વિરુદ્ધ મોરચો માંડ્યો હતો. ઇલાકામાં કોંગ્રેસ સરકાર રચાતાં એમણે સરકાર પાસે ગુમાસ્તાધારો પસાર કરાવ્યો, જે મુજબ દુકાનના કર્મચારીઓને સપ્તાહમાં એક દિવસ રજા, માંદગી ને અન્ય પ્રસંગે રજાની સંખ્યા, કામના કલાકોનું નિયંત્રણ, વેતનનાં ધોરણો - એ બધું નિશ્ચિત કરાવ્યું, જેથી દુકાન - કર્મચારીઓએ એમનું બહુમાન કર્યું.

૧૯૩૮માં એમણે બે મહત્ત્વની સિદ્ધિ મેળવી. સામ્યવાદી પક્ષને ૧૯૩૪માં સરકારે ગેરકાયદેસર ઠરાવ્યો હતો. એથી સામ્યવાદીઓએ કોંગ્રેસ સમાજવાદી પક્ષમાં ઘૂસી એની દ્વારા એ પક્ષનો કબજો કરવાનું ષડયંત્ર રચ્યું હતું. મહેરઅલીએ તે ષડયંત્ર પકડી પાડ્યું અને કોંગ્રેસ સમાજવાદી પક્ષના લાહોરમાં ભરાયેલા વાર્ષિક અધિવેશનમાં એ ષડયંત્રને ખુલ્લું પાડી સામ્યવાદીઓની પક્ષમાંથી હકાલપટ્ટી કરી, અને જણાવ્યું કે 'સમાજવાદનો ઇજારો કંઈ એકલા સામ્યવાદીઓનો નથી.' આ કારણે કોંગ્રેસનાં વર્તુળોમાં એમની પ્રતિષ્ઠા ખૂબ વધી. એ જ વર્ષમાં અમેરિકામાં વિશ્વ યુવક પરિષદ ભરાવાની હતી. તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે એમની વરણી થઈ હતી. એ પહેલાં લંડન ગયા. ત્યાંના સમાજવાદીઓએ એમનું ભવ્ય સ્વાગત કર્યું. એમના સન્માન સમારંભમા લંડનમાં પ્રસિદ્ધ સમાચારપત્ર 'ટ્રિબ્યૂન'ના તંત્રી પ્રમુખપદે હતા. મહેરઅલીએ આંકડાઓ તથા વિગતો આપી. બ્રિટનની આસુરી સત્તાએ ભારત પર કરેલા અત્યાચારોનું તથા એણે કરેલી દુર્દશાનું વર્ણન કર્યું. વિશ્વ યુવક પરિષદમાં એમણે વિશ્વના યુવાનોને અન્યાય, શોષણ, અત્યાચાર કરનાર શાહીવાદની સામે લડી લેવા જણાવ્યું.

એ અમેરિકાથી પાછા આવ્યા ત્યારે બીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગતા હતા. એથી મહેરઅલી અને બીજા સમાજવાદી નેતાઓ જયપ્રકાશ, ડૉ. લોહિયા, આચાર્ય નરેન્દ્ર દેવ, અચ્યુત પટવર્ધન વગેરે ગાંધીજીને મળવા ગયા અને આવનારા યુદ્ધની તકનો લાભ લઈ સામૂહિક સત્યાગ્રહ શરૂ કરવા એમને કહ્યું; પણ ગાંધીજી પ્રતીકાત્મક વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનું વિચારતા હતા. આથી સમાજવાદી નેતાઓ નિરાશ થયા નહિ. એમણે જોયું કે, ગાંધીજી પૂર્ણાંશે યુદ્ધવિરોધી છે અને વ્યક્તિગત સત્યાગ્રહમાંથી સામૂદાયિક સત્યાગ્રહ તરફ સંક્રમણ થઈ શકે એમ છે. એટલે મહેરઅલીએ વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાવાનું નક્કી કર્યું. બીજા સમાજવાદી નેતાઓ એમની જોડે સંમત નહોતા. નક્કી કરીને, એમણે સત્યાગ્રહના નિયમ અનુસાર મુંબઈના પોલીસ કમિશનરને, પોતે ચંપાગલીમાં યુદ્ધવિરોધી સૂત્રો ઉચ્ચારવાના છે તેની અગાઉથી ખબર આપી, અને ૧૯૪૦ના નવેમ્બરની પાંચમી તારીખે યુદ્ધવિરોધી સૂત્રો ઉચ્ચારતાં એમની જય બોલાવતાં લોકોના ટોળાની વચ્ચે એમને પોલીસે પકડ્યા અને સીધા નાસિક જેલમાં લઈ ગયા. વર્ષે દિવસે એમને છોડવામાં આવ્યા. એમની ધરપકડના વિરોધમાં મુંબઈનાં બધાં મુખ્ય બજારો બંધ રહ્યાં.

એ જેલમાંથી છૂટ્યા ત્યારે ગાંધીજીએ અંગ્રેજોને ભારત છોડીને ચાલ્યા જવા જણાવ્યું હતું. આ વિશે મહેરઅલીએ જેલમાં ઘણું વિચાર્યું હતું. એટલે એમણે 'Quit India' પુસ્તિકા લખી. એને ગાંધીજીના આશીર્વાદ મળ્યા. એ પુસ્તિકા એટલી બધી લોકપ્રિય થઈ કે ચાર મહિનામાં એની છ આવૃત્તિઓ પ્રકાશિત થઈ. આખરે સરકારે એના પર પ્રતિબંધ મૂક્યો.

હવે એમણે એમનું બધું ધ્યાન આવનારી લડાઈને સફળ બનાવવા કેન્દ્રિત કર્યું. સમાજવાદી નેતાઓની સાથે મંત્રણા કરીને પ્રત્યેક પ્રાંતમાં લડાઈને માટે તાલીમ આપવા શિબિરો ચલાવી. એમાં એમને છોટુભાઈ પુરાણી તથા સિરિભાઊ લિમયેએ ઘણી મદદ કરી. 'ભારત છોડો' આંદોલનમાં પહેલે દિવસે બધા નેતાઓ પકડાયા પછી લડત જોરશોરથી ચાલી તેનો યશ મહેરઅલી તથા સમાજવાદી નેતાઓને ફાળે જાય છે.

૧૯૪૧માં આરંભમાં લાહોરમાં ભરાનારા કોંગ્રેસ સમાજવાદી પક્ષના અધિવેશનમાં એ જતા હતા ત્યારે એમની પર પ્રવેશબંધીનો હુકમ બજાવવામાં આવ્યો, જેનો ભંગ કરતાં એમને ગિરફતાર કરી એક વર્ષની સજા કરવામાં આવી. આ એમની છઠ્ઠી જેલયાત્રા હતી. આ જેલવાસ દરમ્યાન એમણે એક અત્યંત રસપ્રદ વ્યંગ પુસ્તિકા 'Trip to Pakistan' લખી. એ સમયે મુસ્લિમ લીગ જોરશોરથી પાકિસ્તાનની માગણી કરતી હતી, અને લાહોર પાકિસ્તાનનું એક મુખ્ય શહેર હતું. એથી જો પાકિસ્તાનની રચના થાય તો એ કેવું હશે તેનું ચિત્રાંકન કરતાં એમણે કહ્યું છે, 'લાહોર જેલમાં ૨૫૦૫ કેદીઓ છે, જે મુંબઈ ઇલાકાની બધી જેલોમાં કેદીઓની કુલ સંખ્યા કરતાં વધારે છે. મુંબઈ ઇલાકાની જેલોમાં ફાંસીની સજાના કેદીઓ બે કે ત્રણ હોય છે જ્યારે લાહોર જેલમાં ફાંસીની સજાવાળા ૩૩ કેદીઓ છે. આ પરથી પાકિસ્તાન રચાય તો એમાં

ગુનેગારોની સંખ્યા કેટલી હશે તેનો અંદાજ આવે.' સમગ્ર પુસ્તિકા આવી હળવી શૈલીમાં જેલમાંના કેદીઓ પાસે સાંભળેલી વાતોને આધારે લખી છે. એની વિશેષતા એ છે કે એમણે વાસ્તવિકતાને આધારે જ પાકિસ્તાન પર વ્યંગ કર્યો છે.

એ લાહોર જેલમાં હતા તે સમયે મુંબઈ નગરપાલિકાના નગરપતિ (મેયર)ની ચૂંટણી થવાની હતી. એમાં કૉંગ્રેસની બહુમતી હતી. કૉંગ્રેસ સમાજવાદી પક્ષના ઉમેદવાર તરીકે મહેરઅલીને પસંદ કરવામાં આવ્યા. કૉંગ્રેસ પક્ષ પણ એ પદ માટે ઉમેદવાર ઊભો રાખવા ઇચ્છતો હતો, પણ સરદાર પટેલ મહેરઅલી જ નિર્વિરોધ ચૂંટાય એમ ઇચ્છતા હતા. એટલે સામે કૉંગ્રેસનો ઉમેદવાર નહોતો. તેથી મહેરઅલી ચૂંટાયા. સરકારે એમને જેલમાંથી મુક્ત કર્યા. લાહોરથી મુંબઈ આવ્યા ત્યારે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર એમનું ભવ્ય સ્વાગત થયું. ૩૯ વયના એ નગરપતિ મુંબઈ નગરપાલિકાના નાનામાં નાની વયના નગરપતિ હતા. નગરપતિ તરીકેના એમના પહેલા ભાષણમાં એમણે જણાવ્યું કે, નગરપાલિકાના કામકાજમાં લાલ-ફીતાશાહી (red tape) વિલંબ કર્યાં કરે તેને એ હરગીઝ બરદાસ્ત નહિ કરે. એની નોંધ લેવાનું અમલદારોને જણાવ્યું. આ ચેતવણીને પરિણામે નગરપાલિકામાં કામકાજ ઝડપથી ચાલવા લાગ્યું. લોકોની ફરિયાદોનો ઝડપી નિકાલ થવા લાગ્યો. મુંબઈના ગવર્નરે એક ભોજનસમારંભમાં મહેરઅલીને નિમંત્રણ આપેલું ત્યારે એમણે એમના ડ્રાઈવરને પણ આમંત્રણ આપવામાં આવે તો જ એ નિમંત્રણનો સ્વીકાર કરે એમ જણાવ્યું. એટલે લાચારીથી ગવર્નરને એમની એ માગણી સ્વીકારવી પડી. ગાંધીજી ૯મી ઑગસ્ટની ઐતિહાસિક અખિલ ભારત કૉંગ્રેસ સમિતિની બેઠકમાં હાજરી આપવા મુંબઈ આવ્યા ત્યારે નગરપતિ તરીકે મહેરઅલીએ નગરપાલિકા તરફથી એમનું સ્વાગત કરેલું.

નવમી ઑગસ્ટે બધા નેતાઓની સાથે મહેરઅલીને પણ ગિરફતાર કરવામાં આવ્યા. બધા પકડાયેલા નેતાઓને એક ખાસ ટ્રેનમાં પૂના લઈ જવાના હતા. મહેરઅલી જે ડબ્બામાં હતા તેની પડખેના ડબ્બામાં ગાંધીજી અને બીજા નેતાઓ હતા. મહેરઅલી તેમને મળવા જતા હતા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા. ત્યારે મહેરઅલીએ કહ્યું, 'તમે મુંબઈના મેયરને અટકાવો છો? હું કંઈ નાસી જતો નથી. મહાત્માને મળવા જાઉં છું.' મહેરઅલીના ઊંચા અવાજથી પોલીસ ડરી ગઈ ને એ ગાંધીજીને મળીને પાછા પોતાના ડબ્બામાં આવ્યા.

યરવડા જેલમાં એમણે જેલમાંથી ભાગવાની યોજના ઘડી હતી, પરન્તુ છેવટે એક સાથી ઢીલો પડતાં એ યોજના બર આવી નહિ.

યરવડા જેલમાં એમની તબિયત લથડી. હૃદય નબળું પડ્યું. એમને સારવાર માટે મુંબઈની આર્થરરોડ જેલમાં ખસેડવામાં આવ્યા. તે વખતે આ લખનાર પણ આર્થરરોડ જેલમાં હતો. 'ભારત છોડો' આંદોલનના ભૂગર્ભમાં રહીને આ લખનારે પણ કામ કરેલું અને ઉત્તર ભારતમાં ફરેલો છે. એથી મહેરઅલીએ જેલની ઓરડીમાં આ લખનારની સાથે રહેવાનું પસંદ કર્યું અને આંદોલન વિષે બધી માહિતી મેળવી. સવાર સુધી અમે વાતો કરી ત્યારે મને ખબર પડી કે ભારતીય સંસ્કૃતિનું એમણે ઘેરું અધ્યયન કર્યું છે. ઉપનિષદો, બુદ્ધનું તત્ત્વજ્ઞાન, શિલ્પ, સ્થાપત્ય એ બધા વિષે એ નિષ્ણાતની જેમ વાતો કરતા હતા. એમને પૂછતાં એમણે જણાવેલું કે વિવેકાનંદ, હેવલ, કુમારસ્વામી, ટાગોર એ બધાનાં પુસ્તકો એમણે વાંચેલાં. એટલું જ નહિ પણ વર્ષે એકવાર એ રમણ મહર્ષિના આશ્રમમાં જતા અને એમને પોતાની શંકાઓ જણાવી એનું સમાધાન મેળવતા. એમની આ માંદગી ગંભીર છે, એવો ડૉક્ટરનો અભિપ્રાય આવતાં એમને છોડવામાં આવ્યા, પણ એ પછી તો એ સાત વર્ષ જીવ્યા !

એમણે ભારતના વિભાજનનો સખત વિરોધ કરેલો. એમણે કહેલું કે 'જ્યાં સુધી ભારત અને પાકિસ્તાન એક ન થાય ત્યાં સુધી આપણું સ્વાતંત્ર્યયુદ્ધ પૂરું થયું ન ગણાય.' એ એટલા લોકપ્રિય હતા કે મુંબઈ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિની કારોબારીની ચૂંટણીમાં તથા અખિલ ભારત કૉંગ્રેસ સમિતિની ચૂંટણીમાં એ પ્રચંડ બહુમતિથી ચૂંટાયેલા ત્યારે એમના હરીફ મુંબઈ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિના મંત્રી ગણપતિશંકર દેસાઈએ કહેલું, 'મારી પત્નીએ પણ મને નહિ મહેરઅલીને મત આપેલો.'

સ્વતંત્રતાપ્રાપ્તિ પછી મુંબઈની વિધાનસભાની ચૂંટણીમાં વિનાવિરોધ તેઓ ચૂંટાયેલા. વિધાનસભાની બેઠકમાં જ્યારે ઉદ્‌ઘાટન-ભાષણ માટે રાજ્યપાલનો આભાર માનવાનો ઠરાવ રજૂ થયો ત્યારે એમણે કહેલું, 'રાજ્યપાલ તો મુખ્યમંત્રીએ તૈયાર કરેલું ભાષણ વાંચી ગયા. તેમાં એમનો આભાર માનવાનો હોય નહિ; એટલે એમ ઠરાવ કરીએ કે રાજ્યપાલ બહુ જ મજાના માણસ છે.'

સરકારે ૧૯૫૫માં જમીનદારી નાબૂદ કરવાનું ઠરાવ્યું હતું. પણ ૧૯૫૦માં જમીનદારી નાબૂદ કરીને જમીનદારોને વળતર આપવાનો ઠરાવ આવ્યો ત્યારે કેટલાક સભ્યોએ પાંચ વર્ષ પહેલાં જમીનદારી નાબૂદીનો વિરોધ કર્યો. એ વખતે મહેરઅલીએ કહેલું, 'હમણાં જે મળે છે તે ચૂપચાપ લઈ લો. પાંચ વર્ષ પછી સમાજવાદીઓની સરકાર આવશે તો એ પણ નહિ મળે.'

હવે મહેરઅલીની હૃદયની બીમારી વધતી ગઈ. એમને ડૉ. જશાવાળાના નર્સિંગ હોમમાં દાખલ કરવામાં આવ્યા. એમને લાગ્યું કે હવે મૃત્યુ નજીક આવી રહ્યું છે ત્યારે એમણે ઘેર જવાની જીદ પકડેલી, કારણ કે નર્સિંગ હોમમાં મૃત્યુ થાય તો જશાવાળાની પ્રતિષ્ઠાને ધક્કો લાગે. એ ઘેર ગયા પછી હું તથા મારી બહેન ઉષા એમને મળવા ગયાં. ત્યારે એમણે નિર્વાણ વિષેની હિન્દુ તથા બૌદ્ધ ધર્મની વિચારધારાના ભેદ વિષે વાતો કરેલી. એ ત્યારે ય બિલકુલ સ્વસ્થ અને ખુશમિજાજમાં હતા. ૧૯૫૦ની બીજી જુલાઈએ એમણે ચિરવિદાય લીધી. એમના મૃત્યુ વખતે જયપ્રકાશ એમની પાસે હતા. મૃતદેહને કૉંગ્રેસ હાઉસના જીન્નાહૉલમાં લઈ જવામાં આવ્યો. એને ત્રિરંગી ઝંડામાં વીંટવામાં આવ્યો અને તે પછી જે અંતિમ યાત્રા નીકળી એ ભવ્ય હતી. એ યાત્રામાં મોરારજીભાઈ, જયપ્રકાશ, અચ્યુત પટવર્ધન, ડૉ. રામમનોહર લોહિયા, અશોક મહેતા, સદોબા પાટીલ, ડૉ. જીવરાજ મહેતા, એસ. એમ. જોષી તથા મજૂરો, ગુમાસ્તાઓ, ઉચ્ચ, મધ્ય અને નિમ્ન વર્ગની અખૂટ મેદની હતી !

સુડતાલીસ વર્ષની વયમાં એમણે અર્ધી જિંદગી રાષ્ટ્રોદ્ધારમાં સમર્પી. દેશના મુક્તિયજ્ઞમાં સાત વાર એમણે જેલયાત્રા કરી. યુવાનોમાં અજબ યુયુત્સા પ્રેરી. આમ, એમણે ઇહજીવન સાર્થક કર્યું. તેમની યાદ આજે તાજી કરીએ. ☐

આનંદની એક ક્ષણ

લીના કાપડિયા

શ્યામલીનો નિ:શ્વાસ સાંભળી અમરે એની સામે જોયું.

'શું થયું ?' એણે પૂછ્યું.

'સરસ પ્રોગ્રામ હતો.' શ્યામલીએ કહ્યું.

'તો તેં નિ:શ્વાસ કેમ નાખ્યો ?'

'કાશ, હું આમ ગાઈ શકતી હોત.'

અમરે ગાડી સ્ટાર્ટ કરી. સુંદર રાતને એ માણી રહ્યો. સરસ ઑરકેસ્ટ્રા હતી. કેટલાંય શાસ્ત્રીય જૂનાં ગીતો પણ ગવાયાં. એની સૂરાવલી હજી અમરને તરબોળ કરી રહી હતી.

'તું પણ સારું ગાય છે.' એણે શ્યામલીને કહ્યું.

'મને પણ સ્ટેજ પર ગાવાની એક તક મળે તો.'

'એવી તક ન મળે તો નિજાનંદ માટે ગાવું.'

'પણ પોતાની ઓળખ સ્થપાય એ કોને ન ગમે ?'

'એ તો છે જ. તું પણ પ્રયત્ન કરે તો તને પણ તક મળે.' અમરે શ્યામલીને પ્રોત્સાહન આપ્યું.

શ્યામલીએ પ્રયત્નો શરૂ કર્યા. એનો અવાજ સારો હતો, પરંતુ સ્ટેજની દુનિયામાં માત્ર એ જ પૂરતું ન હતું. કેટલાં લોકોની કેટલી યે ઓળખાણ પછી એને એક નાની-શી ઓરકેસ્ટ્રામાં એક ગીત ગાવાની તક મળી. પુરસ્કાર તો કાંઈ મળવાનો ન હતો, પણ શ્યામલી ખુશ હતી. અમર એની મહત્ત્વની મીટિંગ રદ કરીને શ્યામલીનો પ્રોગ્રામ જોવા ગયો. એના ગીતને પ્રતિસાદ પણ સારો મળ્યો. અમરને હતું કે શ્યામલી ખુશીથી નાચતી હશે, પરન્તુ એ એટલી બધી ખુશ ન હતી. 'આખા પ્રોગ્રામમાં મારો તો નામોલ્લેખ પણ ન હતો,' એણે કહ્યું.

*

કેટલો સમય વીતી ગયો એ વાતને ! કેટલાં ય ગીતો એણે પુરસ્કાર વિના ગાયાં ત્યારે એક વખત એને સામેથી નિમંત્રણ મળ્યું હતું, '૧૦મી જાન્યુઆરીએ અમારો પ્રોગ્રામ... સ્થળે છે. તમને... પૈસા ચૂકવવામાં આવશે.' શ્યામલીએ થોડો હાશકારો અનુભવ્યો હતો કે સંગીતની દુનિયામાં એનો પગપેસારો થયો હતો.

'ચાલ, તારી મહેનત પરમાણ પડી. આખરે તારા અવાજની કિંમત તો થઈ.' અમરે કહ્યું.

'ઠીક હવે. બીજાં આર્ટિસ્ટની સરખામણીએ મને ખૂબ ઓછા પૈસા ચૂકવવાના છે.'

'પણ તને સ્ટેજ પર ગાવાનો શોખ હતો; તારી એક ઓળખ સ્થપાય એવી ઇચ્છા હતી એટલે ગાવું હતું ને ? તો પછી પૈસાની શા માટે ચિંતા કરે છે ?'

'ઓળખ તો ત્યારે સ્થપાઈ કહેવાય ને કે જ્યારે મારા નામથી લોકો ખેંચાઈ આવે ?'

'એ તો છે.' અમરે કહ્યું.

શ્યામલીનું જીવન હવે વધુ ઝડપી બની ગયું. સંગીતના ક્લાસ, રિયાઝ, સંબંધ સ્થાપિત કરવા અને પ્રોગ્રામ આપવામાં એનો સમય એટલો ઝડપથી દોડવા માંડ્યો કે ક્યારેક એ અકળાઈ જતી. અમરે ઑફિસમાંથી દસ દિવસની રજા લઈ 'સાઉથ' બાજુ ફરવા જવાનો પ્રોગ્રામ ઘડ્યો. આવવા-જવા અને રહેવાનો ખર્ચો ઑફિસ તરફથી મળવાનો હતો.

'ચાલ,' એણે એક દિવસ શ્યામલીને કહ્યું, 'આપણે થોડું ફરી આવીએ. તારે ફ્રેશ થવાની જરૂર છે.'

'હમણાં તો એ શક્ય નથી,' શ્યામલીએ કહ્યું, '...હા, એક ઑડિયો કસેટ બહાર પાડવાની છે.'

'ક્યારે છે એનું રેકૉર્ડિંગ ?'

'બે મહિના પછી.'

'તો પછી હમણાં કેમ ન જવાય ?'

કેટલી હરીફાઈ છે તેની ખબર છે ? હું જો સતત સંપર્કમાં ન રહું તો પેલા લાગ જોઈને ઘૂસી જાય અને હું ક્યાં ય ફેંકાઈ જઉં.'

'તું બહુ ટેન્શનમાં રહે છે, શ્યામલી,' અમરે કહ્યું.

'તને ખબર નથી આ ક્ષેત્રમાં કેવાં લોકો છે. બધાં એકમેકનો પગ ખેંચવામાં માને છે. કોઈ કોઈને...' એની વાત વચ્ચેથી કાપતાં અમરે કહ્યું, 'પણ તું શા માટે એ કીચડમાં પડે છે ?'

'મારે આગળ આવવું છે.' શ્યામલીએ કહ્યું.

શ્યામલીને એણે શા માટે ગાવું હતું એ યાદ કરાવવાનું અમરને મન થયું. એને તો બસ થોડો આનંદ જોઈતો હતો. લોકો એના અવાજને સાંભળે, પ્રશંસા કરે અને એ અવાજમાં ભીંજાય એટલો જ એનો હેતુ હતો; પણ હવે એ રાહ પર ચાલતાં એ આ ઉદ્દેશ ભૂલી ગઈ હતી એવું અમરે શ્યામલીને સમજાવવું હતું... પણ શ્યામલીને જવાનું મોડું થતું હતું.

*

ત્રણ મહિના પછી એક દિવસ રડમસ અવાજે શ્યામલીએ અમરને કહ્યું કે કસેટમાં એનાં બે જ ગીતો હતાં. એણે આ કસેટ પર કેટલો બધો મદાર રાખ્યો હતો અને કેટલી મહેનત કરી હતી ! પાંચ ગીતોનું તો રેકૉર્ડિંગ પણ થયું હતું. પણ પછી કસેટમાં બે જ ગીતો લેવાયાં હતાં.

'અચ્છા ! એ કસેટ બહાર પડી ? તારો અવાજ એમાં છે ?' અમર ખુશ થઈ ગયો.

'બે જ ગીત છે.'

'તો શું થયું ? તને કેટલી ઇચ્છા હતી કસેટ દ્વારા તારો અવાજ ઘેર-ઘેર પહોંચે એની. તારી ઇચ્છા ફળીભૂત થઈ !'

'પણ...'

'પણ શું શ્યામલી ? તને ખબર છે તું શું કરી રહી છે ? તું ખુશીની ક્ષણોને પકડતી નથી. એને સરવા દે છે. તેં પ્રથમ ગીત ગાયું, પ્રથમ વાર તાળીઓના ગડગડાટ, પહેલી વાર મળેલા પૈસા. તું કાંઈ માણતી નથી. આપણે સ્વપ્નાંઓ સેવ્યાં હોય, આશા બાંધી હોય - એ બધાં નાનાંનાનાં સ્વપ્નાંઓ સાકાર થાય ને આનંદના રંગબેરંગી ફુવારા ઊડે એ બધા ફુવારા તરફ તું નજર પણ નથી નાંખતી. શ્યામલી, તો શું અર્થ છે તારાં સ્વપ્નાંઓનો ?'

'ખુશી તો મને જોઈએ છે,' શ્યામલીએ કહ્યું, 'હું જ્યારે મારા નિર્ધારિત મુકામે પહોંચીશ ત્યારે હું જરૂર ખુશ થઈશ.'

અમરને ખબર હતી કે નિર્ધારિત મુકામ તો હંમેશાં બદલાયા કરે છે, અને સુખની ક્ષણો છટકતી જાય છે. પણ શ્યામલી હમણાં એ સત્ય સમજવાની ન હતી. એ સત્ય સમજવા એના મુકામે એણે પહોંચવું જ પડે એમ હતું. પછી ભલે એના માટે ગમે તેટલું કષ્ટ વેઠવું પડે.

પોતાનાં બે જ ગીતો આવવાને કારણે શ્યામલી ખૂબ નર્વસ થઈ ગઈ હતી. પોતાની જાતને પુરવાર કરવા, પોતાનું ચઢિયાતાપણું બતાવવા એ આ રેટ-રેસમાં વધુ ઝડપથી દોડવા માંડી. એ જીવનની બીજી બાબતો પરત્વે બેધ્યાન બનવા માંડી. અમર માટે ગરમ નાસ્તો બનાવવો કે પોતાના હાથે મહેંદી મૂકવી, મિત્રની બર્થ-ડેમાં કાર્ડ મોકલવું કે મમ્મી સાથે ફોન પર વાતો કરવી - આ બધું હવે અશક્ય બનતું જતું હતું. એ આ મજા ખોઈ રહી હતી.

*

'**શ્યા**મલી, સતીશ પરમ દિવસે આવે છે એવો પત્ર હતો.' અમરે એક દિવસ આનંદિત થઈને કહ્યું. સતીશ શ્યામલીનો મોટો ભાઈ અને અમરનો બાલમિત્ર હતો.

'પણ...' શ્યામલીના આ 'પણ'નો મતલબ અમર સમજી ગયો.

'તું ચિંતા નહીં કરતી. હું સંભાળી લઈશ.' અમરે કહ્યું.

અમર બહુ ખુશ હતો. પાંચ વર્ષ પછી એ એના મિત્રને મળવાનો હતો. એ ખુશીમાં જ એણે બે દિવસમાં ઑફિસનું કામ નિપટાવી લીધું. શનિવારે 'હાફ-ડે'માં ગુટલી મારીને પંચગીની જવાનો એનો પ્લાન હતો.

આખરે શુક્રવાર આવ્યો. અમર સતીશને ઍર-પોર્ટ લેવા ગયો. બંને ભેટી પડ્યા.

'બહુ મન થયું છે તમારાં બંનેની સાથે રહેવાનું' સતીશે કહ્યું.

'હું તો હાજર છું.' અમરે કહ્યું, 'એની ખબર નથી.' ઘરે આવ્યા ત્યારે શ્યામલી હજી આવી ન હતી. અમરે આમ્લેટ અને કૉફી બનાવ્યાં.

'મજા આવી ગઈ.' સતીશે કહ્યું, 'બહુ વખતે બેચલર લાઈફ મળી. તારા હાથની આમ્લેટ કેટલા વખતે ખાધી !'

'આ આમ્લેટમાંથી જ મારી અને શ્યામલી વચ્ચે પહેલી તકરાર થઈ હતી.'

'અરે, હા. તને યાદ છે...' અને સતીશે યાદોના ઢગલા ખડકી દીધા.

હસતાં હસતાં બેવડ વળી જતાં અમરે કહ્યું, 'હંઅઅ, ત્યારે બહુ મજા આવીં'તી' અને પછી અચાનક ગંભીર થઈ જતાં ઉમેર્યું, 'ત્યારે મજા કરવા સફળતાની જરૂર નં'તી પડતી.'

'સાચી વાત છે.' સતીશે કહ્યું.

બીજા દિવસે બંને પંચગીની ગયા. શ્યામલીને ટી.વી.ના પ્રોગ્રામ માટે રેકોર્ડિંગ હતું. ઘેરાયેલાં વાદળો અને ઝરમરતા વરસાદમાં ટેબલ-લૅન્ડનું સૌંદર્ય જુદું જ હોય છે. આ માણતા બંને જણ ઊભા રહ્યા.

'પહેલી વખત રીટા, હું, તું અને શ્યામલી ચાર જણ પંચગીની આવ્યાં હતાં.' સતીશે કહ્યું.

'હા. રીટાને કેટલું કીધું પણ એણે ઘોડેસ્વારી નં'તી કરી. એને બીક લાગતી હતી.'

'હા. એ તો આ પાછલા રસ્તેથી ઊતરતાં પણ ડરતી હતી. શ્યામલીએ એના પર થોડી બળજબરી કરી હતી.'

'સરસ ગીત ગાયું હતું એ દિવસે શ્યામલીએ.'

'એનો અવાજ ! આ ઝાડીઓ અને આકાશ બધું એકરૂપ બની ગયું હતું.'

'હવે એ એવું સરસ નથી ગાતી. એનો અવાજ તો રિયાઝથી વધુ કેળવાયો છે પણ... એવી ક્ષણો, એ માત્ર પોતાના માટે ગાવાનો આનંદ... એ સુંદરતા અને મધુરતા હવે નથી રહી.'

'હવે તો એ નામ કમાઈ રહી છે.' સતીશે બહેન પ્રત્યે ગર્વ અનુભવતા કહ્યું'

'વાંધો એનો નથી. પણ સંતોષ તો હોવો જોઈએ ને ?'

'સંતોષ તો, અમર, જે દિવસે માણસને થઈ જાય તે દિવસે એની પ્રગતિ અટકી જાય.'

અમર ચૂપ રહ્યો. સતીશ સાથે વાદવિવાદ કરવાનો અર્થ ન હતો. સતીશને શ્યામલીના ગાંડપણનો અથવા તો કહો કે અસંતુષ્ટતાનો અંદાજ ન હતો.

ખૂબ મજા કરીને, ખૂબ ફરીને, બચપણને ખૂબ યાદ કરીને બંને જણ ચાર દિવસે પાછા ફર્યા ત્યારે શ્યામલીએ સરસ સમાચાર આપીને બંનેને ખુશ કર્યા. એને પિક્ચરમાં ગાવાની તક મળી હતી. 'અરે, વાહ,' અમરે કહ્યું, 'તું આખરે તારા મુકામે પહોંચી ખરી !'

'કેટલાં બધાં વર્ષે !' શ્યામલીએ કહ્યું. સતીશને તો બીજા જ દિવસે નીકળી જવું હતું પણ અમરે આગ્રહપૂર્વક રોકી રાખ્યો.

'રહી જા ને,' એણે કહ્યું, 'ફરી ક્યારે નીકળાશે ?' આ ત્રણેક દિવસ દરમ્યાન સતીશે અમર અને શ્યામલીનું જીવન જોયું. શ્યામલીની દોડધામ, શ્યામલીની ફરિયાદો, અમરની સ્વસ્થતા બધું એણે જોયું.

ચોથા દિવસે શ્યામલીનું રેકોર્ડિંગ હતું.

પ્રથમ પિક્ચરના ગીતનું રેકોર્ડિંગ ! (અનુસંધાન પાન ૩૩૪ ઉપર)

રંગભૂમિની ભાષા-૧

હસમુખ બારાડી

"દિગ્દર્શકે" થોડું સંગીત સાંભળ્યું, નટમંડળી પાસે એને સુસંગત લચીલી મુદ્રાગતિ આપી, ચિત્રો ઊભાં કર્યાં; તેણે પોતાનો અર્થ એમાં વ્યક્ત કર્યો; એ ત્રણ-ચાર ટુકડાઓમાં વિવિધ ભાવો હતા. એણે "લેખક"ને બતાવ્યા, લેખકે એમને જોડતી આછી કથા આપી. "દિગ્દર્શકે" એને માટે નવું સંગીત વિચાર્યું/ શોધ્યું, એને અનુરૂપ નૃત્યમુદ્રાધ્વનિઓ સર્જ્યાં, એમાં બીજા "દિગ્દર્શક"ની પણ સહાય હતી. થોડું 'નટો' પર છોડવામાં આવેલું. "અહીં મારે આ ભાવ વ્યક્ત કરવો છે. અહીં આ ઉદ્દેશ છે," દિગ્દર્શકે તેઓને કહેલું. વિવિધ આકારો ઊભા કરવા બધા નટો પર મોટા વસ્ત્રનું આવરણ કર્યું. પ્રકાશથી રંગછાયાનાં દૃશ્યો અને નવી જગ્યા (સ્પેસ) ઊભી થઈ. ફરી "લેખક" સંડોવાયો: કથા, પાત્રાલેખન સ્પષ્ટ થયાં, દિગ્દર્શકે જે જરૂરી કામચલાઉ શબ્દો/વાક્યો નટો પાસે બોલાવી લીધાં હતાં એને, આખા 'પ્રવાહને' ધ્યાનમાં લઈ, નાટ્યાત્મક અર્થઊંડાણવાળાં શબ્દો/વાક્યો/ઉચ્ચારો સંવાદ જેવાં રચી આપ્યાં. સંગીત/નીરવતા આ સમગ્ર નાટ્યની ક્રિયા અને સમય નક્કી કરે છે, છતાં દરેક વૃંદ કે નટની સામૂહિક અને વ્યક્તિગત સર્જનાત્મક મુક્તિ ઝૂંટવાઈ નહીં. દર વખતનાં કમ્પોઝિશન્સ અવનવીન બને છે. લેખકે પણ જે દસેક જેટલાં શબ્દો અને વાક્યો આપ્યા છે એમાંય અત્યંત લાઘવ, અર્થઊંડાણ, અનિવાર્યતા, સૂચકતાનો ખ્યાલ રાખવો પડ્યો છે. નૃત્ય-સંગીત- ઉચ્ચારો-આકારો-ગતિ-ચિત્રો પછી 'શબ્દે' જન્મ લીધો છે; છતાં લેખક માત્ર સંવાદલેખક જ બની રહ્યો નથી. દિગ્દર્શકે પ્રાથમિક દિશા ચીંધી, એણે નટમંડળીને સંગીત અનુસાર મુદ્રાગતિ આપી. છતાં અનેક સ્થળે કમ્પોઝિશન્સમાં મુક્તિ મળી અને અમુક ગતિમાં નટોએ દર્શાવેલી વૈકલ્પિક સ્થિતિરચનાઓમાંથી અભિવ્યક્તિશીલ ગતિ દિગ્દર્શકે પસંદ કરી છે, લેખકે પ્રાથમિક મુદ્રાગતિને અર્થ, એની કથા/અર્થઘટન શક્યતાઓ વિસ્તારી, પાત્રો ઉપસાવ્યાં, (માત્ર ઉદ્દેશો કહ્યા, એને દિગ્દર્શક/નટોએ મુદ્રાગતિમાં વ્યક્ત કર્યા), શબ્દો/સંવાદો તો સંગીત/વાદ્યના "સાઉન્ડ ટ્રેક"ના ભાગરૂપે હતા. અલબત્ત, એને અર્થઊંડાણ લેખકે આપ્યું. પ્રકાશ-આયોજકને કન્સેપ્ટ સિવાય, આયોજનમાં સ્વતંત્રતા હતી; વેશભૂષા દિગ્દર્શકે ખુદ કરી હતી. (અહીં દિગ્દર્શિકા મન્વીતા બરાડી, લેખક પોતે, નાટક "અનંત ગાથા"- ૧૯૯૨.)

આ સદીના પ્રારંભે રૂસી દિગ્દર્શક વ્સેવોલોદ મેયરહોલ્ડે લેખકોને કહેલું: મને પહેલાં સંવાદો નહીં, તમારી નાટ્યકથાનો ઉદ્દેશ (લેઈટ મોતિફ) આપો, નિર્ણાયક વળાંકો સમજાવો, પાત્રો આપો; સંવાદો હું કહું ત્યારે લખજો - પણ એ શું અને કેટલા, એ તમને ઉચિત રીતે નટોની સ્થિતિગતિ પછી જ સમજાશે !

"હેન્રિક ઇબ્સનના "ધ ઘોસ્ટ્સ" નાટકને મારે માત્ર "પડછાયા અને પ્રકાશના ગીતિકાવ્ય"ની જેમ તખ્તે રજૂ કરવું છે, કદાચ ઇબ્સને એને એ રીતે જ લખ્યું છે", એવું પ્રાયોગશીલ દિગ્દર્શક અને પ્રકાશ-આયોજક એડોલ્ફ આપિયાએ, ઇબ્સનના એ "વાસ્તવવાદી" ગણાતા નાટકની પ્રસ્તુતિ વિશે કહ્યું હતું !

શેક્સપિયરના નાટક "હેમ્લેટ"ને રૂસી દિગ્દર્શક લ્યુબિમોવે અનેક પરિવર્તનો સાથે રજૂ કર્યું. (વિગતે જુઓ 'કુમાર' ઑક્ટોબર '૯૨), અન્તોન ચેહફે "દરિયાઈ પંખી" (સીગલ) નાટકની એક રજૂઆતમાં એક દિગ્દર્શકે પંખીને ગોળીએ ન વીંધ્યું એ માન્ય રાખ્યું હતું. બર્ટોલ્ટ બ્રેખ્તને પોતાના નાટકના દિગ્દર્શન વખતે કહેલું : પૂળો મૂકો મારી સ્ક્રિપ્ટના શબ્દોમાં, આ દૃશ્યના મુદ્દાનો 'અભિનય' કરવા મુદ્રાગતિસ્થિતિના વિકલ્પો મને આપો, ને શબ્દો જોઈશે તો હું નવા પણ લખી આપીશ ! - કે તમને બિનજરૂરી લાગશે તે રદ કરી દઈશ ! અત્યારે હું "નાટક લખવા" નથી બેઠો. "થીએટર કરવા" બેઠો છું."

સેમ્યુઅલ બેકેટે જર્મનીમાં પોતાનાં નાટકોનું નિર્માણ કર્યું ત્યારે પોતાના રંગનિર્દેશો (સ્ટેજ ડિરેક્શન્સ) મુજબ જ પાત્રગતિ નહોતી નક્કી કરી, ક્યાંક સંવાદો ઘટાડ્યા/વધાર્યા હતા. નાટ્યકાર વિજય ટેન્ડુલકર દિગ્દર્શક જબ્બાર પટેલની વાત ધ્યાનથી સાંભળે છે. "આખું આયખું ફરથી" નાટક મેં દિગ્દર્શક જનક રાવળ સાથે ચર્ચા કરતાં કરતાં જ લખ્યું હતું. "રાઈનો પર્વત" નાટકનો મંચનલેખ ને મારું "રાઈનો દર્પણરાય" એની તદ્દન બે અલગ રજૂઆતો થઈ. (અદિતિ અને પી.એસ. ચારી દ્વારા), લેશ પણ "શબ્દો" બદલ્યા વિના. જ્યારે કવિ કાન્તે જૂની મુંબઈ ગુજરાતી રંગભૂમિના દિગ્દર્શકોએ સ્ક્રિપ્ટ (જાલિમ જુલિયા)માં થોડા ફેરફાર સૂચવ્યા ત્યારે હાથમાં ધોકો લીધાનુંય આપણા થીએટર-ઇતિહાસમાં નોંધાયું છે !

"આપણે જે કંઈ બોલીએ/કરીએ છીએ એ તો મનમાં ચાલતા આંતરિક સંવાદનો લગભગ દસમો ભાગ જ હોય છે; લેખકના એવા સંવાદોનો નિહિત ભાગ (સબ-ટેક્સ્ટ) નટ-દિગ્દર્શકે સમજીને, એને અર્થવાહી બનાવીને, એ પાત્રનું 'સમગ્ર જીવન' પ્રસ્તુત કરવાનું હોય છે." (- સ્તાનિસ્લાવ્સ્કી, "એન એક્ટર પ્રિપેર્સ").

જાણીતા બંગાળી નાટ્યકાર (અને દિગ્દર્શક પણ) શ્રી બાદલ સરકાર કહે છે, 'હું હવેથી ('સરઘસ' નાટક, ૧૯૭૦થી) નાટક 'લખતો' નથી,

"બનાવું/સર્જું" છું, નટો મારી સામે હોય ત્યારે એમની સાથે કામ કરતાં. મારાં નવાં નાટકો તો મેં (પ્રથમ) ભજવેલી કૃતિઓનો મુદ્રણયોગ્ય વાચ્યપાઠ જ છે પુસ્તકનાં પૂઠાં વચ્ચે !

વૈકલ્પિક રંગભૂમિનાં અનેક નાટકોમાં 'કરવાનું' ઘણું હોય છે, પણ 'કહેવાનું' ઓછું હોય છે, કારણ કે ઘણે સ્થળે દિગ્દર્શકનો આતંક પ્રવર્તે છે ત્યાં લેખક/નટ ઝૂકી ગયો છે. તેઓએ ફિલ્મના માધ્યમનું ઉદાહરણ લીધું છે. (કેન્દ્રીય સંગીત નાટક અકાદમીના ભોપાલ ખાતેના સેમિનારમાં શ્રી અશોક બાજપેયીનું નિરીક્ષણ, ૧૯૮૯).

ફિલ્મના માધ્યમ (૧૮૯૫)માં આ સદીના પ્રારંભે દિગ્દર્શકનો ઉદય થયો એ પહેલાં તખ્તે ૧૮૭૦ની આજુબાજુ મેનનજીન અને પછી સ્તાનિસ્લાવ્સ્કી (૧૮૯૦) વગેરે દિગ્દર્શકો તરીકે આવ્યા હતા; છતાં થીએટર નટનું જ માધ્ય ગણાય છે, નૃત્ય અને સંગીતની જેમ જ. એ માટે "જીવંત પ્રસ્તુતિનું તત્ત્વ" નિર્ણાયક છે.

આટલો આ 'કોલાજ' થીએટરની ત્રણ ભૂમિકાઓ - નટ, દિગ્દર્શક, લેખક - ને સમજવાના પ્રયત્ન માટે મૂક્યો છે. આ મુદ્દો બહુચર્ચિત છે, કોઈ અંતિમ વિધાન થયું નથી, કદાચ શક્ય પણ નથી. ૧૯૮૦માં શ્રી બાદલ સરકાર અમદાવાદ આવ્યા ત્યારે સરોજિનીબહેન હઠીસિંગને ત્યાં ગોઠવેલા આતિથ્યમાં સ્વ. ઉમાશંકરભાઈએ પણ પ્રશ્ન કર્યો હતો : "વર્ડ કન્સ્ટ્રક્ટ" અને થીએટર કેવી રીતે એકરૂપ થાય, અથવા તમે કેવી રીતે કરો છો ?"

- કારણકે "થીએટરની ભાષા" (ગુજરાતી, હિન્દુ નહીં) જુદી છે, ઉમાશંકરભાઈ સુરેખ એકાંકી લખી શકે, એનો 'અભિનય' કરી/કરાવી ન પણ શકે; નટ-દિગ્દર્શક હોવા છતાં શિવકુમાર એવું સુરેખ લાંબું નાટક આપી શક્યા નથી. ટેન્ડુલકર/મોહન રાકેશે નાટકોનું દિગ્દર્શન કર્યું નથી; શ્રીરામ લાગૂએ નાટક લખ્યું નથી; દિગ્દર્શક સ્વ. જશવંત ઠાકર કે નટ મારકંડ ભટ્ટેય નથી લખ્યું. બાદલ સરકાર બન્ને કરે છે, તો એમનાં નાટકોમાં લેખન, અભિનય, કઈ રીતે જુદાં પડે છે ? કઈ ભૂમિકા કોણ ક્યારે ભજવે છે, કોણ ક્યાં અટકી જાય છે - ટૂંકમાં આ થીએટરની ભાષા શું છે ? લેખક એના નાટ્ય-આલેખમાં બધું કહી કે/શક્યો હોય છે ? દિગ્દર્શકનો મંચન-આલેખ મૂળ વાચ્ય કૃતિને કેટલો વફાદાર હોય/હોવો જોઈએ ? આ વફાદારી અને નટ-દિગ્દર્શકની સર્જનાત્મકતા શું છે ? નટ સંપૂર્ણપણે કઠપૂતળીની જેમ જ દિગ્દર્શકને ઇશારે નાચે છે ? લેખક 'અભિનેય' શબ્દ ન આપે તો શું ? "કવિનો પવિત્ર શબ્દ" એટલે શું ? નટ-દિગ્દર્શક યુરોપીય સંગીતના કન્ડક્ટરની જ માત્ર ભૂમિકા ભજવે છે ? એ થીએટરની પોતાની ભાષા દ્વારા એના દરેક અંગને વિશિષ્ટ સંજ્ઞા નથી આપતા ? A chair on the stage is a stage-chair !'અનંતગાથાનું' મોટું વસ્ત્ર તો આસુરી પરિબળો માટે બંધનનું પ્રતીક બની રહ્યું છે...

ગ્રીક લેખકો સોફોક્લીસ, યુરિપીડિસ જાતે નાટકોનું દિગ્દર્શન કરતા. સંસ્કૃત પ્રણાલિમાં સૂત્રધાર મુખ્ય નટ હતો; પણ કાલિદાસે દિગ્દર્શન કર્યાનું નોંધાયું નથી, (કદાચ ભાસ મુખ્ય નટ હતો.) જૂની રંગભૂમિમાં સંવાદો/ગીતોનો રિયાઝ કરાવાતો. શેક્સપિયર, મોલિયર પણ મંડળીના મુખ્ય નટ અને સૂત્રધાર હતા; પૌરસ્ત્ય દેશોમાંય મુખ્ય નટ/લેખક જ નાટ્યનિર્માણની જવાબદારી સ્વીકારતા; યુરોપમાં સવાસો વરસ પહેલાં દિગ્દર્શકની જુદી ભૂમિકા કંડારાઈ, પછી આપણે ત્યાં આ સદીના પ્રારંભે બાપુલાલ નાયક તે આપણા પ્રથમ દિગ્દર્શક. કામનું વિભાજન, યંત્રો અને યંત્રવિદ્યાનો વિકાસ, અભિનય અને અભિનેય સામગ્રીની વિશિષ્ટ સમજ, વિશાળ જનસમૂહો માટે થીએટરનાં બારણાં ખૂલ્યાં એ માટે કલા-આયોજન કરી શકે તેવી અલગ વ્યક્તિની આવશ્યકતા વગેરે આ ઘટના માટે જવાબદાર છે.

ભવાઈ જેવાં પારંપરિક (લોક)નાટ્યોમાં નટ કેન્દ્રે છે. સૂત્રધાર જેવો મુખ્ય નાયક મંચન - આયોજન કરે, પણ "વેશ" તો ફલાણા નટનો જ ! એ વફાદાર હોય તો પાત્રને, પ્રેક્ષકોને જ !

ટૂંકમાં, આ ત્રણેય ભૂમિકાઓ વિશે આપણે વિગતે, ક્રમબદ્ધ વાત કરીએ તો કદાચ થીએટરની ભાષા અને એના પ્રત્યાયનની પ્રક્રિયા સમજાય. લેખકનો શબ્દ એટલે ફક્ત સંવાદો અને રંગનિર્દેશો નહીં જ. નાટ્યકાર વાત માંડે છે, એમાં એક્સપિરિયન્સ-કમ્યુનિકેશન હોય છે; કથા, પાત્રો હોય છે, એની માંડણીને રૂપરચનાવિધાન હોય છે - એણે પોતાના નાટકનું પહેલું ખરેખરું પૂરું (એની કલ્પના મુજબનું) "પ્રીમિયર" જોયું હોય છે; અને એને ઉપલબ્ધ નોટેશનમાં ઉતાર્યું હોય છે. પરંતુ આ લેખિત/મુદ્રિત ભાષાની મર્યાદા છે; "ગુસ્સાથી" કે "સ્નેહથી" નિર્દેશ હોય પણ એ કેટલો, સાથે શરીરની કઈ સ્થિતિગતિ, કયા ચઢાવ-ઉતાર, બેસીને કે ઊભીને એ બધું આ મુદ્રિત ભાષામાં ઝિલાતું નથી. વળી, એનું રંગનિરૂપણ કરનારાને વધુ પડતી સૂચનાઓ કુંઠિત કરી શકે. એકાદ દૃષ્ટિ કે હાવભાવ અથવા ગતિ, થોડું સંગીત કે પ્રકાશ, અમુક રંગ કે વેશભૂષા અનેક સંવાદોને નકામાય કરી દઈ શકે. કારણ કે દિગ્દર્શક આ પાસાંઓની દૃષ્ટિએ, એની સમકાલીન રંગભૂમિની પ્રણાલિકાઓ ધ્યાનમાં લઈ, નાટ્ય-આલેખનું બીજું પ્રીમિયર જોતો હોય છે. લેખકે આપેલા સમયને એ સ્થળમાં અવતારતો હોય છે. (વિગતે ચર્ચા "પરબ" સપ્ટેમ્બર ૧૯૯૧ 'નાટકમાં સ્થળ/સમય') અને પાત્ર તથા એના સંદર્ભ વિશેની લેખક તથા દિગ્દર્શકની વિભાવનાને નટ પોતાની સર્જનાત્મકતાથી, અનુભવવિશ્વમાંથી ઊભાં કરી એને રમણભૂમિમાં પ્રસ્તુત કરતો હોય છે. એટલે નટ એનું ત્રીજું પ્રીમિયર નિહાળે છે. પ્રેક્ષકો નિહાળે છે એ તો પેલા ત્રણ ઉપરાંત સેટ-ડિઝાઇનર, પ્રકાશ-આયોજક વગેરે અનેકોનું સહ/સમૂહ/સર્જન !'

લેખક એમાં એક ભૂમિકા છે, કદાચ પ્રાથમિક છે/હોય, એટલે કંઈ શબ્દ "પવિત્ર" અને "અસ્પૃશ્ય" ન બની જાય ! અને આ વાંચીને મારા લેખકબંધુઓએ એવું શિયાંવિયાંય થઈ જવાની જરૂર નથી કે નટ-દિગ્દર્શક લેખકને અપમાની શકે ! ઊલટું તેઓ તો લેખકના સર્જકત્વને માથે મૂકીને નાચે, પણ એ સુશોભિત મુગટનો ભાર એવો તો ન જ હોવો જોઈએ, કે પહેરનારથી માથુંય ન હલાવાય !

બાદલદાએ તો તે રાતે ત્યાં સુધી કહ્યું હતું કે, એમનો દિગ્દર્શક અને ખાસ તો નટ, નિશ્ચિત થયેલા નાટકને "કન્ફ્ન્ટ" કરે છે. મોહિત સેનની કૃતિ (નામસ્મરણ રહ્યું નથી)ના એમના એવા દિગ્દર્શનથી નાટ્યકારનેય સંતોષ થયો હતો. એક અન્ય નાટકમાં લેખકના પાત્રના સંવાદો સાથે, એને સુસંગત નહીં એવું સંગીત મૂકી, એ પાત્રથી પોતાનો અલગ વિચાર એને સમાંતર રજૂ કર્યો હતો. કેમ, લેખક પોતાના વાદી પાત્ર સામે વિવાદી પાત્ર નથી મૂકતો ?

વળી, બાદલદા પોતે લખેલાં નાટકોને બીજી મંડળીઓને તેઓ ઇચ્છે તેમ સંકલન પણ કરવા દે છે, કારણ કે "મેં જોયું તે પ્રીમિયર ભાષાના નોટેશનમાં ક્યાં ઉતારી શકાય છે ?"

અહીં યુરોપીય અને ભારતીય સંગીતના નોટેશનનું ઉદાહરણ કદાચ બંધ બેસશે. બિથોવનની સિમ્ફની એના યાંત્રિક ધ્વનિમુદ્રણની સહાય વિના, આજે પણ એ જ રીતે રજૂ થઈ શકે- એના કન્ડક્ટરની સર્જકતા સાથે. જ્યારે ભારતીય સંગીતમાં રાગના સ્વરબંધ, ચીજ, બંદિશ વગેરે એના પ્રમાણમાં શાસ્ત્રોક્ત અને ધરાનેદાર હોવા છતાં એનું સંપૂર્ણ નોટેશન શક્ય નથી; કારણકે એ શ્રુતિની બારીકાઈમાં કંડારાયેલું છે. (પંડિત ઓમકારનાથના ગીત 'પગ ઘૂંઘરું બાંધ' યથાતથ ન જ પેશ થઈ શકે.) જોકે રાગ અને તાલના પ્રયોગમાં સંવેદનશીલ અને કલ્પનાશક્તિ ધરાવતા કલાકારને અપૂર્વ અને પડકારરૂપત સર્જનનું એમાં સ્વાતંત્ર્ય મળે છે.

નાટ્યકાર યુરોપીય સંગીત જેવું નોટેશન નથી જ આપી શકતો; તેમ નટ-દિગ્દર્શકની પ્રસ્તુતિનું નોટેટેડ ડોક્યુમેન્ટેશન (વિડિયો દ્વારાય) શક્ય નથી, કારણ કે "રંગભૂમિની જગ્યા" કરતાં પડદા પરની જગ્યા અલગ, ક્યારેક અધૂરી લાગે છે. નાટ્યલેખક બહુબહુ તો ભારતીય સંગીતની "ચીજ" આપે, અને એ રંગભૂમિની ભાષા જાણતો હોય તો રાગનો "ખ્યાલ" એટલે કન્સેપ્ટ આપે, પણ "બંદિશ" આપે એટલું કહેવામાં તો નટ-દિગ્દર્શકના હાથ જ બંધાઈ જાય. અને નાટ્ય-આલેખ કંઈ એવી 'બ્લ્યુ પ્રિન્ટ' નથી કે એને આધારે મંચન-આલેખની ઇમારત ચણી શકાય. દિગ્દર્શકે તો ઈંટ-ચૂના સાથે નહીં; સર્જક, નટો અને અન્ય કલાકારો સાથે, જીવંત વ્યક્તિઓ સાથે કામ પાડવાનું છે...

એની જ સાથોસાથ એ પણ સ્મરણમાં રાખવું જોઈએ કે એકાંતે બેસીને લખાયેલા નાટકમાં પણ જે કાવ્યત્વ (એટલે કે "કાવ્યમાંનું રમણીય નાટ્યતત્ત્વ") સિદ્ધ થયું હોય છે તે ઘણી વખત નટમંડળીના સામૂહિક સર્જનમાં આંબી શકાયું નથીય હોતું.

આ "પવિત્ર શબ્દ" અને ત્રણેય ભૂમિકાઓ અંગેની આખી ચર્ચાનું મુખ્ય કારણ એ છે કે આપણે ત્યાં (અને અન્ય દેશોભાષાથીએટરમાંય) વિવેચકો નાટ્યપ્રસ્તુતિને નાટ્ય-આલેખના શબ્દશ: વાસ્તવીકરણ તરીકે જ મૂલવતા આવ્યા છે. (ગુજરાતી નાટ્યવિવેચન વિશે ફરી ક્યારેક.) નાટ્યલેખ પ્રથમ શબ્દસ્થ થાય એથી મહત્ત્વની દષ્ટિએ એનો જ અગ્રક્રમ ન સ્વીકારી શકાય એવો આ લેખકનો જાતઅનુભવ છે, (માત્ર "અનંતગાથા" જ નહીં, "તમે આનાથી રમતાંતાં" નાટકમાં પણ) અને શ્રી બાદલ સરકાર જેવા અનેકો પણ એ જ કહે છે. વળી પાત્રગતિ, સેટિંગ, સંગીત, રંગસૂચનો વગેરેમાં સમકાલીન થીએટરપ્રણાલીઓ મુજબ થીએટરની જે ભાષા લેખક પ્રયોજે એનાથી ક્યારેક દિગ્દર્શકના પ્રીમિયરને મર્યાદા આવે છે. મંચનીયતાથી જ સિદ્ધ થાય એ નાટ્યઆલેખની જેટલી મોટી શક્યતા છે, એટલી જ મોટી એની એ મર્યાદા છે કે નાટ્યકારે એને મંચનીય બનાવવા કેટલુંક પ્રત્યાયન પૂર્ણ તો કેટલુંક અપૂર્ણ રાખવું પડે છે. આ સમતુલન જ નાટ્યકારની ખરી કસોટી છે. એથી તખ્તા કે નટમંડળી સાથેનો લેખકનો, લેખક સાથે મંડળીનો પ્રગાઢ સંબંધ અપેક્ષિત છે. નટોને ધ્યાનમાં રાખી લખાયેલાં અનેક નાટકો એની મર્યાદા નથી બન્યાં; કારણ કે એથી પાત્રો નટકેન્દ્રી ઊપસ્યાં હોય છે, અને થીએટર નટનું માધ્યમ હોવાથી, અન્ય નટોનેય એ પાત્રો આકર્ષી શક્યાં હોય છે; તેમ ભાવકોને એ પાત્રો વધુ સાકાર અને સ્પૃશ્ય લાગ્યાં હોય છે, થીએટરના પ્રત્યાયનમાં પાત્ર અગત્યનું એક અંગ છે.

આ પ્રત્યાયન માટે નટ, દિગ્દર્શક અને લેખક પોતાને અભિપ્રેત અર્થોનું કેવી રીતે સાંકેતીકરણ (કોડિફિકેશન) કરે છે, એ ભાષાનાં કયાં અંગો/પાસાંઓ/પદ્ધતિઓ છે એની વાત આવતા અંકે કરીશું. □

અનુસંધાન] આનંદની એક ક્ષણ [પૃ. ૩૩૧ પરથી

શ્યામલીએ સેવેલ સ્વપ્ન !

અમર અને સતીશે એને ફૂલગુચ્છો ભેટ આપીને 'ગુડ લક' કહ્યું. શ્યામલીએ હસીને આભાર માન્યો.

પણ સાંજે પાછી ફરી ત્યારે શ્યામલી સવાર જેટલી ખુશ ન હતી.

'શું થયું ?' અમરે પૂછ્યું, 'તારો અવાજ પાસ ન કર્યો ?'

'કર્યો.' શ્યામલીએ કહ્યું.

'તો ?'

'અમે કુલ ચાર ગાયકો હતાં. સ્ત્રી ગાયિકામાં... પણ હતાં. મોટા ભાગની પંક્તિઓ એમણે ગાઈ. મારા ભાગે તો બહુ ઓછી કડીઓ આવી.'

'પણ એ તો તારાથી ઘણાં અનુભવી છે ને ?' અમરે પૂછ્યું. શ્યામલીએ જવાબ ન આપ્યો. સતીશે એ બંનેની સામે વારાફરતી જોયું.

બીજે દિવસે સતીશે સામાન બાંધ્યો. 'હવે તો જવું જ જોઈએ,' એણે કહ્યું, 'મારા સેલ્સનો ટાર્ગેટ પૂરો કરવાનો છે. અચ્છા, શ્યામલી, ટ્રીટ ક્યારે આપે છે ?'

'શેની ટ્રીટ ?' શ્યામલી હજી મૂડમાં ન હતી.

'તારાં ફિલ્મમાં ગાયિકા બનવાનાં પદાર્પણની. ને શ્યામલી, અમે તો સેલ્સવાળા. સેલ્સનો ટાર્ગેટ બનાવીએ. પ્રયત્ન કરીને પૂરો પણ કરીએ ને એય ને ખુશીની મિજબાનીઓ ઉડાવીએ. થોડા દિવસ પછી ફરી નવો, ઊંચો ટાર્ગેટ બનાવીએ ને મંડી પડીએ; પણ તેથી કાંઈ ટાર્ગેટ પૂરો થાય ત્યારે 'ચીઅર્સ' કરવાનું ન છોડીએ'. સતીશે કહ્યું.

શ્યામલી સતીશના કહેવાનો મર્મ સમજી. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

આર્યભટ્ટ

તા. ૨૧-૪-૭૫. ભારતીય ઉપગ્રહ 'આર્યભટ્ટ' શનિવાર તા. ૧૯ એપ્રિલે અવકાશમાં તરતો મુકાયો. ક્ષ-કિરણ ખગોળમાં ભારતીય વિજ્ઞાનીઓને મૂળભૂત પ્રયોગો કરવામાં મદદરૂપ થાય તે હેતુથી આ ઉપગ્રહ છોડવામાં આવ્યો છે. જે ક્ષેત્રમાં બીજા દેશમાંથી ઉછીનું જ્ઞાન મળી શકે નહિ તેવા ક્ષેત્રમાં ભારતીય વિજ્ઞાન આગળ વધે છે તેનો સંતોષ છે.

મને તો એક બીજો મોટો સંતોષ છે. ડબ્લિનમાં હેમિલ્ટન બ્રિજ જોઈને મને થયું હતું કે આ દેશને પોતાના રાજકીય નેતા ઉપરાંત પોતાના ગણિતશાસ્ત્રીઓ માટે પણ માન છે. આજે જ્યારે ભારતીય ઉપગ્રહ 'આર્યભટ્ટ' અવકાશમાં પરિભ્રમણ કરે છે ત્યારે પણ એવો જ ભાવ થાય છે.

પાંચમી સદીના ભારતીય ગણિતના આર્યભટ્ટે, 'આર્યભટ્ટીયમ્' નામનું પુસ્તક લખ્યું જે આધુનિક બીજગણિત (Theory of Equations)નું પહેલું પાઠ્યપુસ્તક ગણાય છે. તેણે π (પાય)ની ચાર દશાંશ સ્થળ સુધીની ખરી કિંમત ગણી હતી અને પૃથ્વીનું માપ તથા સૂર્ય અને પૃથ્વી વચ્ચેના અંતરના અંદાજ કાઢ્યા હતા. ભારતના ઇજનેરોએ તૈયાર કરેલા પ્રથમ ઉપગ્રહને આર્યભટ્ટનું નામ આપીને આપણે આત્મવિશ્વાસ મેળવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. વિદેશી છાપાંઓને તો આ આર્યભટ્ટ કોણ હતો તે શોધી કાઢવું પડશે, પણ આપણાં ગુજરાતી છાપાંઓને પણ મોરારજીભાઈ અને ઇન્દિરા ગાંધીમાંથી બહાર નીકળીને આર્યભટ્ટ કિસ ચિડિયા કા નામ હૈ તે શોધવું પડશે અને અઠવાડિક ભવિષ્ય કે છાયાશાસ્ત્રીની આગાહીને બદલે બીજગણિત π (પાય)ની કિંમત, સૂર્ય-પૃથ્વી અંતર એવી વાત કરવી પડશે.

ધજાળા-ઉલ્કા

તા. ૧-૨-૭૬. ગુજરાતના રાજકારણમાં હજુ ઉલ્કાપાત નથી થયો. જો કે ગમે ત્યારે થાય તેવાં લક્ષણ તો દેખાય છે. પણ ગુજરાતમાં ખરેખર ઉલ્કાપાત થયો ! ઉલ્કા એટલે ખરતો તારો - Meteor. ત્રણ દિવસ પહેલાં સુરેન્દ્રનગર જિલ્લામાં રાત્રે લોકોએ આકાશમાં તેજનો મોટો લિસોટો જોયો અને મોટો ધડાકો સાંભળ્યો. બીજે દિવસે સમાચાર આવ્યા કે કેટલાંક ગામોમાં ખરેલા તારાના ટુકડા પડ્યા છે. અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL)ની ટુકડી ત્યાં પહોંચી અને જિલ્લાના ધજાળા ગામમાં ઉલ્કાના મોટામોટા પત્થરો પડેલા મેળવ્યા. જે જગ્યાએ ઉલ્કા પડે તે જગ્યા ઉપરથી તેનું નામ અપાય છે. આમ આ 'ધજાળા મિટીઓર' (Dhajala Meteor) કહેવાશે. ધજાળા ઉલ્કાના નમૂના PRLમાં લવાયા છે. ત્યાં તેનું ભૂસ્તરીય પૃથક્કરણ થશે.

સૂર્યની આસપાસ વ્યવસ્થિત ફરતા ગ્રહો સિવાય કેટલોયે કચરો પણ ફર્યા કરે છે. સૂર્યમાંથી જ્યારે તેના ગ્રહમંડળની ઉત્પત્તિ થઈ હશે ત્યારે સૂર્ય અને બીજા કોઈ તારા વચ્ચે અથડામણ થઈ હશે. તેમાંથી જે મોટામોટા ટુકડા પડ્યા તેના ગ્રહો થયા અને જે નાનીનાની કરચ પડી તે ઉલ્કાના રૂપમાં સૂર્યની આસપાસ ભમતી રહે છે. સૂર્ય આસપાસ ઘૂમતી આવી ઉલ્કાના કેટલાક નિશ્ચિત પટ્ટા થઈ ગયા છે. આવા એકાદ પટ્ટામાંથી જો પૃથ્વી પસાર થાય તો પૃથ્વી ઉપર ઠેરઠેર ઉલ્કાપાત થાય છે. પણ કોઈ એકલદોકલ ઉલ્કા પૃથ્વીના ગુરુત્વાકર્ષણ-ક્ષેત્રમાં આવી જાય તો ખેંચાઈને પૃથ્વી પર પડે છે. ધજાળાની ઉલ્કા આવી એકલદોકલ ખેંચાઈ આવેલ ઉલ્કા હશે. કારણ કે નહિંતર તો પૃથ્વીના વિશાળ ભાગ પર એક સાથે ઉલ્કાપાત થાય.

ભારતનાં રાજ્યોમાં ઇન્દિરા કૉંગ્રેસની સરકાર ન હોય એવાં બે રાજ્યો : તામિલનાડુ અને ગુજરાત. તામિલનાડુમાં સરકારની અવધિ ૧૧ માર્ચે પૂરી થાય છે, એટલે ફેબ્રુઆરીમાં ચૂંટણી કરવાની થાય. ઇન્દિરા સરકારે દેશમાં કટોકટી, દાખલ કરી છે અને કટોકટીમાં ચૂંટણી કેવી રીતે થાય ? પણ ચૂંટણી ન કરો તો અત્યારની ગેરકૉંગ્રેસી સરકારને નિયત જિંદગી કરતાં લાંબી જિંદગી આપવાનું થાય! એટલે આજે સવારે એકાએક સમાચાર સાંભળ્યા કે તામિલનાડુની ડીએમકે. સરકારને ઉઠાડીને ત્યાં રાષ્ટ્રપતિશાસન દાખલ કરવામાં આવ્યું છે. હવે ગુજરાતનો વારો ક્યારે આવે છે તેની રાહ જોવાય છે.

ગુજરાતમાં ખગોલીય ઉલ્કાપાત થયો. તામિલનાડુમાં રાજકીય ઉલ્કાપાત થયો અને હવે ગુજરાતના રાજકારણમાં ઉલ્કાપાતની રાહ જોઈએ !

'નેફાં'નો ચમત્કાર

તા. ૧૮-૭-૭૬. સત્ય સાંઈબાબાનું ભક્તમંડળ ઘણું વિશાળ છે. સાંઈબાબાના દર્શને જાઓ ત્યારે હવામાં ચપટી વગાડીને તેઓ રાખ ઉત્પન્ન કરે અને તે રાખ તમને આશીર્વાદના રૂપમાં આપે. મારા-તમારા જેવાને રાખ આપે પણ ક. મા. મુનશી જેવાને રાખ થોડી જ અપાય છે ? મુનશી જીવતા હતા ત્યારે ભારતીય વિદ્યાભવનના અંધેરી કેમ્પસ ઉપર સાંઈબાબાની શિબિર હતી. તે વખતે મુનશીજી તેમને મળ્યા અને સાંઈબાબાએ ચપટી વગાડી હવામાંથી સોનાની વીંટી ઊભી કરીને મુનશીને આપી !

આ વાતને તો લગભગ વર્ષો થઈ ગયાં. હમણાં (૧૯૭૬) બૅંગલોર યુનિવર્સિટીએ એક કમિટી નીમી છે જેનું કામ આવા ચમત્કારોનું મૂળ શોધવા-સમજવાનું છે. બૅંગલોર પાસે માંડલપુર ગામમાં એક દસ વરસનો છોકરો. રોજ રાત્રે તેને ઘેર ભજન થાય. ભજન દરમિયાન છોકરો ધીરેધીરે તેની માના ખોળામાં સૂઈ જાય. ભજન પૂરાં થાય ત્યારે છોકરો જાગે અને હાથ ખંખેરી રાખ ઉત્પન્ન કરે અને બધાંને આપે. છોકરાનું નામ કિટ્ટુ;

પણ તે છોટા સાંઈબાબા તરીકે જ ઓળખાય. છોકરાનો બાપ પ્રાથમિક શાળાનો શિક્ષક છે. યુનિવર્સિટીની ચમત્કાર વિશ્લેષણ સમિતિએ કિટ્ટુના બાપને કાગળ લખ્યો અને તે ચમત્કાર વિષે વૈજ્ઞાનિક તપાસ કરવાની પરવાનગી માગી. બે મહિના સુધી તો જવાબ ન મળ્યો. સમિતિએ તો છાપાંમાં આપ્યું કે, તપાસની માંગણીનો જવાબ નથી આપતા એટલે દાળમાં કાંઈક કાળું લાગે છે. એટલે પછી જવાબ આવ્યો કે તમે પણ એકવાર ભજનમાં આવીને બેસો. ત્રણ વૈજ્ઞાનિકો ભજનમાં ગયા. ભજન શરૂ થયાં, છોકરો ઊંઘવા લાગ્યો. ભજન પૂરાં થતાં પણ રાખની પ્રસાદી મળી નહિ. નાસ્તિકો હાજર હોય તો ઈશ્વરની કૃપા ક્યાંથી મળે ?

પણ આ નાસ્તિકો એમ જલદી વળ મૂકે તેવા નહોતા. તે તો દરરોજ ભજનમાં જવા લાગ્યા. ત્રીજે દિવસે ભજન પૂરાં થયાં એટલે છોકરો જાગ્યો અને તેને અસુખ થતું હોય તેવું લાગ્યું. નાસ્તિકોમાં એક બહેન હતી. એ માનસશાસ્ત્રની નિષ્ણાત હતી. તે છોકરાની માતાની પડખે જ બેઠી હતી. તેણે તરત જ છોકરાની ચડ્ડીની નાડી ખેંચી તો નેફામાં ભરેલી રાખ બહાર નીકળી !

જો કે ત્યારે તો બધાંએ એમ જ કહ્યું કે સાંઈબાબા ક્રોધે ભરાયા છે એટલે હવે રાખ નહિ ખરે. ખેર, પણ હવે તે છોકરાના ભજનમાં હાજરી ઓછી થઈ ગઈ છે. લોકોને ખાતરી થઈ લાગે છે કે આ તો નેફાનો જ ચમત્કાર હતો !

ગ્રામાભિમુખ

તા. ૨૧-૧૧-૭૬. ભારતમાં પહેલું પબ્લિક સર્વિસ કમિશન ૧૯૨૬માં સ્થપાયું તેને પચાસ વર્ષ થયાં તે નિમિત્તે દેશભરના પબ્લિક સર્વિસ કમિશનના મેમ્બરો દિલ્હીમાં ભેગા થયા હતા . વડાપ્રધાન ઇન્દિરાજીએ સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું. રાષ્ટ્રપતિએ ચા-પાણી માટે નોતર્યા. ગૃહપ્રધાને ભોજન આપ્યું, અને અમે બધાએ શું કર્યું ? ઇન્દિરા આવ્યાં ત્યારે ઊભા થયા અને ભાષણ કરીને ગયાં ત્યારે પણ ઊભા થયા. રાષ્ટ્રપતિ સાથે બેસીને ફોટો પડાવ્યો અને ગૃહપ્રધાનને અમારા પગાર અને પેન્શન વધારવા માટે અનુરોધ કર્યો. બાકી હા, ઇન્દિરાજીએ તેમના ભાષણમાં એક વાત કરી હતી :

"કમિશનોએ તેમની પસંદગી ગ્રામજનલક્ષી બનાવવી જોઈએ. Recuirtment policy must be rural oriented" એટલે પછી બાકીનાં અધિવેશનો દરમિયાન લગભગ દર કલાકે એકવાર તો ઇન્દિરાજીની આ વાતનું રટણ થાય જ.

હું તો આવા કાર્યક્રમોમાં મૂગો જ રહું છું. પણ આ ગ્રામાભિમુખના વિષે થોડો વિચાર કરવા જેવો છે ખરો. ઇન્દિરાજીએ તો કહી દીધું કે નોકરીઓ માટેની પસંદગી ગ્રામાભિમુખ કરવી જોઈએ. પણ અત્યારે પસંદગી શહેરાભિમુખ થાય છે તેનું કારણ પસંદગી કરનારની વૃત્તિ થોડેઘણે અંશે ખરી, પણ વધુ તો સરકારની નીતિ-રીતિ છે. જંગલખાતામાં રેન્જર પસંદ કરવાના હોય તો ઇન્ટર સાયન્સ પાસ થયેલા ૨૩ વર્ષની અંદરનાને પસંદ કરવાના હોય છે. પસંદ કરીને એક વર્ષની તાલીમ માટે ભારત સરકારની વનશાળામાં મોકલવાના હોય છે. આ વનશાળામાં સઘળી તાલીમ અંગ્રેજીમાં હોય છે. હવે પસંદગીકાર તરીકે મારે ગામડાના છોકરાને પસંદ કેવી રીતે કરવો ? હું તેવા છોકરાને પસંદ કરું, પછી તાલીમમાં તેને સમજણ ન પડે એટલે તેને પાછો મોકલે ને બાવાના બેય બગડે ! એટલે કમિશન તેની પસંદગી ગ્રામાભિમુખ કરે તે પહેલાં સરકારે તેની કાર્યરીતિ ગ્રામાભિમુખ કરવી જોઈએ. ઇન્દિરાજીને આ કોણ કહે ?

એસ.એસ.સી.માં અંગ્રેજી ફરજિયાત નહિ. ગામડાની શાળામાં અંગ્રેજી સારું શીખવનાર મળે નહિ, વિદ્યાર્થી અંગ્રેજીમાં નાપાસ થાય એટલે શાળાનું પરિણામ ઓછું આવે અને નિયમ એવો કે પરિણામ ઓછું આવે એટલે ગ્રાન્ટમાં કપાત થાય ! એટલે શાળા મોટાભાગના વિદ્યાર્થીને ૧૧મા ધોરણની છેલ્લી પરીક્ષામાં અંગ્રેજી છોડાવી દે અને આ વિદ્યાર્થીને સરકારમાં ક્લાર્ક થવું હોય તો કમિશનની પરીક્ષા પાસ કરવી પડે અને તેમાં અંગ્રેજી ફરજિયાત !

સરકારી નોકરી માટે અંગ્રેજી ફરજિયાત. નિયમો એવા કે ગામડાની શાળા અંગ્રેજી ભણાવવાનું બંધ કરે અને પછી ઇન્દિરાજી કહે - પસંદગી ગ્રામાભિમુખ કરો !!

બાકી હળવી રીતે જોઈએ તો ગુજરાતી સિનેમા હવે ખરેખર ગ્રામાભિમુખ થતો જાય છે. અત્યારે અમદાવાદમાં 'વીર એભલવાળો', 'વીર માંગડાવાળો', 'શામળશાનો વિવાહ', 'જય ખોડિયારમા' જેવાં ચિત્રો ચાલે છે. જો કે એકાદ 'માલવપતિ મુંજ' પણ ચાલે છે ! વીર માંગડાવાળો તો હાઉસફુલ જાય છે. જો કે થીએટર ઉપર પાટિયું "હાઉસફુલ" એમ નથી કહેતું. તેની ઉપર તો "ભરચક" લખેલું હોય છે. ગ્રામાભિમુખતાની નિશાની !!

એમ સાંભળ્યું છે કે 'જય ખોડિયારમા' ચિત્રમાં વચ્ચે એવા સીન આવે છે કે પ્રેક્ષકોમાંથી કોઈને ત્યારે માતાજી આવે. પછી તો સિનેમા બંધ થાય. બધાં માતાજીનાં દર્શન કરે. ધૂન થાય. માતાજી ઊતરે એટલે પાછી ફિલ્મ શરૂ થાય !

ગુજરાતી સિનેમા ગ્રામાભિમુખ થતો જાય છે એમાં ના કહેવાશે ? □

નવા વર્ષનું લવાજમ

આપમાંના ઘણા ગ્રાહકોનું લવાજમ જુલાઈ ૧૯૯૩ના અંક સાથે પૂરું થઈ ગયું હશે. નવા વર્ષનો પહેલો અંક પ્રકટ થઈ ગયો છે. આપે નવા વર્ષનું લવાજમ ના મોકલ્યું હોય તો સત્વરે તે મોકલી આપશો, જેથી આપની ફાઈલ અધૂરી ના રહે.

અશોક હર્ષ

પંજાબકેસરી મહારાજા રણજિતસિંહને નાનપણથી ઘોડાઓનો શોખ હતો. દુનિયાના શ્રેષ્ઠ ઘોડેસવારોમાંના એ એક હતા, અને સવારીમાં એવા તો નિપુણ હતા કે તેર વરસની ઉંમરે દુશ્મનોએ એમને એકલા જોઈને ઘેરી લીધા ત્યારે સવારીની આ નિપુણતાને લઈને જ ઘેરો ભેદી સકુશળ પાછા ફર્યા હતા.

ઘોડાઓનો એમનો આ શોખ એટલી તો હદે પહોંચેલો કે જ્યાં પણ કોઈ ઘોડો કે ઘોડી એમની નજરમાં વસી જાય કે મોંમાગી કિંમતે તે ખરીદી લઈ પોતાની ઘોડારમાં ભરતી કરી દેતા. આ રીતે તેમણે લગભગ ૫૦,૦૦૦ ઘોડા ભેગા કરેલા. રાજ્યના ખજાનાનો મોટો ભાગ આ રીતે તેમની ઘોડાઓની ખરીદી પાછળ જ વપરાઈ જતો. દુનિયાભરની મશહૂર ઓલાદનાં ઘોડાઘોડી તેમણે ભેગાં કરેલાં, જેમાં તેમનાં સૌથી વધુ માનીતાઓનાં નામ હતાં લાલી, ગૌહરબાર, સફેદ પરી, દખ્ખણી વગેરે. કોઈ દેશનો વડો જે રીતે પોતાના સેનાપતિની પસંદગી કરે એ રીતે તે ઘોડાની પસંદગી કરતા. ઘોડાઓ બાબતમાં તેમને એટલી તો દિલચસ્પી હતી કે તેમના પગમાં નાળ જડાવવામાં પણ તે અંગત રસ લેતા. ઘોડાઓની સાજસજાવટ પણ બહુમૂલ્ય એવાં સુવર્ણજડિત રત્નોની રહેતી. દરબારમાં પણ તે પોતાનાં ઘોડાઘોડીઓની પ્રશંસા કોઈ વ્યક્તિ પોતાના ગુણવાન પુત્રની જે પ્યાર અને ગર્વથી ચર્ચા કરે એટલા જ પ્યાર અને ગર્વથી કરતા.

એક વાર પેશાવરના નવાબ યારમોહમ્મદખાનની ઘોડી લાલીની ભરપેટ પ્રશંસા તેમના કાને પહોંચી અને તે એ ઘોડી ખરીદવા માટે તલપાપડ થઈ ઊઠ્યા. તેમણે પોતાના તરફથી સરદાર બુધસિંહ સિંધાવાલિયાને તે માટે પેશાવર મોકલ્યો તો જવાબ મળ્યો કે લાલી તો મરી ચૂકી હતી. મહારાજાને થયું કે અફઘાનોએ પોતાની સાથે બનાવટ કરી છે, એટલે રાજકુમાર ખડકસિંહને સસૈન્ય પેશાવર રવાના કરી આદેશ આપ્યો કે યારમોહમ્મદખાન જો ઘોડી વેચવાની ના પાડે તો તે તેની પાસેથી બળજબરીએ પડાવી લેવી અને પેશાવરની ગાદીએથી તેને ઉઠાડી મૂકવો.

ખડકસિંહના પેશાવર પહોંચતા જ નવાબ યારમોહમ્મદખાન નજીકના પહાડોમાં નાસી છૂટ્યો. આઠ મહિના પેશાવરમાં પડ્યા રહ્યા છતાં લાલી હાથ ન આવતાં રણજિતસિંહના ક્રોધનો પાર ન રહ્યો. ખડકસિંહને પાછો બોલાવી લઈ તેમણે પોતાના ઇટાલિયન સેનાપતિ વેન્ચુરાને પેશાવર મોકલી આપ્યો. આ વખતે ભયંકર યુદ્ધ થયું, જેમાં યારમોહમ્મદખાન માર્યો ગયો. એના પછી પેશાવરની ગાદીએ આવેલા યારમોહમ્મદખાનના ભાઈ સુલતાન મુહમ્મદને કહી મોકલાવ્યું કે જો તે લાલી સોંપી દેશે તો તેને પેશાવરના નવાબ તરીકે માન્ય રાખવામાં આવશે. પણ તે ન માનતાં જનરલ વેન્ચુરાએ તેને અટકમાં લઈ શિરચ્છેદની ધમકી આપતાં સુલતાન મુહમ્મદે લાલી જનરલ વેન્ચુરાને હવાલે કરી દીધી.

ઑસ્ટ્રેલિયાનો બેરન ચાર્લ્સ હ્યુગલ એ અરસામાં ભારતની યાત્રાએ આવેલો. મહારાજા રણજિતસિંહ સાથેની તેની મુલાકાતમાં મહારાજાએ એવું જણાવ્યાનું તેણે પોતાની પ્રવાસનોંધમાં લખ્યું છે કે લાલી માટે ખેલાયેલા યુદ્ધ પાછળ પોતાને ૬૦ લાખથી વધારે રૂપિયા અને લગભગ ૧૨૦૦૦ સૈનિકોથી હાથ ધોઈ નાખવા પડ્યા હતા. ઈ. ૧૮૨૬ના એ યુદ્ધ બાદ ઈ. ૧૮૩૧માં હ્યુગલે મહારાજાની ઘોડારમાં લાલીને નજરોનજર જોઈ હતી. તેના કહેવા પ્રમાણે તે ૧૩ વરસની અને લગભગ ૧૬ હાથ ઊંચી હતી અને તેના પગમાં સોનાનાં ઝાંઝર પહેરાવેલાં હતાં. પોતાની આ માનીતી ઘોડીનું મૃત્યુ થતાં મહારાજાએ તેને ૨૧ તોપોની સલામી આપી હતી.

¤

અઢારમી સદીનું કલકત્તા તેની આ ચાર બાબતો માટે જાણીતું હતું. લોકોક્તિ પ્રમાણે તે હતી -

બનમાલી સરકારે બાડી, ઉમિચાંદેર દાડિ,
હજૂરીમલ્લેર કડિ, ગોબિંદ મિત્રેર છડિ.

પટણામાં દીવાન રહી ચૂકેલા વનમાલી સરકારે અંગ્રેજો સાથેના વેપારમાં અઢળક સંપત્તિ ભેગી કરી પોતાનું જે વિશાળ મહાલય ઊભું કરેલું તે એ જમાનામાં કલકત્તામાં મોટામાં મોટું હતું. પોતાના આલયથી માંડી નદી સુધી તેણે એક વિશાળ ઘાટ બંધાવેલો.

ઉમિચાંદ અથવા અમીચંદ કે અમીરચંદ એ વખતનો કલકત્તાનો એક શીખ વેપારી હતો. એની દાઢી એવી તો સોહામણી હતી કે ખુદ અંગ્રેજો તેને રોથ્સચાઈલ્ડ સાથે સરખાવતા. લશ્કરને પૈસા ધીરીધીરીને તેના ભારે વ્યાજમાંથી ભારે સંપત્તિ જમાવેલી. ૪૦ વરસ સુધી તે ઇસ્ટ ઈન્ડિયા કંપનીનો કોન્ટ્રાક્ટર રહેલો. ક્લાઈવ અને મીરજાફર વચ્ચે સંધિ કરાવીને નવાબ સિરાજુદ્દૌલાનું કાસળ કઢાવનાર તરીકે ઇતિહાસમાં તે પ્રસિદ્ધ છે. ક્લાઈવ-મીરજાફર સંધિના બદલામાં ક્લાઈવે તેને મોટી રકમ આપવાનું કબૂલેલું, પણ ક્લાઈવે એ સંધિના બે દસ્તાવેજો તૈયાર કરાવેલા - એક લાલ કાગળ પર અને એક સફેદ કાગળ પર. સફેદ કાગળના દસ્તાવેજ પર રકમનો કશો નિર્દેશ ન હોઈને ક્લાઈવે બંને દસ્તાવેજો પર સહી કર્યા પછી એડમિરલ વૉટસને બનાવટી દસ્તાવેજ પર સહી કરવાની ના પાડતાં ક્લાઈવના ફરમાનથી લુશિંગ્ટન નામના એક અંગ્રેજ કારકૂનના હાથે વૉટસનની બનાવટી સહી તે પર કરવામાં આવેલી. ક્લાઈવના આ દગાથી અમીચંદ ગાંડો થઈ ગયો અને એ જ સ્થિતિમાં મૃત્યુ પામ્યો.

(અનુસંધાન પાન ૩૪૧ ઉપર)

કમ્પ્યૂટર અને સમાજ

—— પ્રહ્લાદ છ. પટેલ ——

ક્મ્પ્યૂટરમાં અસંખ્ય અને વિવિધ માહિતીઓનો સંગ્રહ કરવામાં આવે છે. તેના વડે માહિતીઓને અદ્યતન બનાવાય છે તથા પૃથક્કરણ કરવામાં આવે છે. કમ્પ્યૂટર વડે ઔદ્યોગિક પ્રક્રિયાઓનું નિદર્શન કરી શકાય છે તેમજ તેમના ઉપર અંકુશ પણ રાખી શકાય છે, વૈજ્ઞાનિક સંશોધનને મદદ તથા પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવે છે. કમ્પ્યૂટરને ઔદ્યોગિક, વૈજ્ઞાનિક, સામાજિક, શૈક્ષણિક અને આયુર્વિજ્ઞાન જેવાં ક્ષેત્રે પ્રયોજતાં માણસના જીવનની ગુણવત્તા અને જીવનશૈલીમાં ધરખમ પરિવર્તન થયું છે. આવા પરિવર્તનથી વૈયક્તિક જીવન ઉપર સીધેસીધી અસર થઈ છે અને પરોક્ષ રીતે સમગ્ર માનવ-સમાજ ઉપર પણ અસર થઈ છે. કમ્પ્યૂટરજન્ય પરિવર્તનો એટલાં ઝડપથી થઈ રહ્યાં છે કે માણસને તેની સાથે સુમેળ સાધવા કે તાલ મિલાવવા પૂરતો સમય પણ મળતો નથી. કમ્પ્યૂટરીકરણનાં લાભો, ગેરલાભો કે જોખમોનો તાગ મેળવવા માટે સારો એવો સમય જરૂરી છે. પરિવર્તનોની ગતિ પ્રવેગી છે. મૌલિક પરિવર્તનો અને રોજ-બ-રોજના અનુભવ વચ્ચે ઘણી બાબતે ગૂંચવાડા ઊભા થવાની સંભાવના છે.

માહિતીઓનું અત્યંત ઝડપી અને સક્ષમતા સાથે પૃથક્કરણ આપણી સામાજિક સભાનતા માટે નિર્ણાયક પરિબળ બની રહેશે, પ્રાદ્યોગિક રીતે વિકસિત સમાજને નિર્ણયો કરવા માટે વિવશ કરનાર ઘટના બની રહેશે. સરકારી ખાતાંઓમાં, જાહેર સેવાઓમાં અને ધંધાઓમાં કમ્પ્યૂટરે બોજો ઘણો ઓછો કર્યો છે. માહિતીઓ રાખવા કે રજૂ કરવાની ગુંજાશ, પૃથક્કરણની તાકાત, વિવિધ સ્વરૂપે રજૂ કરવાની દક્ષતા અને માહિતી-વિસ્ફોટની તીવ્રતા કે ઉગ્રતાની વૃદ્ધિને કારણે કમ્પ્યૂટરે કેટલીક સરળતાઓ કરી આપી છે. કમ્પ્યૂટરની મદદ સિવાય આજના વ્યવહારો ચલાવવા ભારે દુષ્કર છે.

કમ્પ્યૂટરે કેટલાક વિધાયક ફાયદાઓ જરૂર કર્યા છે. કાનૂની અને આયુર્વિજ્ઞાન ક્ષેત્રે અસંખ્ય પ્રકારની માહિતીઓના ઢગ ખડકાય છે, જેમાંથી જરૂરી માહિતી શોધી તેનું પૃથક્કરણ કરવાનું કામ તો કમ્પ્યૂટર જ કરી શકે છે. તેનો સીધેસીધો લાભ અસીલ કે દર્દીને જ મળે છે. ભૂતકાળના અનુભવો તથા માહિતીઓનું યોગ્ય વર્ગીકરણ તથા પૃથક્કરણ કરવાથી તેમાંથી મહત્ત્વનો સારાંશ પ્રાપ્ત કરી શકાય છે, જેને આધારે ભવિષ્ય માટે જરૂરી આગાહીઓ કે અનુમાનો કરી શકાય છે. આથી નિજી, જાહેર કે સામાજિક ક્ષેત્રે આધારભૂત નિર્ણયો કરી શકાય છે.

પ્રક્રિયાની સક્ષમતાનું કિંમત, ઝડપ અને ચોક્સાઈની સાપેક્ષતામાં મૂલ્યાંકન કરવામાં આવે તો ઔદ્યોગિક ક્ષેત્રે કમ્પ્યૂટરના પ્રવેશે ઘણાં રચનાત્મક પરિણામો આણ્યાં છે. કમ્પ્યૂટરની મદદથી ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં થતો બગાડ ઓછો કરી શકાય છે. નિર્ગત થતા કાગળ, સ્ટીલ જેવા માલની ગુણવત્તા વધારી શકાય છે. રાસાયણિક અને ઔષધીય માલ-ઉત્પાદનમાં સલામતીની માત્રા વધારી શકાય છે. આ બધું આર્થિક ફાયદાઓ કરતાં ઘણું વધારે વિધાયક અને આવશ્યક છે.

કેટલાંક ક્ષેત્રે કિંમત અને સલામતી ઉપરાંત સમયની કટોકટી પ્રવર્તતી હોય છે. વિદ્યુત્-ઉત્પાદન મથક કે બંધ જેવી મોટી મોટી ઇજનેરી યોજનાઓમાં એકબીજાં ઉપર આધાર રાખતાં અસંખ્ય પરિબળોને એકસાથે ધ્યાનમાં લેવાનાં હોય છે. આખરી ઓપ આપવા માટે લાંબીલચ ગણતરીઓ કરવાની હોય છે. આ માટે એકસાથે ઘણા માણસો ઘણા સમય માટે રોકવા પડે છે. આવી ગણતરીઓમાં માનવીય ક્ષતિઓની પણ એટલી જ સંભાવના રહે છે. આ બધાને અંતે પ્રાયોગિક પરિરૂપ (experimental model) તૈયાર કરવાનું હોય છે, તેની ચકાસણી કરવાની હોય છે, તેમાં જરૂરિયાત મુજબ ફેરફારો પણ કરવાના હોય છે. આ બધી ઘટનાઓ ધીમી અને મોંઘી બની રહે છે. આ રીતે સાચો ઉકેલ મળે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે અથવા સમગ્ર યોજના જૂની થઈ ગઈ હોય છે. આ સમયગાળા દરમ્યાન ચીજવસ્તુઓના ભાવ વધી જતાં યોજનાનું પુનઃ મૂલ્યાંકન કરવું પડે છે. પરિણામે આવી યોજના નિર્ણયાત્મક તબક્કામાં પ્રવેશે તે પહેલાં જ અટવાઈ જાય છે. મૂળ યોજનાની તમામ શરતો સમેત ગાણિતીય પરિરૂપ કમ્પ્યૂટર વડે બનાવીને યોજનાને ઝડપી અને વ્યવહારુ બનાવી શકાય છે.

ધંધા અને વ્યાપારમાં સક્ષમતા પાયાની બાબત છે. ધંધામાં મોટે ભાગે કામો બિનસર્જનાત્મક, ચીલાચાલુ અને કારકૂની ઢબનાં હોય છે. કમ્પ્યૂટર આવાં બધાં ઢગલાબંધ કામો ઝડપથી અને ચોક્કસાઈપૂર્વક પાર પાડે છે. મોટાંમોટાં સંગઠનો કે ગૃહોએ તો આવાં કામો માટે કમ્પ્યૂટર ઉપર જ આધાર રાખવો પડે છે. કોઈપણ મોટા ઉદ્યોગ કે મોટી સંસ્થાને મુખ્ય મથક, સ્થાનિક મથક અને સંલગ્ન મથકો સાથે કમ્પ્યૂટરને જોડવામાં આવે તો સમયની બચત અને આર્થિક ફાયદા થાય છે. મુખ્ય મથક ઉપર રાખેલ કમ્પ્યૂટર વડે અંકુશ રાખવો સરળ બને છે. આવા કેન્દ્રિત અંકુશથી ધંધાકીય ક્ષિતિજો વધારવાનું શક્ય બને છે. કમ્પ્યૂટરથી ઘણા ફાયદા ઉઠાવી શકાય છે. પણ તે જોવાનું રહે છે કે આવા ફાયદાનો દુરુપયોગ ન થાય. કોઈપણ કમ્પ્યૂટર કે યંત્રનો ચાલક તો અંતે માણસ જ હોય છે. આથી બાહ્ય ફેરફારો કે પરિબળો સાથે માણસ અને યંત્ર તાલ મિલાવી શકે તેવી પરિસ્થિતિ આવશ્યક છે. માણસના જીવનનો પ્રકાર કે ધ્યેય કમ્પ્યૂટર કે યંત્રએ નક્કી કરવાનો નથી, પણ તેમણે તો માણસને માત્ર મદદ કરવાની છે. આપણે જ્યારે કમ્પ્યૂટર કે યંત્ર પાસેથી આનંદ અને અર્થનું ઉપાર્જન કરતા હોઈએ ત્યારે તેનો ઉપયોગ ડહાપણ સાથે થાય અને માનવીય હેતુઓ માટે થાય તે જરૂરી છે, અને તેમ થાય તો જ યંત્ર-શક્તિ માણસની મિત્ર બની રહે છે.

કમ્પ્યૂટર સુવિધાઓનો મુખ્ય હેતુ માલની ઉત્પાદકતા અને ગુણવત્તા વધારવાનો હોય છે, સક્ષમ સેવાઓ અને વિશેષ જ્ઞાન ઉપલબ્ધ કરવાનો હોય છે, દક્ષતા અને ત્વરા વધારવાનો હોય છે. કમ્પ્યૂટર કંટાળાજનક કામો અને ગધ્ધાવૈતરાથી બચાવે છે. તેથી રચનાત્મક કામોમાં માણસ પોતાના સમય અને શક્તિનો ઉપયોગ કરી શકે છે. આમાંથી એક વસ્તુ ફલિત થાય છે કે કમ્પ્યૂટરના ઉપયોગથી એક બાજુ બેકારી વધતી હોય તેમ લાગે, પણ બીજી બાજુએ કામનાં નવાં ક્ષેત્રો ખૂલતાં રહે છે. આથી કમ્પ્યૂટરના આગમનથી બેકારી વધશે તે ખ્યાલ અસ્થાને છે. ઔદ્યોગિક ક્ષેત્રે અર્ધ-કુશળ અને જોખમી કામો કમ્પ્યૂટર કરે છે. તે રીતે કમ્પ્યૂટર વધુ ઉપકારક નીવડે છે. કમ્પ્યૂટર ટેકનોલૉજિ નોકરી અને કામની નવી તકો ઊભી કરે છે.

હકીકતમાં તો કમ્પ્યૂટરે માણસોને કામથી દૂર કર્યા નથી, પણ કામ કરવાની પદ્ધતિમાં પરિવર્તન આણ્યું છે. છૂટક અને રોજિંદા કામકાજમાં ઊભી થતી ઊણપો કમ્પ્યૂટર વડે દૂર થાય છે. ઇલેક્ટ્રોનિક અને પ્રોસેસિંગ પ્રવૃત્તિઓ સ્વયંસંચાર શક્તિ (Automation)ની માત્રામાં વધારો કરે છે.

રોજગારીની વિગતો, કર-ચૂકવણી, શિક્ષણ, સ્વાસ્થ્ય-વૃત્તાંત, બેન્કના હિસાબો જેવી માહિતીઓનું કમ્પ્યૂટરમાં સંકલન કરી સંચય કરવાથી કેટલાક વહીવટી અને સામાજિક ફાયદા થાય છે. આવી બધી ફાઈલો વૈયક્તિક હોય છે અને આપણે મન તે અત્યંત સંવેદનશીલ હોય છે. અંગત બાબતોને ખૂબ કાળજીપૂર્વક સંઘરી રાખવી પડે છે. અંગત કે ગુપ્ત બાબતો કોઈના હાથમાં ન જાય તે જરૂરી છે. કોઈ પણ ક્ષતિ વિના કમ્પ્યૂટર-પ્રણાલીની રચના કરવામાં આવે તો સંચિત માહિતી કોઈ પણ અનધિકૃત વ્યક્તિના હાથોમાં જઈ શકતી નથી. જ્યાં સુધી ફાઈલ બીજા કોઈના હાથમાં ન જાય ત્યાં સુધી બધું બરાબર ચાલે છે. કોઈ મોટી ડેટા-બેન્કમાં ફાઈલોને કેન્દ્રિત કરવામાં આ[illegible]ારે વ્યક્તિ કે ઘટનાને લગતાં વૃત્તાંતપત્રક જાણે કે અજાણે આડાંઅવ[illegible] થઈ જાય છે કે આડાંઅવળાં કરી શકાય છે. પરિણામે ખાનગી સમસ્યાનો ચાવીરૂપ મહત્ત્વનો મુદ્દો ફંગોળાય છે. તેથી યંત્રના ઉપોયગ કે દુરુપયોગ પ્રત્યે ચાંપતી નજર રાખવી પડે છે.

સક્ષમતા, સરળતા, અનુકૂળતા અને કરકસર ખાતર માહિતીઓ ભેગી રાખવામાં આવે છે; પણ તે જોવાનું રહે છે કે વ્યક્તિગત ખાનગી માહિતી ઉપર કોઈ તરાપ ન મારે તે જરૂરી છે. જેમ જેમ ડેટા-બેન્ક મોટી થતી જાય છે તેમ તેમ બિનસલામતી અને જોખમો વધવાની શક્યતાઓ વધે છે. પોતાની અંગત માહિતીઓનું રક્ષણ થાય એટલું પર્યાપ્ત નથી, પણ જરૂર હોય ત્યારે માહિતી મળી રહે, તેમાં સુધારોવધારો થઈ શકે અને ભૂલ ભરેલી માહિતી દૂર પણ થઈ શકે, એ પણ એટલું જ જરૂરી છે.

કમ્પ્યૂટરનો ઉપયોગ કરનાર દરેક વ્યક્તિ ચિંતિત હોય છે કે તેનો ડેટા બીજાની પાસે ન જાય અથવા અનધિકૃત વ્યક્તિ દ્વારા તેને નુકસાન ન થાય. ધંધા અને સંરક્ષણનાં રહસ્યો સુરક્ષિત રહેવાં જોઈએ. ભાંગફોડિયાં, તોફાની તત્ત્વો, કે હરીફ જૂથ સમક્ષ રહસ્યો ખુલ્લાં પડવાં જોઈએ નહીં. માહિતીની સલામતી તથા વૈયક્તિક ગુપ્તતા સામે સંભવિત ભયને કારણે વધુ પડતી માહિતીની આપલે મર્યાદિત બને છે. માહિતી અને ગુપ્તતાની સુરક્ષા માટે કાનૂની જોગવાઈઓ કમ્પ્યૂટરના આગમન પહેલેથી હતી જ. આજકાલ માહિતીઓનો એટલો મોટો વિસ્ફોટ થતો રહ્યો છે કે સરકાર અને પ્રજાએ તેના પ્રત્યે સભાન અને ચિંતત રહેવું પડે છે.

આપણે કમ્પ્યૂટર ઉપર વધારે પડતો આધાર રાખતા થયા છીએ. જેમ એક માણસ બીજા માણસને નુકસાન કરી શકે છે તેમ કમ્પ્યૂટર પણ નુકસાન કરી શકે છે. આપણે જોવું જોઈએ કે કમ્પ્યૂટર સંપૂર્ણપણે સુરક્ષિત રહે, જેથી તેના ફાયદાઓ જ મળતા રહે. કમ્પ્યૂટરની સલામતી એટલે આપણી સલામતી.

આજે સમાજનું ધાર્યા કરતા વધારે ઝડપથી કમ્પ્યૂટરીકરણ થઈ રહ્યું છે. આથી કમ્પ્યૂટરની ગુંજાશથી સમાજ સાવધ બનતો જાય છે. જે ઝડપે કમ્પ્યૂટરનો ઉપયોગ અને ઉદ્યોગ વિકસતો જાય છે તે જોતાં તેની સાથે સમાજે કદમ મિલાવવાં જરૂરી છે. માણસનું ઘડતર તે જે પ્રકારનાં ઉપકરણો વાપરે છે તેના ઉપર નિર્ભર છે. મોટર કે વિમાનની શોધથી માણસે ઘણા ફાયદા ઉઠાવ્યા છે પણ તેના દુરુપયોગ અને તેની દૂરગામી અસરોના અંદાજથી વાકેફ થવું જરૂરી છે. ઓટોમોબાઈલ્સની વધતી જતી ચાલકતાથી કૌટુંબિક જીવનનો ઢાંચો ધરમૂળથી બદલાઈ રહ્યો છે. રોડ અને રેલ માર્ગો વધતા ધરતીનો ચહેરો બદલાઈ રહ્યો છે. સિમેન્ટ-કૉંક્રીટનાં જંગલો વધવાથી પૃથ્વીની પ્રકૃતિ ઉપર ભારે દુષ્પ્રભાવ પડવા લાગ્યો છે. વધતા જતા ટ્રાફિક અકસ્માતો અને પ્રદૂષણે મોટરચાલકો અને રાહબરોને એકસરખા દંડ્યા છે.

કમ્પ્યૂટર પણ અન્ય યાંત્રિક સાધનોની જેમ સમાજ ઉપર મૌલિક પરિવર્તનો લાવી શકે છે. અત્યારે સવાલ એ નથી કે કમ્પ્યૂટરવાળી વધુ સારી દુનિયાનું સર્જન કરવું પણ માણસ વધુ સારી રીતે રહી શકે તેવી દુનિયાના સર્જનની જરૂર છે. ભૌતિક પ્રગતિ અને પ્રકૃતિ વચ્ચે સમતુલા અનિવાર્ય છે. જો આ સમતુલા તૂટશે તો સંઘર્ષની સ્થિતિ પેદા થશે. પ્રકૃતિ અને સંસ્કૃતિના ખજાનાને જફા પહોંચશે. યંત્ર અને કમ્પ્યૂટર માનવીય પ્રશ્નોના ઉકેલ આપે તેના કરતાં વધુ પ્રશ્નો પેદા કરે તો પછી વ્યક્તિ અને સમાજે પોતાની જાતને જ દોષ આપવાનો રહેશે. અવિકસિત દેશોમાં આજે શું બની રહ્યું છે ? શું કમ્પ્યૂટર વિકસિત અને અવિકસિત દેશો વચ્ચેનું અંતર ઘટાડે છે કે વધારે છે ? કમ્પ્યૂટર અને અર્ધવાહક ટેકનોલૉજિ ચીનને આધુનિક અને ટેક્નોલૉજિકલ સમાજ રચવામાં જેટલી મદદ કરી શકે તેમ છે તેટલી મદદ આફ્રિકા અને એશિયાના પછાત દેશોને કરી શકે તેમ છે ?

ઔદ્યોગિક ક્રાંતિથી ટેકનોલૉજિકલ વિકાસ થયો છે. તેની સામાજિક અસરોને જીવન સાથે એકરૂપ થતાં પેઢીઓની પેઢીઓ વીતી ગઈ છે. તે રીતે કમ્પ્યૂટરની સામાજિક અને સાંસ્કારિક અસરો ગ્રાહ્ય કે સ્પષ્ટ થતાં ઘણો સમય લાગશે.

માઈક્રોઈલેક્ટ્રૉનિક્સના ઝડપી વિકાસથી કમ્પ્યૂટર ઉદ્યોગને પ્રગતિકારક ધક્કો લાગ્યો છે. કમ્પ્યૂટર સસ્તાં અને સુલભ થશે. આથી વૈયક્તિક જીવન ઉપર લાંબે ગાળે અસરો પડશે અને પરિણામે સમાજ પણ પ્રભાવિત થશે.

કમ્પ્યૂટર સ્વયંસંચાલિત સમાજના નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવશે. કમ્પ્યૂટરિત રોબોટ આગ-શમન જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં, ખાણોની જોખમી કામગીરીમાં અને અવકાશ સંશોધનનાં સાહસો દરમ્યાન સુંદર કામ કરે છે. માઈક્રોપ્રોસેસર અંકુશિત રોબોટને ગાડીમાં બેસાડવાથી ચાલકનું કામ કરે છે. કમ્પ્યૂટર પ્રોગ્રામથી અંકુશિત રોબોટ પાસેથી શારીરિક શસ્ત્રક્રિયા જેવાં અન્ય અટપટાં કામો કરાવી શકાય છે.

હવે તો ઝડપથી ગણતરી કરતાં સુપરકમ્પ્યૂટરથી આગળ વધીને માણસની જેમ વિચારી શકે તેવા કમ્પ્યૂટરની રચના માટે પશ્ચિમના દેશોની યુનિવર્સિટીઓ સંશોધનના કામે લાગી છે. જાતે તર્ક કરી શકે અને નિર્ણય કરી શકે તેવાં કમ્પ્યૂટર ક્ષિતિજે ડોકિયાં કરી રહ્યાં છે.

હવે તો કમ્પ્યૂટરના બીજા યુગને આરે આવીને જગત ઊભું છે. 'બુદ્ધિશાળી' કમ્પ્યૂટરની રચના માટે અને યુ.એસ.એ. તથા જાપાને તેમની નાણાંકોથળીઓ ખુલ્લી મૂકી દીધી છે. બુદ્ધિશાળી કમ્પ્યૂટર અને માણસની જીવનશૈલી વચ્ચે જેવો સમન્વય થશે તેવો સમાજ રચાશે. □

કથાસરિત્સાગર

લંબક ૨ : તરંગ ૫ (ચાલુ)

(શ્લોક ૧૬૫ થી ૧૯૬)

શક્તિમતીની કથા

કનુભાઈ જાની

અમારા દેશમાં ગામમાં એક મણિભદ્ર નામ બહુ પ્રભાવશાળી મહાયક્ષનું મંદિર અમારા પૂર્વજોએ સ્થાપેલું. એને લોકો બહુ માનતા, બાધા રાખતા. પોતાનું મનવાંછિત મળે એ માટે ઘણુંઘણું ચડાવતા. ત્યાં કોઈ પુરુષ પરસ્ત્રી સાથે જતો, તો એને આખી રાત મંદિરના ગર્ભાગારમાં ગોંધી રાખવામાં આવતો, અને સવાર પડતાં જે તે સ્ત્રીની સાથે એને ત્યાંથી રાજસભામાં લઈ જઈને એના આચરણની જાહેરાત કરવામાં આવતી, અને સજા થતી. એવો ચાલ હતો.

એક વાર ત્યાં સમુદ્રદત્ત નામે એક વણિક એક પરસ્ત્રી સાથે આવ્યાનું નગરરક્ષકે જાણ્યું કે તરત જ એને પેલી પરસ્ત્રી સાથે મંદિરમાં લઈ જઈને દેવગૃહે પૂરી દઈને આગળો ભિડાવી બારણાં સજ્જડ વાસી દીધાં. એની પત્ની નામે શક્તિમતી બહુ તેજસ્વી બુદ્ધિવાળી અને પતિવ્રતા હતી. એને ખબર પડી કે તરત જ બહુ ધીરજથી, પૂરા વિશ્વાસ સાથે સખીઓની સાથે પૂજાપો લઈને રાતે ને રાતે મંદિરે પહોંચી ગઈ.ત્યાં દક્ષિણાને લોભે પૂજારીએ, નગરરક્ષકને જાણ કરીને, એને મંદિરદ્વાર ખોલી આપી, અંદર જવા દીધી. ત્યાં એણે પોતાના પતિને અન્ય સ્ત્રી સાથે સૂનમૂન જોયો ! પોતાનો વેશ એ સ્ત્રીને લેવડાવીને એ સ્ત્રીને કહે, 'તું (હવે) ભાગ.' આનો વેશ લઈને પેલી સ્ત્રી, આમ ભાગી છૂટી. ને એના વેશમાં આ પતિ સાથે ત્યાં રહી. સવાર પડી, ને રાજયાધિકારીઓએ ત્યાં આવી તપાસ કરી, તો એ સૌએ આ વણિકને જોયો એની પોતાની જ પત્ની સાથે ![1] રાજાએ આ જાણીને એ વણિકને મૃત્યુના મુખ જેવા એ યક્ષભવનમાંથી છોડી મૂક્યો. (ઊલટું) નગરાધ્યક્ષને જ દંડ દીધો. એ રીતે પૂર્વે શક્તિમતીએ પોતાની પ્રખર બુદ્ધિશક્તિવડે પોતાના પતિનું રક્ષણ કરેલું. હું પણ એમ જ ત્યાં જઈને યુક્તિથી મારા પતિની રક્ષા કરીશ.' એમ એકાંતે પોતાની સાસુને એ તપસ્વિની દેવસ્મિતાએ જણાવ્યું.

દેવસ્મિતા - ગુહસેનની સહાયે :

એણે તો, પોતાની ચેટીઓ સહિત, વણિકવેશ લીધો, અને વ્યાપારને બહાને વહાણે ચડીને ત્યાં કટાહદ્વીપમાં પહોંચી ગઈ જ્યાં એનો પતિ હતો. ત્યાં જઈને જોયું તો અન્ય વણિકોની વચ્ચે પોતાના પતિ ગુહસેનને બેઠેલો જોયો, મૂર્તિમંત આશ્વાસન જાણે નજરોનજર નિહાળ્યું. પેલાની દૃષ્ટિ પણ આ પરપુરુષરૂપને પીતાં જાણે ધરાતી જ નહોતી ! 'અરે ! મારી પ્રિયતમા જેવો જ આ વણિક વળી કોણ છે ?' એમ વિચારમાં એ પડ્યો.

પછી ત્યાં ત્યાંના રાજા પાસે જઈને દેવસ્મિતાએ અરજ કરી : 'માલિક, મારી અરજ છે કે સર્વે પ્રજાજનોને અહીં એકઠાં કરવામાં આવે.' કૌતુકમગ્ન રાજાએ તો (ઢંઢેરો પિટાવી) સૌ પુરવાસીઓને ત્યાં એકઠાં કર્યાં અને એ વણિકવેશધારિણીને રાજા કહે, 'હવે કહે, તારી શી વિજ્ઞપ્તિ છે?' ત્યારે દેવસ્મિતા કહે, 'મારી પાસેથી ભાગી ગેયલા મારા ચાર ગુલામડાઓ આ બધાંની વચ્ચે છુપાઈને રહેલા છે. એમને, દેવ, મારે હવાલે કરો.' ત્યારે રાજા કહે, 'અહીં બધાં જ પુરજનો ઉપસ્થિત છે. બધાંને જોઈને એમાંથી તારા દાસોને તું ઓળખી કાઢીને, લઈ જા.' ત્યારે વણિકસુતાએ પેલા જે ચારને પોતાને ત્યાંથી બેહાલ કરીને હાંકી કાઢેલા, ને જેણે હજી માથે ફટકા બાંધેલા તે ચારેયને પકડી પાડ્યા.

ત્યારે ત્યાં બેઠેલા મહાજનો કોપાયમાન થઈને કહે, 'અરે, આ તે વળી તારા દાસો કેવા ?' ત્યારે એણે એમને જવાબ આપ્યો : 'જો પતીજ ન પડતી હોય તો એમનાં કપાળ જુઓ. ત્યાં મેં કૂતરાનો પંજો ચાંપી દીધો છે'. 'ભલે' કહીને જ્યાં એ ચારેયના કપાળ ઢાંકતા ફટકા છોડ્યા કે સૌએ ત્યાં જોઈ કપાળે કૂતરાના પંજાની નિશાનીઓ ! જોઈને ગામના બધા વણિકજનો ભોંઠા પડ્યા અને રાજા વિસ્મય પામ્યો. 'આ બધું છે શું ?' એમ પૂછતાં દેવસ્મિતાએ પોતાને મુખે આખી વાત (રાજાને) માંડીને કહી. ત્યારે લોક બધું ખડખડાટ હસી પડ્યું અને રાજાએ કહ્યું, 'લઈ જા. હવે એ તારા દાસો જ છે.' ત્યારે અન્ય વણિકજનોએ એ ચારેને ગુલામીમાંથી છોડાવવા એને ઘણુંબધું ધન આપ્યું અને રાજાને પણ મોટો દંડ ચૂકવ્યો. એ ધન લઈને, પતિને પાછો મેળવીને, સૌ સજ્જનો પણ જેને આદર આપતા હતા એવી એ દેવસ્મિતા પાછી પોતાને નગરે તામ્રલિપ્તીમાં આવી અને પછી તો એનો ક્યારેય ન થયો પ્રિયવિયોગ.[2]

આમ જ, હે રાણી, ઊંચા કુળવાળી સ્ત્રીઓ વિશુદ્ધ મનથી અને શુદ્ધ શીલે તથા ચિત્તે સદાયે એકમનસ્ક થઈને પોતાના પતિને ઉપાસે છે, કારણ કે

'પતિ: સતીનાં પરમં હિ દૈવતમ્' ।

રસ્તામાં જ્યારે વસંતકને મોઢે આવી ઉચ્ચાદર્શવાળી કથા સાંભળી ત્યારે, પિતાનું ઘર છોડીને પોતે હજી હમણાં જ ચાલી નીકળેલી એ બદલ જે લજ્જા ઘર કરી ગઈ હતી તેને મનમાંથી વાસવદત્તાએ ખંખેરી નાખી, અને પહેલાં જે મન જેના પ્રૌઢ પ્રણયથી બંધાયેલું હતું તેને હવે તેની જ એકોપાસનામાં ઢાળ્યું. (૧૯૬)

ઇતિ શ્રી સોમદેવભટ્ટવિરચિત

કથાસરિત્સાગરમાંના કથામુખલંબકનામના

બીજા લંબકનો પાંચમો તરંગ સંપૂર્ણ. - (ક્રમશઃ)

પાદટીપ

૧. 'બહાર-ઇ-દાનિશ'માં આવી જ કથા આવે છે. 'સાગાઝ ફ્રોમ ધ ફાર ઇસ્ટ'માં એક મૉંગોલ કથા આવી જ છે. 'શુક સપ્તતિ'ની નવમી કથા આવી છે. હાતીમની કથાઓમાં (સ્ટેઇન ગ્રિયર્સનનું સંપાદન ૧૯૨૩) આવી કથા છે. 'ટેઇલ ઑફ ધ ગોલ્ડસ્મિથ'. આ જ ફેરફાર સાથે 'અરેબિયન નાઇટ્સ'માં (બર્ટન, વૉ.૫, ૩૩૫) છે.

૨. હેઇલનો પદ્યાનુવાદ અહીં જ અટકે છે. પછીનાં બોધવચનો કદાચ એમને કથાબહારનાં જ લાગ્યાં હશે. છે જ; છતાં આવી કથાઓનાં તો એ જ છે પ્રયોજનવચનો ! છેલ્લા ત્રણ શ્લોકોમાં અહીં છંદ પણ બદલાઈ ગયો છે. શાસ્ત્રીજી-દેસાઈ મૂળના વંશસ્થને આમ મૂકે છે :

પ્રતિવ્રતાઓ નિજ કંથને ભજે,
અનન્યભાવે વળી શીલ ના તજે;
સતી સ્ત્રીઓએ પતિ દેવ માનવા,
વસંતકે આ કથિયું વિચારવા.

બનફૂલની લઘુકથા

પ્રિન્સિપાલ સાહેબ

અનુ. કલ્પના વોરા

એ છોકરો આ વખતે પણ પરીક્ષામાં નાપાસ થયો. નાપાસ જ થાય ને ! એનાં માતાપિતાની તબિયત સારી રહેતી નહોતી - એ ટ્યુશન કરીને ગુજરાન ચલાવતો હતો. અભ્યાસ કરવાનો સમય જ ક્યાં હતો ? જો શાળાની પરીક્ષામાં પાસ થયો હોત તો કોઈક ઠેકાણે નોકરીની જોગવાઈ થાત - એનો સંસાર પીંખાઈ ન જાત.

છોકરો મારે ઘેર આવીને પોકેપોકે રડ્યો. કહેવા લાગ્યો, "કાકા, મને ભણવાનો વખત નથી રહેતો તો તે તો તમે જાણો છો ને? એ ઉપરાંત પરીક્ષા-ખંડમાં બધાએ કૉપી કરી હતી. મને કૉપી કરવાની આદત નથી તેથી હું કૉપી કરી ન શક્યો. ફક્ત બે માર્ક ઓછા આવ્યા એમાં તો સાહેબે મને ટેસ્ટમાં બેસવા ન દીધો. તમે સાહેબને કહો તો કંઈક થાય. મેં ખૂબ વિનંતી કરી - ખૂબ રડ્યો; પરંતુ સાહેબ કંઈ સમજવા જ તૈયાર નથી. તેઓ કહે છે કે-'નાપાસને પાસ કરવો એ તો નૈતિક ભ્રષ્ટતા કહેવાય. હું ભ્રષ્ટતાને ઉત્તેજન નહીં આપું.'"

મેં કહ્યું, 'મને ટેસ્ટ [illegible] દો પછી પા[illegible] જો પાસ થઈશ તો નોકરી મળવાની આશા છે - અને [illegible] પરિવાર ઊગરી જશે. પરંતુ તેઓ કહે છે : મેં પરી[illegible] હતી. હું પરીક્ષાખંડમાં વાતો કરતો હતો. મેં કહ્યું કે મેં [illegible] કર્યું નથી છતાં તેઓ મારો વિશ્વાસ કરતા નથી.'

વિદ્યાર્થીનું રડવું સાંભળી હું આચાર્ય કિરણ રાયને મળવા ગયો. કિરણ મારી સાથે ભણતો સોબતી હતો. હાલમાં એ મારો પડોશી હતો. મારે એની સાથે ઘનિષ્ઠતા હતી.

હું કિરણને ઘેર ગયો અને બહારથી બૂમ મારી : 'કિરણ ઘરમાં છે ?'

કિરણ દરવાજે આવ્યો, 'આવ, આવ. કેમ છે ? ઘણા દિવસે મળ્યો.'

મેં કહ્યું 'હું મજામાં છું.' પછી કોઈપણ ભૂમિકા બાંધ્યા વગર સીધી રવિની વાત ઉખેળી : 'રવિ આ વખતે માત્ર બે માર્ક માટે ટેસ્ટ આપતા અટક્યો છે. એને તું ટેસ્ટમાં બેસવા દે તો એને આ વર્ષે પરીક્ષા આપવાનો મોકો મળે. એની પરિસ્થિતિ સારી નથી. એ ટ્યુશન કરીને ગુજરાન ચલાવે છે. એને નોકરી મળશે તો એનો સંસાર ચાલી શકશે. તેથી હું તને વિનંતી કરું છું કે એને ટેસ્ટ આપતો અટકાવીશ નહીં.'

કિરણ ધૂંઆપૂંઆ થઈ ગયો : 'ના - તું બાળક જેવી માંગણી ન કરતો. નાપાસને પાસ કરવા એટલે અન્યાયને ઉત્તેજન આપવું. હું એ નહીં કરી શકું. એ ઉપરાંત એને પરીક્ષામાં બેસવા દઉં તો બીજા સાત વિદ્યાર્થીઓને પણ સંમતિ આપવી પડે.'

મેં કહ્યું, 'જો, આ છોકરાની વાત અલગ છે. તું એને પરીક્ષામાં બેસવાની રજા આપશે તો એક કુટુંબના ઉગરી જવાની આશા છે.'

કિરણ મારી પર ગુસ્સે થયો : 'તું અન્યાયનું સમર્થન કર. તારા ઉત્તેજનથી જ એ બધા માથે ચડી બેઠા છે. રવિને કોઈપણ હિસાબે ટેસ્ટમાં બેસવાની રજા મળશે નહીં. તેથી તું મને ખોટી વિનંતી કરતો નહીં.'

'વારુ, કિરણ; આ ટેબલ પર જે કવિતાની ચોપડી છે એ તેં મારી પાસેથી વાંચવા લીધી હતી. એ મારા પુત્રને મળી હતી.'

આચાર્ય કિરણ રાય પળભર સ્તબ્ધ થઈને પછી હસીને બોલ્યા : 'એ મારી છે, તારી નથી.'

હું આશ્ચર્યચકિત થઈને એની સામે જોઈ રહ્યો. ચોપડીના પૂંઠા પર સોનેરી શાહીથી મારું નામ લખેલું સ્પષ્ટ દેખાતું હતું.

કિરણ બારીમાંથી બીડમાં ચરતી ગાયો જોતો હતો; અને હું સ્તબ્ધ થઈને કિરણને જોતો હતો. હું એટલા માટે વિસ્મય પામ્યો કે કેટલી સહેલાઈથી એ જૂઠું બોલતો હતો ! □

અનુસંધાન] ઇતિહાસધારા [પૃ. ૩૩૭ પરથી

અમીચંદની જેમ હઝૂરીમલ્લ પણ શીખ હતો અને અંગ્રેજો સાથેના વેપારમાં પુષ્કળ કમાયો હતો. બરાબઝારમાં તેનું વિશાળ મકાન આવેલું હતું અને 'સંત શ્રી અકાલ'ના ગુણગાન માટે તેણે ૧૬ ગીતમંડળીઓ રાખેલી. પોતાના નામનો એક ઘાટ પણ તેણે બંધાવેલો.

છેલ્લે આપણે ગોવિંદરામ પર આવીએ તો, અઢારમી સદીના કલકત્તાના બે જમીનદારોમાંથી એ કાળા જમીનદાર હતા, જ્યારે બીજા હતા ગોરા જમીનદાર (જે પાછળથી 'કલેક્ટર'). કહેવાયા અને તેમના હાથ નીચેના કાળા જમીનદાર 'નાયબ કલેક્ટર' ગોવિંદરામની છડીની સ્વયં કશી વિશેષતા નહોતી, પણ તેમની સત્તાની રૂએ તેને એટલું મહત્ત્વ પ્રાપ્ત થયેલું. દેશી લોકોને લગતી બધી બાબતોમાં ગોરા જમીનદારને આ કાળા જમીનદાર પર જ આધાર રાખવો પડતો. કલકત્તાનો પહેલો ગોરો જમીનદાર ઈ. ૧૭૦૦માં નિમાયેલો રાલ્ફ શેલ્ડન હતો, જ્યારે કાળો જમીનદાર નંદરામ સેન. ગોવિંદરામની નિમણૂક ઇ. ૧૭૨૦માં થયેલી અને તેણે ૩૦ વરસ સુધી આ જમીનદારપણું એટલે કે નાયબ કલેક્ટરપદ જાળવ્યું. ઇ.સ. ૧૭૩૭ના ભયંકર વાવાઝોડામાં તૂટી પડેલા અને આજે પણ જેના અવશેષો જોવા મળે છે તે નવરત્ન મંદિર તેણે બંધાવેલું. □

'હિંદ છોડો' ચળવળના સ્વાતંત્ર્ય સૈનિકો

ડૉ. જયકુમાર ર. શુક્લ

રતિલાલ ધ્રુવ

૧૯૪૨ના ઑગસ્ટની ૧૨મી કે ૧૩ તારીખે 'ગુજરાત સમાચાર'વાળા ઇન્દ્રવદન ઠાકોર(તેઓ ભુરુજીના હુલામણા નામથી ઓળખાતા)ના નિવાસસ્થાને ચળવળના કાર્યક્રમ વિષે વિચારણા કરવા માટે એક સભા યોજવામાં આવી હતી. તેમાં અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ત્રીસ જેટલા કાર્યકરો હાજર રહ્યા હતા. આ સભામાં ચર્ચા-વિચારણા બાદ એમ નક્કી કરવામાં આવ્યું કે સરકાર સામે લડત આપવાના ભાગ રૂપે તાર-ટેલિફોનનાં દોરડાં કાપી નાંખવાં, રેલવે અને ટપાલનું તંત્ર અટકાવી દેવું. તે માટે ભાંગફોડના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તેમાં બૉંબ-પ્રવૃત્તિનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. તે માટે જુદા જુદા વૉર્ડોમાં, પોળોમાં યુવાનોની સભાઓ ભરીને વિવિધ પ્રવૃત્તિઓ માટે યોગ્ય યુવાનોને પસંદ કરવામાં આવ્યા હતા.

અમદાવાદમાં લડતનું વ્યવસ્થાતંત્ર એવી રીતે ગોઠવવામાં આવ્યું કે તેમાં ભાગ લેનાર એક વ્યક્તિ, બીજી વ્યક્તિના કામ વિશે કંઈ પણ જાણી ન શકે. બધા વૉર્ડોના યુવાનોની સભાઓ કરીને તેમાંથી આશરે ૧૫૦ છોકરાઓને પસંદ કરીને એક પ્રતિજ્ઞાપત્ર પર લોહીથી સહીઓ લેવામાં આવી. રતિલાલ ધ્રુવ દરિયાપુર વૉર્ડના કાર્યકર હતા અને દરિયાપુરમાંથી પસંદ કરેલા ત્રીસ જેટલા યુવાનોનો ઉપર્યુક્ત ૧૫૦ યુવાનોમાં સમાવેશ થતો હતો. પ્રતિજ્ઞાપત્રનો ભાવાર્થ આ પ્રમાણે હતો : 'દેશની આઝાદી માટે અમે સ્વેચ્છાએ, કોઈપણ જાતના બદલાની આશા રાખ્યા વિના અમારા સર્વસ્વનું બલિદાન આપીશું અને દેશને આઝાદી મળતા સુધી જંપીશું નહીં.' તે પ્રતિજ્ઞાપત્રમાં પ્રત્યેક યુવાનનું નામ, તેનું સરનામું વગેરે વિગત ભરવામાં આવતી હતી.

પ્રત્યેક યુવાનને નંબર કે ઉપનામ આપવામાં આવ્યું હતું અને સહકાર્યકરો નંબર કે ઉપનામથી જ પરસ્પરને ઓળખતા અને સંબોધતા હતા, જેથી એક જ પણ પકડાઈ જાય તો તે કોઈનું નામ, ગમે તેટલો પોલીસ દ્વારા પિટાવા છતાં, આપી શકે નહીં. રતિભાઈ ધ્રુવ દરિયાપુર વૉર્ડમાં 'ગુરુ' નામથી ઓળખાતા હતા. સામાન્ય રીતે ચાર-ચાર છોકરાઓની ટુકડીમાં એક જણને આગેવાની સોંપવામાં આવતી. એ આગેવાનને નાયક કામ સોંપતો તથા આવશ્યક સૂચનાઓ આપતો હતો. કામ સોંપવાની પદ્ધતિ એવી ગુપ્ત રાખવામાં આવતી કે એક ટુકડીના કાર્યકરો બીજી ટુકડીવાળાએ શું કામ કરવાનું છે તે જાણી શકે નહીં. કોઈએ પોતાની કામગીરીની વાત બીજાને કરવી નહીં તથા બીજાની કામગીરી વિષે કોઈને કંઈ પણ પૂછવું નહીં એવી કડક સૂચના દરેક જણને આપવામાં આવી હતી. તે સૂચનાનું અક્ષરશઃ પાલન કરવામાં આવતું હતું.

રતિભાઈ ધ્રુવ તે સમયે મજૂર મહાજન સંઘમાં મજૂર ઇન્સપેક્ટર તરીકે નોકરી કરતા હતા. લડતમાં ભાગ લેવાને કારણે મહાજન ગેરકાયદે ન ઠરે, તે માટે મહાજને લડતમાં ભાગ લેનાર ઇન્સપેક્ટરોને રાજીનામાં આપી દેવાની સૂચના આપી હતી. તે સૂચના અનુસાર રતિભાઈ ધ્રુવ સહિત પાંચ જણે મહાજનની નોકરીમાંથી રાજીનામાં આપી દીધાં હતાં.

લડત દરમિયાન પ્રેમદરવાજાની પોલીસ ચોકી પર સાર્જન્ટ માર્સને ફરજ સોંપવામાં આવી હતી. માર્સ તે વિસ્તારનાં લોકો ઉપર સખત ત્રાસ ગુજારતો હતો. મકાનોમાંથી સ્ત્રીઓને બહાર ખેંચી કાઢીને તથા નિર્દોષ છોકરાઓને પણ તે ખૂબ મારતો હતો. તેથી વિસ્તારનાં લોકોને તેના ઉપર ઘણો રોષ હતો. તેના ઉપર રાસાયણિક બૉંબ નાખીને તેને મારી નાખવાની યોજના ઘડવામાં આવી. તે માટે સાહસિક અને કસરતબાજ ક્રાંતિકારી યુવાન નારણભાઈ પટેલને પસંદ કરવામાં આવ્યા. નારણભાઈનો જન્મ ૭ ફેબ્રુઆરી, ૧૯૧૫ના રોજ થયો હતો. તેમની છાતીનો ઘેરાવો ૪૦ થી ૪૨ ઇંચ (૧૧૬ થી ૧૨૧ સે.મી.)નો હતો. તે દરરોજ પાંચસોથી વધારે દંડ કરતા હતા. ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૨ના દિવસે નારણભાઈ એક થેલીમાં કેમિકલ બૉંબ લઈને, રતિલાલ ધ્રુવની મજૂર મહાજન સંઘની સાઇકલ ઉપર, પ્રેમદરવાજાની પોલીસ ચોકી પર ફરજ બજાવતા સાર્જન્ટ માર્સ પર બૉંબ ફેંકવા ઊપડ્યા. રસ્તામાં તેમની સાઇકલ નાનકડા ટેકરા સાથે અથડાઈ અને મોટા ધડાકા સાથે થેલીમાંનો બૉંબ ફાટ્યો. તેનાથી નારણભાઈને પોતાને શરીર ઉપર સખત ઇજાઓ થઈ. તેમનાં આંતરડાં, જઠર, ફેફસાં, વગેરે અવયવો બહાર નીકળી ગયા. રતિભાઈ ધ્રુવ અવાજ સાંભળીને થોડીવારમાં જ ત્યાં દોડી આવ્યા. તેમણે નારણભાઈને જમીન ઉપરથી ઉપાડ્યા. એટલામાં તરત જ પોલીસવાન ત્યાં આવી પહોંચી. તે જોઈને લોકોએ પોતાનાં મકાનોનાં બારી-બારણાં ટપોટપ બંધ કરી દીધાં. પોલીસ અમલદારો પણ ભયભીત થયેલા હોય એવા જણાતા હતા. નારણભાઈને પાણી આપવામાં આવ્યું અને પોલીસવાનમાં જ તેઓ અવસાન પામ્યા. ભારત માતાની મુક્તિ માટે મંડાયેલા યજ્ઞમાં નારણભાઈએ પોતાના મોંઘેરા જીવનનું બલિદાન ધરી દીધું ! તે સમયે તેમની પાસે એક રિવૉલ્વર પણ હતી. રતિલાલ ધ્રુવના જણાવવા પ્રમાણે નારણભાઈ પટેલની શહીદી તથા તેમના વીરતાભર્યા સાહસની પ્રશંસા કરતા સમાચાર બર્લિન રેડીઓ પરથી પ્રસારિત કરવામાં આવ્યા હતા.

સાર્જન્ટ માર્સ મકાનોમાં જઈને મહિલાઓને, બાળકોને તથા નિર્દોષ લોકોને પણ મારતો હતો, તેથી તેને ગોળીબારથી ઉડાવી દેવાનો પ્રયાસ રતિભાઈ ધ્રુવ દ્વારા પણ કરવામાં આવ્યો હતો. રતિભાઈ બીજા પાંચ ક્રાંતિકારી યુવાનો સાથે ૭ કે ૮ ઑક્ટોબરના રોજ સાંજે, અગાઉથી આયોજન કરીને માર્સ પર હુમલો કરવા માટે લુણસાવાડની પોલીસ ચોકી

(અનુસંધાન પાન ૩૪૪ ઉપર)

સીદી બૂ સઈદ

પ્રીતિ સેનગુપ્તા

કાર્થાજથી નીકળી દોઢસોએક કિલોમીટર સુધી આગળ 'કાપ બ્લાન્ક' કહેવાતી ભૂશિર પાસે પહોંચીએ. આખા આફ્રિકા ખંડનું ફક્ત ટ્યુનિશિયાનું જ નહીં - સૌથી ઉત્તરનું એ સ્થાન છે. છેક ત્યાં સુધી જવાનું તો બન્યું નહીં. શરૂઆતમાં દરિયં. દેખાય તેમ પહાડી ઢોળાવોમાંથી જતા રસ્તે લા માર્સા નામના ગામ સુધી યજમાન લઈ ગયાં. એક વળાંક પછી, નીચે જમણી તરફ ભૂમધ્યનાં સ્પંદિત પાણી દેખાયાં. બીજા પહાડી વળાંકે તરત અદ્દશ્ય પણ થઈ ગયાં. લા માર્સાનો મુખ્ય ભાગ જરૂરિયાતોની ચીજોના બજારથી ભરેલો છે. ઘેઘૂર ઝાડની નીચેની ખુલ્લી જગ્યામાં છોકરાઓ રમી શકે છે. નજીકમાં લોકપ્રિય કાફે છે. ભૂરી રંગેલી છાપરીઓ નીચે ગોઠવેલાં ટેબલ-ખુરશીની સરસ, સાદી ગોઠવણી ગમી. વચ્ચે એક કૂવો હતો. એનું લાકડાનું ચક્ર એક જમાનામાં ઊંટ વડે ફેરવવામાં આવતું. ત્યાં અને છેક નીચે દરિયા-કિનારે ઘણી રેસ્ટોરાં છે. 'પ કોર્નિશ' નામના મુખ્ય રસ્તા પર, દરિયો દેખાય તે રીતે બનાવેલો ચાલવા માટેનો પહોળો પથ છે. એની એક તરફ તાલ-તરુ ઊગાડેલાં છે. ગામ સફેદ અને રમણીય લાગે છે.

સદંતર ભૂમધ્ય સાગરીય આ દર્શન હતું- લાક્ષણિક રંગો, વનસ્પતિ, વાતાવરણ. 'પ કોર્નિશ' પર અમે થોડું ચાલ્યાં. સરસ, સ્વચ્છ, સૂર્યસિક્ત દિવસ હતો. દૂર પર્વતો દેખાતા હતા. મને થયું, એ સિસિલીના તો નહીં હોય ? પછી નકશામાં જોયું. ભૂમધ્યના સામા કિનારા પરનો દેશ દેખાય એવી રોમેન્ટિક ઇચ્છા ખરી, પણ એવું બન્યું નહીં. પણ જે ભાગ ઉત્તર-પૂર્વે ઇટાલીના ટાપુ સિસિલીની દિશામાં ખેંચાયેલો છે તેના જ પર્વતો મેં જોયા હતા. સિસિલીના ત્રાપાનિ બંદરથી સોએક કિ.મી. ટ્યુનિશિયાનો જે ભાગ છે તે 'કાપ બોં' નામમની ભૂશિરનો છે.

લા માર્સાની પાસે પર્વતો પર વસેલું એક બહુ જ સુંદર ગામ છે સીદી બૂ સઈદ. એની નજીક જતાં મહામાર્ગ બે રસ્તે વહેંચાઈ જાય છે. જમણો વાહન ઊભાં રાખવાના ચોગાનમાં જાય છે, ને ત્યાંથી જ બજાર શરૂ થાય છે. ઊંચી-નીચી ગોઠવેલી ઈંટોના બનેલા ખાસ્સા ઢાળવાળા એ રસ્તાની બે બાજુ નાની દુકાનો હતી. દીવાલોને અઢેલીને, રસ્તા પર પાથરીને, દુકાનોની બહાર જ કેટલીય રંગરંગીન, આકર્ષક, લોભામણી, સુંદર ચીજો મૂકેલી હતી. હસ્તકળાની વસ્તુઓ પર તો હું વારી જાઉં છું. ત્યાં મને થયું, હું શું ખરીદીશ ? માટી-કળાના નમૂના સરસ છે, ને જાજમો પણ એટલી જ સરસ. ચર્મ-કળા, કપડાં, ઘરેણાં, ચિત્ર ધાતુ, અરીસા..? કે પછી ફક્ત ખજૂર ?

નવમી સદીમાં તો આ જગ્યાએ કશું જ નહોતું. દરિયો દેખાય તેમ એક ટોચ પર કિલ્લા જેવો એક મઠ હતો. પાંચ શતાબ્દીઓ સુધી ત્યાં સૂફી ધર્મના ઘણા વડાઓ શાંત વાતાવરણમાં વસતા રહ્યા. પછી ટ્યુનિશિયાના શ્રેષ્ઠીઓએ ત્યાં ગ્રીષ્મ-નિવાસો બાંધવા માંડ્યા, અને એનાં શાંતિ ને એકાંત તો ગયાં. લેખકો, કવિઓ, કળાકારો વગેરેમાં એ પ્રચલિત બનવા માંડ્યું, ને ધીરેધીરે પ્રવાસીઓમાં. ત્યાંના સૂર્યાસ્ત જોવા લોકો ખાસ જાય છે, ને રજાને દિવસે કાર્થાજ ને છેક ટ્યુનિસથી જુવાનિયાં ત્યાં ફરવા નીકળે છે. કાફે ને રેસ્ટોરાં ત્યાં અસંખ્ય ઊભાં થયાં છે.

સીદી બૂ સઈદ (Sidi bou Said) ગામ અસાધારણ સુંદર છે. એનું કારણ છે એનાં મુખ્યત્વે છાંપરાં વગરનાં મકાનો, ઈંટાળા રસ્તા, પર્વતીય પરિસર, સાગર-દર્શન, નીરભ્ર આકાશ ને તાજગીવાળી હવા. છતાં એની વિશેષતા છે આખા ગામને આવરી લેતા રંગોમાં. બધાં જ ઘરો, દીવાલો, પગથિયાં ફરજિયાત રીતે સફેદ રંગેલાં હોય છે. અરબી-મુસ્લિમ શૈલીનાં બારી-બારણાં, જાળી કે લાકડાના લંબચોરસ આકારોથી બંધ કરેલા ઝરુખા, કઠેડા, થાંભલા વગેરે બાકીનું બધું એક જાતના ભૂરા રંગે રંગવાનું હોય છે. તાજો હોય ત્યારે એ રંગ આકાશના અને ભૂમધ્ય સમુદ્રના લાક્ષણિક નીલ રંગને બરાબર મળતો આવે છે. ૧૯૧૫થી આ ધારો ચાલુ થયો, ને હજી અપવાદ વગર એનું પાલન થાય છે.

ભૂરાં બારણાં અને દરવાજાના સ્વરૂપની પણ પાછી ખાસિયત છે. એનાં લાકડાં પર મોટા, ગોળ, કાળા ખીલા કળાત્મક રીતે, સુડોળતાથી ઠોકી ચિત્રાકૃતિ ઉપસાવવામાં આવેલી હોય છે. પછી આ જ કળા ક્યારેક બારીઓ પર ને પટારા પર પણ જોવા મળે. એક જગ્યાએ મેં ભૂરાને બદલે કથ્થઈ રંગેલાં કમાડ જોયાં. એનું અપવાદરૂપ વૈવિધ્ય સારું લાગ્યું.

આમ જુઓ તો ગામડું, ને તે પણ ત્રીજા વિશ્વના દેશમાંનું. પણ ચોખ્ખાઈનો પાર નહીં. અસલમાં, ટ્યુનિશિયાનાં બધાં શહેરોમાં રસ્તા વળાય છે, અને દિવસમાં બે વાર નગરપાલિકા દ્વારા કચરો ઉપાડાય છે. ઉપરાંત, નાગરિકતાની સભાનતા પણ હશે, ત્યારે જ આવી ચોખ્ખાઈ જળવાયને ? ફરીથી, એક તરફ આનંદ થયો, ને બીજી તરફ ભારતની હાલત માટે જીવ બળ્યો.

સીદી બૂ સઈદના બજારના રસ્તાની સામે ઊંચાં પગથિયાં પછી ઉપરના ઓરડામાં એક કાફે છે. તરત નજરે ચડે, એટલે ત્યાં હમેશાં ભીડ રહે. પણ રસ્તા તો એની પાછળ થઈને આગળ આગળ જાય. દીવાલો અને બંધ દરવાજાની પાછળના બગીચાનો ખ્યાલ ઝાડની થોડી ટોચ જોઈને કરી લેવાનો. અંતે દરિયા પર પડતી ભેખડ ઉપર એક અગાશી જેવી જગ્યામાં એક કાફે હતું. પાળી તે જ બેઠક. નીચાં, નાનાં સ્ટૂલ ને ટેબલ. ભૂમધ્યનો ભૂરો, ઉન્મુક્ત વિસ્તાર. સૂર્યનાં તેજ ને ઉષ્ણતાની સામે ટક્કર મારતો પવન. ત્યાં એકલી કાળી, કડક કોફી અને લાક્ષણિક પરંપરા પ્રમાણેનું ચ્હાનું ગળ્યું પાણી મળે. એક માણસ સિગરેટ ફૂંકવામાંથી નવરો પડે ત્યારે પીણાનું પૂછવા કે આપવા આવે; તે પણ સિગરેટને આંગળી વચ્ચે પકડીને.

ટ્યુનિશિયાના પુરુષો ઊંચા, પાતળા, સ્હેજ વાંકડિયા વાળવાળા, અને સાધારણ રીતે શાંત મુખભાવવાળા લાગ્યા. કશીક રોચક પ્રકૃતિનો

ભાવ આવે. કોઈ પણ ગામમાં, કોઈ પણ સમયે કાફે ત્યાં બેઠેલા પુરુષોથી ભરેલાં જ હોય. એક શનિવારની સાંજે લોકલ ટ્રેન લઈને હું એકલી ફરી સીદી બૂ સઈદ ગઈ. બધાં જ ટ્રેનમાંથી નીકળીને અમુક દિશામાં જતાં હતાં. મારા પોતાના અનુમાન પ્રમાણે હું પણ એમ જ ગઈ. થોડી જ વારમાં બીજા રસ્તાઓ, લોકોની ભીડ, અનેક કાફે દેખાયાં. એક રસ્તો ઉપરના બજાર તરફ જતો હતો. ઢાળ ચડીને હું ત્યાં ગઈ. એટલી સરસ વસ્તુઓ ફરી નજર સામે આવી. દુકાનો ઉપરાંત લારીઓ લઈને પણ ફેરિયા ઊભેલા એમાં ખાસ કરીને ઘરેણાં, ડબ્બીઓ જેવી નાની ચીજો હતી. મારી નજર ફરીફરીને માટીની તપાવેલી, ચીતરેલી આકર્ષક વસ્તુઓ પર જતી હતી. વાડકા ને તાસકો તો મારે લેવાં જ પડ્યાં. એક તાસક પર અરબીમાં 'અલ્લાહ' લખેલું છે. ભાવ-તાલ પણ અહીં થોડો તો કરવો જ પડે, રિવાજ જ એ.

કોલેજિયન જેવાં દેખાતાં અસંખ્ય છોકરા-છોકરીઓ બજારના રસ્તે ફરવા નીકળેલાં. પણ પરદેશી સહેલાણીઓ જતાં રહ્યાં હતાં. રાત પડવા આવી હતી. ઘણા સ્ટૉલ બંધ ને ખાલી હતા. હું એકલી - નહીં નાગરિક, કે નહીં સહેલાણી. વલણને લીધે એ બેની વચ્ચેની. નહોતું મારે ઘણું ખરીદવું, કે નહોતો મને ચીટકવામાં ફેરિયાઓને રસ. બધાં જ જુવાનિયાં ત્રણ-ત્રણ કે ચચ્ચારનાં ટોળાંમાં હતાં. ક્યારેક ભેગાં, મોટે ભાગે એકલા છોકરાઓ કે એકલી છોકરીઓના સમૂહો. આવા દૃશ્યપટની વચમાં મારું એકલા હોવું કદાચ થોડું વિચિત્ર હતું, પણ હું શાંત ભાવ રાખીને ફરતી રહી.

દીવાલો પર લટકાવેલી જાજમોવાળી દુકાનો ને કાફે પૂરાં થયાં પછી મીઠાઈની દુકાનો આવી. જાતજાતની ટ્યુનિશિયન મીઠાઈ લીલા, ગુલાબી, બદામી જેવા રંગોમાં, સૂકો મેવો ચોંટાડેલી, બરફી જેવા ઘાટમાં મળતી હતી. તળેલા, કાણાવાળા વડા જેવી લાગતી મીઠાઈ બહુ લોકપ્રિય લાગી, કારણ કે બધાં જ ચાલતાંચાલતાં, એ ખરીદીને ખાતાં હતાં. ખજૂર પણ ઘણાં વેચાતાં હતાં.

દરિયા તરફ જતો રસ્તો જોઈ હું એ તરફ ગઈ. ઘણાં લોકો જતાં-આવતાં હતાં. ઢાળ ચડીને આવતાં લોકો જરા હાંફતાં હતાં. વળતો વળતો રસ્તો નીચે છેક દરિયે જતો હતો. ત્યાં અનેક હોડીઓ નાંગરેલી હતી. પૈસાદારો રજાના દિવસોએ સહેલ લેતા હશે. છેક ત્યાં હું ગઈ નહીં. ઘણી વાર લાગત. પહોળી પાળ પર થોડીવાર બેઠી. સાગરને, હોડીઓને, પર્વતોને, સરસ કપડાં પહેરીને મિત્રો સાથે ફરવા નીકળેલાં લોકોને જોતાં જોતાં સાંજને માણી રહી.

ગામની બીજી તરફ, એક હોટેલ ને એના ઉદ્યાનની પાસેથી દૃશ્યમાં કાર્થાજ, એનું મહાદેવળ, એક મસ્જિદ, દરિયા પરથી જતો રસ્તો, ટ્યુનિસ ને એથીયે દૂર સુધીનો વિસ્તાર સમાતો હતો. આ બધું, ને ભીડથી સાવ દૂર. ગામના શાંત, ઢાળવાળા, ઈંટાળા રસ્તા પર એક છોકરો બે હાથમાં બે આઈસક્રીમ લઈને પોતાને ઘેર જતો હતો. મારા કૅમેરામાં એ ઝડપાઈ ગયો. એક નાની હોટેલનું બારણું ખુલ્લું જોઈ હું અંદર ગઈ. ખુલ્લા, નાના ચોકમાં વાંકા-ચૂકા થડવાળું અંજીરનું ઝાડ ને ફૂલો હતાં. સીદી બૂ સઈદનું શાંત સ્વરૂપ પણ જોવા પામતી હતી.

હજી એક ખૂણે 'લેસ ફારેસ' નામવાળી દીવાદાંડીની સંજ્ઞા જોઈ હું એ તરફ ગઈ. સંભાળ ને સાફસૂફી માટે રાખેલા માણસે મને પગથિયાં ચીંધ્યાં. ઉપર ગોળ ફરતી સાંકડી અગાશી હતી. શું સદ્‌ભાગ્ય ! શું વિહંગાવલોકન ! બીજું કોઈ જ ત્યાં હતું નહીં. ભૂશિર 'બ્લૉંક' ને ભૂશિર 'બોં'ની વચમાં ઉપસ્થિત હું જાણે કોઈ પ્યુનિક રાજકુમારી હતી. ચોતરફ નિર્બંધ સમુદ્ર હતો. વિશ્વ - પ્રાચીન અને નૂતન - મારી આસપાસ નીચે પથરાયેલું હતું. તુષ્ટ માતરિશ્વા આનંદ પમાડી રહ્યો હતો. ભૂમધ્ય સ્થાનીય વાતાવરણમાંનું એ અલભ્ય એકાંત મને આકસ્મિક રીતે, ઇનામની જેમ પ્રાપ્ત થયું હતું. નિસર્ગનું એ અદ્‌ભુત સૌંદર્ય મારે જ માટે હતું. ચારેબાજુ હું ફરતી રહી, ઊભી રહી. સંપૂર્ણ શાંતિ, સભર એકાંત. દુનિયા ભુલાઈને પાછળ ક્યાંયે રહી ગઈ હતી - એટલા સમય માટે. મારા મનમાં સર્વત્ર અશેષ આનંદનો સ્પર્શ થઈ ગયો હતો. □

અનુસંધાન] 'હિંદ છોડો' [પૃ. ૩૪૨ પરથી

તરફ ઊપડ્યા. પ્રત્યેક યુવાન પાસે જર્મન બનાવટની એક-એક રિવૉલ્વર હતી. રતિભાઈ પાસે બે રિવૉલ્વર હતી. પોલીસ ચોકી પર હથિયારધારી પોલીસો હતા. આયોજન અનુસાર પોલીસ ચોકી પર એકાએક છાપો મારી યુવાનોએ ત્રણ જણાને તેમની રાયફલો સહિત પકડી રાખ્યા. રતિલાલે માત્ર છ કદમ દૂરથી સાર્જન્ટ માર્સ પર રિવૉલ્વર ચલાવી. પરંતુ તેમાંથી એક પણ કારતૂસ ફૂટ્યો નહીં. રતિભાઈએ તે પ્રસંગનું વર્ણન કરતાં મને જણાવ્યું, 'રિવૉલ્વરનો મેં અગાઉથી ટેસ્ટ કરી જોયો હતો. ચેમ્બર ફરે પણ ગોળી ન છૂટે. મારી સૂચના મુજબ ત્યાંથી સૌ એકદમ નાસી ગયા. અમે સૌ બચી ગયા. પરંતુ આજુબાજુના વિસ્તારનાં લોકોને, તે પ્રસંગ બાદ પોલીસોએ ખૂબ માર્યા.'

સામાન્ય રીતે દર મહિનાની ૯મી તારીખે, આંદોલન દરમિયાન હડતાળ પાડવામાં આવતી હતી. પરંતુ દરિયાપુરમાં ઓમકાર આયર્ન વર્ક્સ નામનું કારખાનું, તેના માલિક બાબુભાઈ પંચાલ ચાલુ રાખતા હતા. તેથી તે કારખાનું બંધ રખાવવા માટે બાબુભાઈની નજીકમાં જ એકવાર બૉંબ નાખવામાં આવ્યો. ત્યાર બાદ તે કારખાનું બંધ રહેવા લાગ્યું.

રતિભાઈને ઘેર બૉંબ, પત્રિકાઓ, વગેરે ગેરકાયદે સામગ્રી રાખવામાં આવતી હતી. પોલીસે એક વાર તેમને ઘેર અચાનક છાપો માર્યો ત્યારે બૉંબ વગેરે તેમણે નાખી દીધું. પરંતુ હઠીભાઈની વાડીમાંથી પ્રકટ કરવામાં આવતી ટાગોરિસ્ટોની પત્રિકાઓ મળી આવી હતી. ટાગોરિસ્ટ ગોરધન પટેલ તે અગાઉ ચારેક દિવસ માટે રતિભાઈને ઘેર રહી ગયા હતા. છાપો મારનાર પોલીસ અધિકારી ઝરીવાલાએ રતિભાઈની ધરપકડ કરી અને તેમને હિંદ સંરક્ષણ ધારાની કલમ ૧૨૬ હેઠળ દસ મહિના સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. તે અગાઉ ૨૨ નવેમ્બર, ૧૯૪૨ની સાંજે ઇદગા પોલીસ ચોકી પાસેના ઇલેક્ટ્રિક સ્વીચ હાઉસમાં બૉંબ મૂકવા માટે મોડર્સિંગ ગયા ત્યારે તેમની સલામતી માટે દેખરેખ રાખવા રતિભાઈ ગયા હતા. રતિભાઈએ છેલ્લે દુઃખ સહિત જણાવ્યું કે, 'લડત પછી અમને ગુંડા જેવા ગણવામાં આવતા હતા.' - મુલાકાત : ૧૬-૭-૧૯૭૦

રોમેન્ટિક કવિઓ

કવિ વર્ડ્ઝવર્થ

ડૉ. મધુસૂદન પારેખ

રોમેન્ટિક કવિઓના મંડળમાં સહુથી મહાન અને સહુથી વધુ આયુષ્યવાન કવિ વર્ડ્ઝવર્થ (William Wordsworth) હતો. અલબત્ત, અંગ્રેજી કવિતા પર છવાઈ ગયેલો આ કવિ કોઈ પહાડ હતો કે ઘનઘોર મેઘ હતો તે અંગે કવિતારસિક અંગ્રેજી પ્રજાવર્ગ ઠીકઠીક સમય દ્વિધામાં રહ્યો. પણ લાંબે ગાળે રોમેન્ટિક કવિઓની અનોખી હારમાળામાં તે એક વિસ્તૃત નક્કર પહાડ હોવાની પ્રતીતિ તેને થઈ.

અંગ્રેજી કવિઓમાં વર્ડ્ઝવર્થની સર્જકપ્રતિભા ક્રાંતિ સાથેના તેના ગાઢ સંપર્ક સાથે સંયોજિત રહી છે. એનો ક્રાંતિ સાથેનો આધ્યાત્મિક નાતો હંમેશાં અતૂટ રહ્યો છે. માનવજાતમાં ભ્રાતૃભાવ માટેનો તેનો ઉત્સાહ અપૂર્વ છે. એ જ્યોતમાંથી જ એનાં કાવ્યોમાં ભાવનાવાદની જ્વાળા પ્રકટે છે - વિવિધરૂપે તે જલતી રહે છે, ક્યારેય બુઝાતી ય લાગે તો પણ એ સર્વથા ઝબકતી રહી છે.

યુવાવસ્થામાં જ માનવતા માટે તેના અંતરમાં ઊંડી આશા છે. લેઈકના પ્રદેશોમાં (Lake District) માણસમાત્રની સારપ તેણે જોઈ-અનુભવી છે. રુસો (Rousseau)નાં લખાણોએ અને સ્વાનુભવે તેને મનુષ્ય સ્વભાવતઃ ઉમદા છે એવી પ્રતીતિ કરાવી છે. ફ્રેંચ ક્રાંતિ (French Revolution)માં તેને માનવસ્વાતંત્ર્યની ચળવળ દેખાઈ અને એ તેનો પુરસ્કર્તા બની રહ્યો. પણ સમય વીતતાં તેને આ ક્રાંતિની પાછળ પણ સામ્રાજ્યવાદ ડોકિયાં કરતો દેખાયો. નેપોલીઅન કંઈ માનવજાતની સ્વતંત્રતાનું સ્વપ્ન સિદ્ધ કરવા માટે સેનાની નહોતો બન્યો.



વર્ડ્ઝવર્થનાં ઉત્તમ પચીસ વર્ષો ઈંગ્લંડની લડાઈના સાક્ષી રહેવામાં વીત્યાં અને અંતે શાંતિ સ્થપાઈ ત્યારે વર્ડ્ઝવર્થની તમામ ઊંચી આશાઓ ખંડિત થઈ ગઈ હતી. એ બધા પ્રકારના સુધારાઓનો વિરોધી બની ગયો. ઔદ્યોગિકીકરણ ગામડાં અને ગ્રામજનોની દુર્દશા કરી નાખશે એ ભીતિ તેને સતત સતાવતી રહી. તેમ છતાં ક્રાંતિએ એનામાં જે ભાવના પ્રેરી હતી તે બંધુત્વની ભાવનાનો પુરસ્કર્તા ક્યારેય મટ્યો નહીં.

વર્ડ્ઝવર્થનું સદ્ભાગ્ય હતું કે એ પ્રકૃતિને ખોળે ઊછર્યો હતો. ઈ.સ. ૧૭૭૦માં કોકરમાઉથમાં (Cockermouth) તેનો જન્મ, પણ તેનું બચપણનું શિક્ષણ થયું લેઈક ડિસ્ટ્રિક્ટ (Lake District)ના કેન્દ્રમાં આવેલા હોકસ્હેડ (Hawkshead)માં. વિદ્યાર્થીઅવસ્થાથી જ તેનો રમ્ય, રળિયામણી પ્રકૃતિ સાથે માતા-પુત્ર જેવો નાતો બંધાયો અને તે જીવનના અંત સુધી અતૂટ રહ્યો. માતાના ખોળે ખેલતા વર્ડ્ઝવર્થને કેટલીકવાર આનંદસમાધિની ક્ષણો લાધતી. પ્રકૃતિ પ્રવાહી બનીને તેના આત્મા સાથે એકરૂપ બની જતી. અલબત્ત, એ સમયે પ્રકૃતિમાં કોઈ વિશિષ્ટ સંદેશો જોવા-સાંભળવાની તેની વય નહોતી; બલકે આનંદસમાધિની ક્ષણોમાં તે આરંભમાંતો મૂંઝાઈ-ગભરાઈ જતો. કિશોરવયમાં પ્રકૃતિ તેને માટે માત્ર ક્રીડાંગણ હતી. અલબત્ત, ક્યારેક ઉદ્વિગ્ન દશામાં તે હોય ત્યારે પ્રકૃતિનાં દૃશ્યો તેનામાં ઊર્મિતરંગ ઉછાળી રહેતાં.

યુવાવસ્થામાં તે પ્રકૃતિનો ચાહક બની રહ્યો. જો કે હજુ પણ એમાં દિવ્યતાનું દર્શન કરવાનો સમય તેને માટે પાક્યો નહોતો. પ્રકૃતિના સાન્નિધ્યમાં તેને એક પ્રતીતિ થઈ કે તેનામાં સૂક્ષ્મ નિરીક્ષણની નૈસર્ગિક બક્ષિસ હતી. કવિઓએ અત્યાર સુધી જેને અવગણ્યાં હતાં એવાં પ્રાકૃતિક દૃશ્યોના સમૂહો તેને ગાઢરીતે સ્પર્શી જતા.

આ અવગણના નિવારવા માટે તો તેણે ખાસ પ્રયોજનસહ 'એન ઈવનિંગ વૉક' (An Evening Walk) કૃતિ રચી. એમાં પ્રકૃતિનાં દૃશ્યોનાં યથાતથ અને તાજગીભર્યાં વર્ણનો છે. કવિ કોલરિજ (Coleridge)ને તો વર્ડ્ઝવર્થની આ કલા સુપેરે સ્પર્શી ગઈ.

પ્રકૃતિના કવિ તરીકે વર્ડ્ઝવર્થની સૌંદર્યદૃષ્ટિ ઘાસનાં મેદાનોમાં-બીડમાં, વૃક્ષોથી વીંટળાયેલા વનમાં, પહાડના ઉત્તુંગ શિખર પર ઠરતી અને એ સૌંદર્યને અધ્યાત્મની પરિભાષામાં પ્રકાશિત કરવાની તેની વૃત્તિ-કાવ્યપ્રવૃત્તિ હતી. કુદરતના જુદા જુદા ચહેરા, મનોભાવ તેને આધ્યાત્મિક અર્થઘટન માટે પ્રેરણારૂપ બની રહેતા; અને એમાંથી તે નૈતિક આશ્વાસન શોધતો, પ્રાપ્ત કરતો.

વર્ડ્ઝવર્થની કવિકારકિર્દીનો ઉત્તમ સમય બારેક વર્ષનો, ઈ.સ. ૧૭૯૬થી ૧૮૦૮ સુધીનો ગણી શકાય. અલબત્ત, એની આવરદા ખાસી લાંબી હતી. ઈ.સ. ૧૮૫૦માં તે મૃત્યુ પામ્યો. ત્યાં સુધી તેની કલમ પ્રવૃત્ત રહી હતી, પણ તેની કવિપ્રતિભાના ઝબકારા પાછળની કારકિર્દીમાં ઓછા થઈ ગયા હતા. કોઈ એમ કહેવા પણ પ્રેરાય કે વર્ડ્ઝવર્થની કવિપ્રતિભા અને ફ્રેન્ચ ક્રાંતિ બંનેનો અસ્ત એકસાથે થયો. લોકશાહીનો પ્રબળ પુરસ્કર્તા વર્ડ્ઝવર્થ મહાન કવિ હતો, પણ એ પછીનો વળાંક શુભદાયી ન નીવડ્યો.

બાર વર્ષની ઉજ્જવળ કવિ-કારકિર્દીમાં વર્ડ્ઝવર્થે પ્રથમ કક્ષાનું કશું જ આપ્યું નથી એમ તો નહીં કહેવાય. એની એક યશોદાયી કૃતિ 'ધ રિક્લૂઝ' (The Recluse) તેની પાછળની કારકિર્દીમાં પ્રકાશિત થઈ

હતી; અને કેટલાંક ઉત્તમ સૉનેટો - જેમકે 'આઈ થોટ ઑફ થી' (I thought of The), 'સ્કોર્ન નૉટ ધ સૉનેટ' (Scorn not the Sonnet)-એની ઊતરતી વયમાં જ રચાયેલી કૃતિઓ નથી ?

કવિ તરીકે વર્ડ્ઝવર્થનો જીવન પ્રત્યેનો અભિગમ સમજીએ તો એને બે વિષયમાં દિલચસ્પી છે - કુદરતમાં અને માનવમાં :

વર્ડ્ઝવર્થની ઊંડી, તીવ્ર સંવેદનશીલતાને, પ્રકૃતિના કવિઓને માત્ર ઇન્દ્રિયજન્ય દૃશ્યોમાં આનંદ આવતો હતો તેવો આનંદ નથી ખપતો. એને માટે તો પ્રકૃતિ અધ્યાત્મજ્ઞાનની જન્મદાત્રી છે. એકાદ પ્રિમરોઝ (Primrose) અગર તો ડેફોડિલ માત્ર સૌંદર્ય પ્રકટ કરનારાં પ્રકૃતિનાં અંગ નથી, માનવજાતને પ્રકૃતિનો કોઈ સંદેશ પ્રસ્તુત કરનારાં પ્રતીકો છે. કોઈક સૂર્યોદય આ કવિ માટે રંગનો ઉત્સવ નથી, એ ક્ષણ તો આધ્યાત્મિક નૈવેદ્યની છે. પ્રકૃતિનું દર્શન કરતાં તેનામાં આધ્યાત્મિક આનંદની કેવી તો ચમક પ્રવેશી જાય છે :

Magnificient
The morning rose in memorable pomp
Glorious as e'er I had beheld - in front
the sea lay laughing at a distance : near
The solid mountain shone, bright as the clouds,
Grain-tinetured, drenched in empyrean light;
And in the meadows and the lower grounds
Was all the sweetness of a cmmon dawn-
Dews, vapours, and the melody of birds,
And labourers going forth to till the fields.

* * *

My heart was full; I made no wows, but wows
Were then made for me; bond unknown to me
Was given, that I should be, else sinning greatly,
A dediated spirit.

પ્રકૃતિનાં લલિત-ભવ્ય બાહ્ય અંગો સાથે તેને નિસબત નથી. પુષ્પની સુગંધ કે એનો સ્પર્શ - એના કાવ્યનો - રસનો વિષય નથી. એ તો કાન માંડીને સાંભળે છે અને પ્રતીત કરે છે કે પ્રકૃતિનાં વિવિધ અંગોની ગતિવિધિની નીચે એક કેવો સંવાદ (Harmony) રહ્યો છે ! વર્ડ્ઝવર્થ, કોલરિજ, બાયરન, શેલી, કીટ્સ - આ બધા જ પ્રકૃતિ કવિઓ છે, પણ એમનો પ્રકૃતિ પ્રત્યેનો અભિગમ અલગઅલગ છે. વર્ડ્ઝવર્થ અને શેલીમાં એક સામ્ય છે. બંને પ્રકૃતિમાં બુદ્ધિમત્તા આરોપે છે. તેઓ માત્ર પ્રકૃતિના કવિ જ નથી, પેગંબર પણ છે. એમનાં ચિત્ત બાહ્ય કુદરતી દૃશ્યોમાંથી વિચારમાં સરકી જાય છે. તેમ છતાં આ બે કવિઓમાં વૈષમ્ય પણ છે. વર્ડ્ઝવર્થને પ્રકૃતિમાં શાંતિ અને વ્યવસ્થા અંતર્ગત હોવાનો અનુભવ મળે છે. શેલીને દેખાય છે પ્રેમ. શેલી સ્વપ્નસેવી છે, વર્ડ્ઝવર્થના આધ્યાત્મિક ચિંતનમાં એને સ્થાન નથી. શેલીની રીતિ વિસ્તારીને કહેવાની, વેરવિખેર છે. વર્ડ્ઝવર્થ એકાગ્રચિત્ત છે, એ નિયંત્રણ જાળવે છે. પણ કેટલીકવાર નિયંત્રણનો દબાવ એવો વધી જાય છે કે વૈવિધ્યનો ભોગ લેવાય છે, એકતાનતા આવી જાય છે. કેટલીકવાર પ્રકૃતિને નીરખતાં એ આધ્યાત્મિક ભાવાવેશમાં આવી જાય છે. એ વખતે કૃતિમાં કાવ્યત્વને સ્થાને એનો આનંદ-ઊભરો માણવાનો હોય છે. વિશાળ ધરતી અને સમુદ્ર, આકાશમાં વાદળોની ઘટા... કવિ કહે છે -

And in their silent faces can be read
Unutterable love.

કવિનો આત્મા એ દૃશ્યનું આકંઠ રસપાન કરે છે અને સૃષ્ટિ સમગ્ર એના આત્મા સાથે એકાકાર બની જાય છે -

His spirit drank
The Spectacle : sensation, soul and form
All melted in him : they swalled up
His animal being : in them did he live
And by them did he live : they were his life,
In such access of mind, in such high hour
Of visitation from the living God,
Thought was not ; in enjoyment it expired,
No thanks he professed no regret
Rapt into still communion that transcends
The imperfect office of prayer and praise
His mind was a thankgiving to the power
That made him : it was blesssedness and love

જ્યારે ગૂઢ રહસ્યવાદ, આનંદમાંથી પ્રકટતી ભાવભરતી અને કાવ્યત્વ ત્રણેનો સંગમ થાય છે ત્યારે 'ટિન્ટર્ન એબી' (Tintern Abbey) જેવી તેની ઉત્તમ કૃતિ આપણને સાંપડે છે.

પણ જ્યારે કવિનો નીતિવાદ, આસ્તિકવાદ જોર પકડે છે અને ગૂઢ રહસ્યને નિમિત્તે ધર્મશાસ્ત્રાત્મક સૂત્રો પિરસાય છે ત્યાં કવિતા યાંત્રિક બની રહે છે. નીતિવાદ કવિની કલ્પના પર છવાઈ જાય છે. (ચાલુ)

ફોટોવાર્તા

કૅમેરા ક્લબ ઑફ કર્ણાવતી દ્વારા આયોજિત ગુજરાત સ્ટેટ ફોટોગ્રાફી કૉન્ટેસ્ટ - '૯૩

ઓગણીસમી ઑગસ્ટ એ 'વિશ્વ ફોટોગ્રાફી દિન' તરીકે મનાવાય છે. આ નિમિત્તે અમદાવાદની કૅમેરા ક્લબ ઑફ કર્ણાવતી'ના ઉપક્રમે ફોટોગ્રાફી સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમો દ્વારા તા. ૧૯ થી તા. ૨૫ ઑગસ્ટ સુધી ઉજવણી થઈ. જોગાનુજોગ આ વર્ષ એ ભારતમાં 'પિક્ટોરીઅલ ફોટોગ્રાફી'નું શતાબ્દી વર્ષ હોઈ આ દિવસોમાં 'પિક્ટોરીઅલ ફોટોગ્રાફિક કૉન્ટેસ્ટ-'૯૩'ની એક સ્પર્ધાનું પણ આયોજન થયું અને તે માટે આવેલા ફોટોચિત્રોમાંથી પસંદગી પામેલા ફોટોચિત્રોનું એક પ્રદર્શન પણ અહીંની સ્ટેટ આર્ટ ગેલેરી-કલાગુરુ રવિશંકર રાવળ કલાભવનમાં યોજાયું હતું. રાજ્યની લલિત કલા અકાદમીએ પણ તેમાં સાથ-સહકાર પુરાવ્યો હતો.


આ માટે ગુજરાતમાંથી ૯૦૦ જેટલાં ફોટોચિત્રો આવેલાં, જેમાંથી બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીની ૪૯ પ્રિન્ટ્સ, ૭૫ રંગીન ફોટોપ્રિન્ટ અને ૩૭ રંગીન સ્લાઈડ્સ પસંદગી પામી હતી. ત્રણે વિભાગમાં ત્રણ ત્રણ પારિતોષિકો તથા પાંચપાંચ 'સર્ટિફિકેટ ઑફ મૅરિટ' આપવામાં આવેલાં. આ ઉપરાંત, બે ખાસ ઇનામો પણ અપાયાં, જેમાં એક સ્ત્રી છબીકારને તથા બીજું સોળ વર્ષના નવયુવક કે બાળાને આપવામાં આવ્યું હતું. સર્વશ્રી પ્રાણલાલ પટેલ, ઝવેરીલાલ મહેતા તથા વિનોદ પારુલ તેના નિર્ણાયકો હતા. આ ત્રણેય અહીંના ખ્યાતનામ ફોટો કલાકારો છે અને વિનોદ પારુલ તો 'કૅમેરા ક્લબ ઑફ કર્ણાવતી'ના પ્રમુખ પણ છે.

બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીના વિભાગમાં સોમાભાઈ મિસ્ત્રીને પહેલું, જી.એમ. માસ્ટરને બીજું અને દિનેશ ખત્રીને ત્રીજું ઇનામ અપાયું. આ ત્રણેય અમદાવાદમાં જ છે.



રંગીન ફોટોગ્રાફીમાં ભૂજના ચમન જે. કંસારાને પહેલું, અમદાવાદના મયંક પ્રજાપતિને બીજું અને ભૂજના દિનેશ છત્રાલને ત્રીજું ઇનામ મળ્યું.

રંગીન સ્લાઇડ્સના વિભાગમાં અમદાવાદના વ્રજ મિસ્ત્રીને પહેલું, અમદાવાદના ડૉ. આર.બી. બલ્લરને બીજું અને સિદ્ધપુરના ભરત પંચાલને ત્રીજું ઇનામ અપાયું.




સ્ત્રી ફોટોગ્રાફર નયના શોધનને તથા ઊગતા ફોટોગ્રાફર પીયૂષ પટેલને ખાસ ઇનામો તથા વ્રજ મિસ્ત્રીને સર્વોત્તમ 'ઍન્ટ્રન્ટ' તરીકેનો ઍવૉર્ડ એનાયત થયાં.

આ ઉપરાંત, કર્ણાવતી ક્લબ દ્વારા બે દિવસના એક વર્કશૉપનું પણ આયોજન થએલું, જેના વિષય હતા કલર પ્રિન્ટ પ્રોસેસિંગ, ક્રીએટિવ સ્લાઈડ મેકિંગ, પ્રૉડક્ટ ફોટોગ્રાફી, સ્ટુડિઓ લાઈટિંગ અને વિડીઓગ્રાફી.

મથાળે : રંગીન ફોટો પ્રિન્ટના વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર છબી (ફોટો : કંસારા ચમન-ભૂજ)
ડાબી બાજુ : ઝૂમ લેન્સનો વિનિયોગ કરી તબલાંના તાલધ્વનિના પ્રસારને મૂર્ત કરતી છબી. (ફોટો : ધનસુખ પટેલ - વડોદરા)





'બ્લેક એન્ડ વ્હાઈટ' છબી વિભાગમાં પ્રથમ પુરસ્કાર પામનાર છબી (ફોટો : સોમાભાઈ બી. મિસ્ત્રી - અમદાવાદ) અને જમણી બાજુ : દ્વિતીય પુરસ્કાર પામનાર છબી (ફોટો : જી. એચ. માસ્ટર - અમદાવાદ). નીચે : રંગીન સ્લાઈડ્સના વિભાગમાં ડાબી બાજુ પ્રથમ અને જમણી બાજુ દ્વિતીય પુરસ્કાર પામનાર બે છબીચિત્રો ધ. હોલી ફુટ - પવિત્ર ચરણારવિંદ. (ફોટો : વ્રજ મિસ્ત્રી - અમદાવાદ) અને ધ ફિશરમેન-માછીમારો (ફોટો : ડૉ. આર. બી. બલ્લર - અમદાવાદ).





તા. ૨૩મીએ વડોદરાના જાણીતા ફોટોકલાકાર ધનસુખ પટેલનાં ફોટોચિત્રો ફેશન પ્રોડક્ટ્સ અને એડવર્ટાઈઝિંગ તથા રંગીન ઔદ્યોગિક ફોટોગ્રાફ્સનું પ્રદર્શન હતું. જેમાં એમના ફોટોચિત્રોમાં પ્રકાશ આયોજન, ચિત્રસંરચના, વિગતસભર સ્પષ્ટ ફોકસિંગ અને ઉત્તમ પ્રિન્ટ્સને કારણે ધ્યાનાકર્ષક બની રહ્યું હતાં. એમનાં અનેક ફોટોચિત્રોએ રાષ્ટ્રિય તેમજ આંતરરાસ્ટ્રિય ઇનામો મેળવ્યાં છે. પોતાની સ્લાઈડ્સ સ્ક્રીન પર બતાવવા સાથે એમણે એ પ્રત્યેક સ્લાઈડ વિષે વિગતે ચર્ચા પણ કરી હતી. આ જ રીતે વડોદરાના એવા જ બીજા જાણીતા ફોટોગ્રાફર સુરેશ પારેખે પોતાનાં બ્લેક એન્ડ વ્હાઈટ તથા રંગીન ફોટોચિત્રો સ્ક્રીન પર બતાવવા સાથે તેનું રસદર્શન કરાવ્યું હતું. એમનાં છબીચિત્રોમાં કાવ્યાત્મક્તા તથા ભાવદર્શન ખાસ ધ્યાન ખેંચતાં હતાં.

'મીટ ધ એક્સપર્ટ્સ'ના એક કાર્યક્રમમાં ફોટોગ્રાફીના નિષ્ણાતો સાથે ડેલિગેટોનું મિલન ગોઠવાયેલું, જેમાં અરસપરસ અનેકવિધ ટેકનિકલ મુદ્દાઓ અંગે પ્રશ્નોત્તરી તથા ચર્ચા થઈ હતી. એમાં અનેક નિષ્ણાત ફોટોગ્રાફરોએ હાજરી આપી હતી.

- બંસીલાલ દલાલ



રંગીન પ્રિન્ટ વિભાગમાં દ્વિતીય સ્થાન પામનાર મયંક પ્રજાપતિનું છબીચિત્ર

અડકો દડકો

સફરજનની વાર્તા

બગદાદનો ખલીફ હારુન અલ રશીદ એક રાત્રિએ વેશપલટો કરીને નગરચર્યા જોવા નીકળ્યો હતો. તેની સાથે તેનો વિશ્વાસુ અંગરક્ષક મશરૂર હતો. ફરતાં ફરતાં તેઓ નદીકિનારે આવ્યા. આકાશમાં પૂર્ણચંદ્ર પ્રકાશતો હતો. તેના અજવાળામાં એક બુઢ્ઢો માછીમાર તેમના જોવામાં આવ્યો. તેના એક હાથમાં લાંબી લાકડી હતી અને બીજા હાથમાં જાળ હતી. તે બબડતો હતો : 'ઓ પરવરદિગાર ! આટઆટલી મજૂરી કરવા છતાં ઈન્સાનને પૂરું ખાવાનું પણ મળતું નથી. નસીબ ન હોય તો તેણે નિસાસા નાખીને જિંદગી પૂરી કરવી પડે છે !'

તે સાંભળીને ખલીફે મશરૂરને કહ્યું : 'આ કોઈ બહુ દુ:ખી માણસ લાગે છે.'

એ શબ્દો કાને પડતાં માછીમારે કહ્યું : 'માત્ર દુ:ખી નહીં, કમનસીબ પણ એટલો જ છું. ઘેર પાંચ છોકરાં અને એક બૈરી - એમ છ જણનાં પેટ ભરવા માટે વહેલી સવારે નદી પર આવ્યો હતો અને પાણીમાં જાળ નાખી બેઠો હતો. મધરાત થઈ તો પણ એક માછલું ય મારી જાળમાં આવ્યું નથી. હવે હું તેમને શું ખવડાવવાનો છું ? મારી પાસે એવી કોઈ વસ્તુ પણ નથી કે જે ગીરો મૂકીને કે વેચીને હું ખાવાનું લાવી શકું.'

ખલીફે કહ્યું. 'ભાઈ, એમ હિંમત હારવાથી દુ:ખ દૂર થઈ જતું નથી. માટે ફરીથી પ્રયત્ન કર. ખુદા તને જરૂર મદદ કરશે.'

માછીમારે કહ્યું : 'ના, ભાઈ, ના ! નસીબ જ ફૂટેલું હોય તો પછી કંઈ વળતું નથી.'

ખલીફે કહ્યું : 'તારો પ્રયત્ન નિષ્ફળ નહીં જાય, તેની હું ખાતરી આપું છું. મારું નામ લઈને જાળ નાખ. તેમાં જે કંઈ નીકળશે તેની હું તને એક સો સોનામહોર આપીશ, જો કંઈ પણ નહીં નીકળે તો પણ આપીશ.'

ખુશ થઈ માછીમાર દોડતો દોડતો નદીકિનારે ગયો અને જાળ પાણીમાં નખી તો તેમાંથી એક પેટી નીકળી. સો સોનામહોર આપીને ખલીફે એ પેટી પાસે રાખી લીધી. મહેલમાં લઈ જઈ સવારે તેને ઉઘાડી તો તેમાંથી એક સ્ત્રીનું મડદું નીકળ્યું. મડદા પરથી લાગ્યું કે આ જુવાન સ્ત્રી ઘણી ગોરી અને સુંદર તેમજ ખાનદાન કુટુંબની હોવી જોઈએ. છરાના ઘા વડે તેને મારી નાખી તેને એક રેશમી શેતરંજીમાં લપેટવામાં આવી હતી.

આ જોઈને ખલીફની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. તરત તેણે પોતાના વજીરને બોલાવ્યો, અને આવતાંની સાથે જ તેને પૂછ્યું : 'વજીર ! તમે આ બાઈના ખૂનિ વિશે શું જાણો છો ?' વજીરે કહ્યું : 'મને કશી ખબર નથી, નામદાર !'

તે સાંભળીને ખલીફ ગુસ્સે થયો. તેણે જોરથી કહ્યું : 'શું હારુન અલ રશીદના રાજ્યનો કારભાર તમે આવી રીતે ચલાવો છો ? શું મારા રાજ્યમાં એક ખાનદાન કુટુંબની બાઈનો ખૂની તેની લાશને નદીમાં ફેંકી દઈને બેફિકર ફરી શકે છે ? મારા રાજ્યમાં મારી પ્રજાની આટલી જ સલામતી ? ખુદાના દરબારમાં હું આનો શો જવાબ આપીશ ? વજીરજી, ત્રણ દિવસમાં આ ખૂનીનો પત્તો મેળવો. નહીં તો તમને જ શૂળીએ ચડાવીશ.'

વજીરે શહેરના કોટવાળને બોલાવી ખૂનીને શોધી લાવવા હુકમ કર્યો. કોટવાળે સિપાઈઓને અને છૂપી બાતમી આપનારાને ચારેબાજુ દોડાવ્યા. ત્રણ દિવસ વીતી ગયા પણ ખૂનીનો પત્તો ન લાગ્યો. વજીરની ચિંતાનો પાર ન રહ્યો.

એવામાં ખલીફે તેને બોલાવીને પૂછ્યું તો વજીરે ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં. ખલીફે તેને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. તે સાંભળીને વજીરના ઘરમાં રોકકળ મચી ગઈ. કોઈએ વળી કહ્યું કે વજીરને આવી ભારે સજા ન કરવી જોઈએ, ખલીફે સમજવું જોઈએ. પણ ખલીફ ન માન્યો.



બીજે દિવસે સવારે શહેરના એક મોટા ચોકની વચ્ચે શૂળી રોપવામાં આવી. વજીરને શૂળીએ ચડતો જોવા લોકોનાં ટોળાં ભેગાં થયાં. સૌ ખલીફની ન્યાયપરાયણતાનાં વખાણ કરતાં હતાં. વજીરે શૂળીએ ચડતાં પહેલાં ખુદાની બંદગી કરી, જમીનને ત્રણ ચુંબનો કર્યાં અને પછી આંસુભરી આંખે સગાંવહાલાંની સાથે હાથ મિલવ્યા, ત્યાં-

ત્યાં દૂરથી એક અવાજ આવ્યો : 'રહેવા દો, રહેવા દો, વજીરજી ! શૂળીએ ચડવાનું રહેવા દો.'

એકઠાં થયેલાં માણસોની નજર એ અવાજ તરફ ગઈ, તો ગુલાબી ગાલ, કાળી-ભમ્મર આંખો અને સફેદ દૂધ જેવાં વસ્ત્રોમાં સજ્જ થયેલો એક કદાવર જુવાન દોડતો આવતો દેખાયો. પળવારમાં તે વજીરની સામે આવીને ઊભો રહ્યો અને બોલ્યો : 'વજીરજી ! ખરો ખૂની હું પોતે છું. મને શૂળીએ ચડાવો.'

આ સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયાં. વજીરે તેની સામે નજર માંડી. તેને કંઈ સમજ પડી નહીં. એવામાં વળી બીજો અવાજ સંભળાયો : 'ખોટી વાત, ખોટી વાત ! ખૂની એ નથી પણ હું છું. મને શૂળીએ ચડાવો.'



સૌએ આ બીજા અવાજની દિશામાં નજર કરી તો એક બુઢ્ઢો માણસ લોકોના ટોળામાંથી માર્ગ કરી શૂળી આગળ આવીને ઊભો.

સૌના અચંબા વચ્ચે બંનેએ શૂળીએ ચડવાની તૈયારી બતાવી.

વજીર આ બનાવથી ભારે વિમાસણમાં પડ્યો. તેણે આ બે માણસો સામે જોઈને પૂછ્યું : 'શું તમે બંને જણાએ ભેગા મળીને ખૂન કર્યું છે ?'

જુવાને કહ્યું : 'ના, ખૂન તો મેં એકલાએ જ કર્યું છે. ખૂન કરીને મેં શબ પેટીમાં પૂરીને નદીમાં નાખી દીધું હતું.'

વૃદ્ધે કહ્યું : 'તેની વાત ખોટી છે. એ મારો જુવાન ભત્રીજો અને જમાઈ હજુ અણસમજુ છે. ને મારા તરફના પ્રેમને લીધે મારે બદલે શૂળીએ ચડવા તૈયાર થયો છે.'

આ રીતે ખૂનની બાબતમાં વિવાદ ચાલતો જોઈ, વજીરે તેમને ખલીફ પાસે મોકલી આપ્યા. પછી ખલીફનો હુકમ આવતાં વજીર પણ તેની પાસે આવી પહોંચ્યા.

ખલીફે કહ્યું : 'સાચેસાચી વાત કહી દો.'

તો વૃદ્ધ અને જુવાન બંનેએ પોતે જ બાઈનું ખૂન કર્યાની વાત આગળ કરી. આ સાંભળી ખલીફે વજીરને કહ્યું : 'આ બંને જણાને શૂળીએ ચડાવી દો.'

હવે જુવાનથી રહેવાયું નહીં. ને ખૂબ આવેશમાં આવીને જોરથી બોલી ઊઠ્યો : 'નામદાર ખલીફ ! હું ખુદાના સોગંદ ખાઈને કહું છું કે આ ખૂ[n] મેં જ કર્યું છે. તે માટે મારા આ નિર્દોષ કા[કા] અને સસરાને શૂળીએ ચડાવવાનો હુકમ ક[રવો] તે વાજબી નથી. મારા તરફના પ્રેમને લી[ધે] જ તેઓ આ ગુનો પોતાના માથે ઓઢી લે[વા] તૈયાર થયા છે. પણ ખૂન મેં જ કર્યું છે અ[ને] જેનું ખૂન કર્યું છે તે મારી ઓરત છે. મેં મા[રા] સગા હાથે તેને મારી નાખી છે ને પેટીમ[ાં] પૂરી તૈગ્રીસ નદીમાં નાખી દીધી છે.'

'તો આ વાત પહેલાં જાહેર કેમ [ન] કરી ?' ખલીફે કરડાકીથી પૂછ્યું.

'નામદાર, કારણ એ છે કે અત્યાર સુ[ધી] હું માનતો હતો કે મારે આ કમનસીબ વા[ત] કોઈને કહેવી નહીં પડે. રાતના અંધારામ[ાં] પેટીને કોઈ નહીં જુએ ને તે દરિયામ[ાં] પહોંચી જશે. પણ મારે બદલે નિર્દોષ વજીરને શૂળીએ ચડતાં જોઈને મારાથી ન રહેવાયું. મને થયું કે એક પાપ તો મેં કર્યું છે તેમ[ાં] આ બીજું પાપ શા માટે ઉમેરું ?'

ખલીફે પૂછ્યું : 'અરે અભાગી જુવાન! તારે આવું પાપ શા માટે કરવું પડ્યું ?'

જુવાને કહ્યું : 'નામદાર ! આ ખૂનની પાછળ જે રહસ્ય છુપાયેલું છે તે આખી આલમ માટે બોધ લેવા જેવું છે. વળી આપનો હુકમ છે, તો હું એ રહસ્ય સાચેસાચું કહી બતાવું છું.'

પછી જુવાને ગળગળા સાદે વાત આગળ ચલાવી : 'આ વૃદ્ધ પુરુષની પુત્રી સાથે મારાં લગ્ન મારી વીસ વર્ષની ઉંમરે થયાં હતાં. તેના ઉપર મને અનહદ પ્રેમ હતો અને તે પણ મને ખૂબ ચાહતી હતી. અમારા એ સુખી સંસારને વધારે સુખમય બનાવવા ખુદાએ અમને ત્રણ પુત્રોની ભેટ આપી હતી. એવામાં એક દિવસ મારી

ઓરત માંદી પડી. તેની માંદગીને હટાવવા મેં ઘણા હકીમની દવા અને રાતદિવસ તેની કરી ચાકરી હતી. ત્રણ મહિને તેને થોડો આરામ થયો. એવામાં એને સફરજન ખાવાનું મન થયું. હું આખા શહેરમાં ફર્યો, શહેર બહાર આવેલા બાગબગીચા ઢૂંઢી વળ્યો પણ ક્યાંયથી મને સફરજન મળ્યું નહીં. મને મનમાં અફસોસ થયો કે મારી વહાલી ઓરતની આટલી નાની-શી ઇચ્છા પણ હું પૂરી કરી શકતો નથી ! સફરજનની મોંમાગી કિંમત આપવા હું તૈયાર થયો છતાં તે મને મળ્યું નહીં. એવામાં મને ખબર મળ્યા કે બસરામાં બાદશાહના બાગમાં સફરજન છે. પંદર ગાઉની મજલ કરીને હું બસરાથી ત્રણ સફરજન લઈ આવ્યો. ત્રણ સફરજનની ત્રણ સોનામહોરો મારે આપવી પડી.'

સફરજન લઈ હું ઘેર આવ્યો. મારા મનમાં હતું કે આ સફરજન જોઈ મારી ઓરત ખુશ ખુશ થઈ જશે. પણ એણે તો સફરજન સામે નજર પણ કરી નહીં. સફરજન ખાવાની હવે તેને ઝંખના રહી નહોતી. મેં મન વાળ્યું કે 'જે થયું તે ખરું !' એણે એ સફરજન પોતાની પથારીમાં જ રાખી મૂક્યાં.

આ બનાવને થોડા દિવસ વીત્યા પછી એક દિવસ હું મારી દુકાનમાં બેઠો હતો. એવામાં એક કદાવર અને કાળા હબસીને મારી દુકાન પાસેથી પસાર થતો જોયો. તેના હાથમાં એક સફરજન હતું. તે જોઈને મને નવાઈ લાગી કે ક્યાંય સફરજન મળતું નથી તો આ માણસ તે લાવ્યો ક્યાંથી ? મેં તેની પાસેથી જોવા માગ્યું તો તેણે મને તે આપ્યું. સફરજન જોઈને મને ખાતરી થઈ કે તે મારી ઓરત પાસે પડ્યાં હતાં એ ત્રણ સફરજનોમાંનું એક છે. એટલે મેં તેને પૂછ્યું : 'ભાઈ ! સફરજન તું લાવ્યો ક્યાંથી ?' જવાબમાં તે ખડખડાટ હસી પડ્યો. મેં નવાઈ પામીને તેને કહ્યું : 'આટલું બધું હસવું તને શાનું આવે છે ?'



તેણે કહ્યું : 'હસવું આવે જ ને ! એક ઓરત મને ખૂબ ચાહે છે. તે માંદી પડી છે એવા સમાચાર મને મળવાથી હું એની તબિયત જોવા એના ઘેર ગયો હતો. તેની પાસે ત્રણ સફરજન પડેલાં હતાં. તેમાંથી તેણે મને આ સફરજન ભેટ આપ્યું. તે કહેતી હતી કે તેનો પતિ પંદર ગાઉની મજલ કરીને આ સફરજન લઈ આવ્યો હતો.'

આટલું સાંભળતાંમાં તો હું ગુસ્સે થઈ ગયો, અને વિચારવા લાગ્યો કે 'જે સ્ત્રીને હું મારા પ્રાણથી પણ પ્યારી ગણું છું તેના દિલમાં આટલું બધું પાપ ! અરે, એક કદરૂપા હબસીને એ ચાહે છે ?'

ઘેર જઈને મેં જોયું તો મારી ઓરતની પાસે બે સફરજન પડેલાં હતાં. મેં પૂછ્યું : 'ત્રીજું સફરજન ક્યાં ગયું ?' મારો સવાલ સાંભળીને જરા કંટાળીને તેણે જવાબ આપ્યો : 'મને ખબર નથી.'

ઈર્ષ્યાની આગથી મારી બુદ્ધિ બહેર મારી ગઈ હતી. તેની જવાબ આપવાની પદ્ધતિથી પણ મારા ગુસ્સામાં વધારો થયો. એકદમ ઉશ્કેરાઈને હું બોલી ઊઠ્યો: 'કમજાત ઓરત ! લેતી જા, તારી બેવફાઈનો નતીજો લેતી જા !' આમ કહીને મારી કમ્મરેથી છરી કાઢીને તેની છાતીમાં મેં હુલાવી દીધી. 'યા ખુદા !' કહીને તે ઢળી પડી.

પછી એ શબના ટુકડા કરી, એક કપડામાં તે વીંટી, એક પેટીમાં તે ગોઠવી દીધા ને પેટીને તાળું મારી તૈગ્રીસ નદીમાં ફેંકી દીધી.

શબને નદીમાં નાખી ઘેર આવ્યો ત્યારે મારો દીકરો ઘરના ઉમરામાં બેઠો બેઠો રડતો હતો. મને જોઈને એ વધારે જોરથી રડવા લાગ્યો. મારી ડોકે વળગી પડી એ બોલ્યો : 'અબ્બા, મારી ભૂલ થઈ ગઈ. હવે એવું નહીં કરું.' મેં પૂછ્યું : 'બેટા, તું શા માટે રડે છે?' તેણે કહ્યું : 'મારી બાની પાસે ત્રણ સફરજન હતાં તેમાંથી એક સફરજન હું છાનોમાનો લઈ ગયો હતો. તે લઈને હું રમતો હતો તેવામાં એક હબસી આવ્યો, ને મારા હાથમાંથી સફરજન પડાવી ગયો. હું રડતો રડતો તેની પાછળ પાછળ ગયો ને બોલ્યો : "મારી બા માંદી છે તેને માટે મારા બાપા છેક બસરા જઈ ત્રણ સોનામહોરનાં ત્રણ સફરજન લાવ્યા હતા. મારી બાને કહ્યા વિના હું એમાંથી એક સફરજન ઉપાડી લાવ્યો છું. સફરજન નહીં

જુએ તો મારી બા મને કેટલું લડશે ?' મેં તેને ઘણું ઘણું કહ્યું ત્યારે મને હડસેલો તે જતો રહ્યો. બાપુજી ? મારી બાને કહેજો કે એ મને લડે નહીં."

મારા દીકરાની આ વાત સાંભળી મારું મન દ્વિધામાં પડી ગયું : શું સાચું ? - હબસીની વાત કે મારા દીકરાની ? મને પસ્તાવો થયો : 'અરેરે, ઉતાવળમાં મેં આ કેવું નીચ કર્મ કર્યું ? એક લુચ્ચા હબસી ઉપર ભરોસો રાખી મેં મારી નિર્દોષ પત્નીનું ખૂન કરી નાખ્યું ?! હવે આ પાપમાંથી કેમ છુટાશે ?'

હું પણ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. મને રડતો જોઈ મારા ત્રણે દીકરા રડવા લાગ્યા. એટલે કાળજું કઠણ કરીને હું તેમને છાના રાખવા પ્રયત્ન કરવા લાગ્યો. ત્યાં સૌથી નાના દીકરાએ પૂછ્યું : 'બાપા, મારી બા ક્યાં ગઈ છે ? તે કેમ દેખાતી નથી ?'

મેં તેને પટાવવા કહ્યું : 'ગામ ગઈ છે.'

હું બોલ્યો તો ખરો પણ મારા હૃદયમાં આગ સળગી ઊઠી. તે વખતે હું આપઘાત કરી બેસત, પણ એવામાં મારા સસરા આવી પહોંચ્યા. મેં તેમને બનેલી બધી બીના કહી. દીકરીના શોકને લીધે એ પાગલ જેવા થઈ ગયા. તો પણ મારો ગુનો તેમના મનમાં ન વસ્યો ને તેઓ મારે બદલે શૂળીએ ચડવા તૈયાર થયા અને પછી શું બન્યું એ તો આપ નામદાર જાણો છો.

આ સાંભળી ખલીફે કહ્યું : 'તારી વાત પર મને વિશ્વાસ છે. તે સાંભળી મને તારા પર દયા આવે છે. તું સજાપાત્ર છે તે કરતાં દયાપાત્ર વધારે છે. એટલે હું તારો ગુનો માફ કરું છું.'

પછી ખલીફે વજીરને કહ્યું : 'વજીરજી, ત્રણ દિવસમાં એ હબસીને પકડી દરબારમાં હાજર કરો. નહીં તો શૂળીએ ચડવા તૈયાર રહેજો.'

ત્રણ દિવસ સુધી વજીરે હબસીનો પત્તો મેળવવા ઘણા પ્રયત્નો કર્યા પણ પત્તો લાગ્યો નહીં. એટલે ચોથા દિવસની સવારે ભારે હૈયે સગાંસંબંધીઓને સલામ કરી તે દરબારમાં જવા નીકળ્યો. પણ જેવો એ ઘરમાંથી પગ બહાર મૂકવા જાય છે ત્યાં એની છ વરસની છોકરી 'બાપા' કહીને દોડી આવી અને તેના ગળે બાઝી પડી.

છોકરીને જોઈને વજીરનું વહાલ ઉભરાઈ આવ્યું. બે હાથે એને તેડી લઈ તેણે ચુંબન કર્યું. એટલામાં તેની નજર છોકરીના હાથમાં રહેલા સફરજન પર પડી.

નવાઈ પામી વજીરે તેને પૂછ્યું : 'બેટા, આવું સુંદર સફરજન તું ક્યાંથી લાવી ?' છોકરીએ કહ્યું કે 'આપણા ગુલામ રિહાન પાસેથી બે દિનારમાં બેચાતું લીધું છે.' આ સાંભળીને વજીરના મગજમાં પ્રકાશ પડ્યો. તેણે રિહાનને બોલાવી પૂછ્યું તો તેણે કહ્યું : 'માલિક, હું એ ચોરીને નથી લાવ્યો. પણ



એક છોકરાના હાથમાંથી પડાવી લાવ્યો છું. એ છોકરો કહેતો હતો કે એના બાપા એની માંદી બા માટે આવાં ત્રણ સફરજન બસરાથી લાવ્યા હતા.'

વજીરના મગજમાં તાળો મળી ગયો. તે રિહાનને પોતાની સાથે દરબારમાં લઈ ગયો ને સફરજનના ચોર તરીકે તેને ખલીફ સમક્ષ હાજર કર્યો.

રિહાન હજુ આ બધું શું ચાલી રહ્યું છે તે સમજ્યો નહોતો. તેને ખબર નહોતી કે એના જૂઠાણાથી એક નિર્દોષ નારીનો જાન ગયો હતો અને તેના માલિક વજીરનો જાન ખતરામાં હતો.

ખલીફના સવાલના જવાબમાં રિહાન પાસેથી ખરી હકીકત નીકળી આવી. ખલીફે એ નરાધમને તે જ વખતે શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો.

પણ ખલીફનો હુકમ સાંભળીને વજીરને મનમાં થયું કે આ કિસ્સામાં એકલા ગુલામનો નહીં પણ સફરજનના માલિકનો, તેના શંકાશીલ સ્વભાવનો અને તેની ઉતાવળનો પણ વાંક છે. માલિક ભણેલોગણેલો અને બુદ્ધિશાળી છે, જ્યારે ગુલામ અભણ અને અણસમજુ છે. વજીરે પોતાના આ વિચારો નામદાર ખલીફ પાસે રજૂ કરીને કહ્યું : 'હું આપને આથી પણ વધારે અજબ કિસ્સો સંભળાવવા માગું છું. તે સાંભળીને મને ખાતરી છે કે આપ આપનો નિર્ણય બદલશો. આપ રજા આપો તો હું એ કદી સંભળાવું.'

ખલીફે વજીરની માગણી મંજૂર રાખી એટલે વજીરે મિસરના કેરો શહેરના વજીર નુરુદ્દીનઅલી અને તેના પુત્ર બદરુદ્દીનની વાત કહી સંભળાવી. - **શિવલાલ જેસલપુરા**

અતીતમાં અવગાહન

(પ્રકટ થનાર અર્નિયન નાઈટ્સની વાર્તાઓમાંથી)

વિઘ્નેશ્વર

એક વિરલ પ્રતિમા

લેખક અને તસ્વીરકાર

દિનકર મહેતા

મહાદેવની પૂજા ભારત તેમજ ભારત બહાર ઘણા પ્રાચીનકાળથી થતી આવી હોવાનાં અનેક પ્રમાણો ઉપલબ્ધ છે. સંહારના આ દેવ શિવના બે પુત્રો : કાર્તિકેય અને વિઘ્નેશ્વર. (વિઘ્નેશ્વર વિષે સામાન્ય સમજ એવી છે કે તે વિઘ્નને દૂર કરનાર દેવ છે. પણ પુરાણો પ્રમાણે વિઘ્નેશ્વર વિઘ્નના કર્તા ને હર્તા બંને છે) કાર્તિકેય અગ્નિપ્રતાપી અને કાંતિમાન તો વિઘ્નેશ્વર શાણપણ અને ડહાપણનો ભંડાર મનાય છે.

વિઘ્નેશ્વરના ઉદ્‌ભવ અંગે લિંગપુરાણ, શિવપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, સ્કંદપુરાણ વગેરે પુરાણો તથા સુપ્રભેદાગમ જેવા પ્રાચીન ગ્રંથમાં જુદી જુદી કથાઓ કહી છે. વિઘ્નેશ્વરનો સૌથી પ્રાચીન ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં જોવા મળે છે. ગણપતિ, ગણેશ, એકદંત, હેરમ્બ, લંબોદર, શૂર્પકર્ણ, ગજાનન, વિનાયક, વક્રતુંડ તથા ગૃદાગ્રજ જેવાં અનેક નામ-સ્વરૂપે વિઘ્નેશ્વર પૂજાય છે. વર્તમાન સમયમાં ગણેશ કે ગણપતિ નામે, પ્રત્યેક શુભ કાર્યના આરંભે એનું પૂજન-સ્થાપન હિંદુઓમાં થાય છે.

થોડા સમય પહેલાં દુષ્કાળ રાહત વેળા, જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના, ભાણવડ અને ફતેપુર ગામને જોડતા રસ્તાના ખોદકામ દરમિયાન એક મજૂરને વિઘ્નેશ્વરની એક ધાતુપ્રતિમા મળી આવી છે. (પ્રતિમાની માલિકી અંગે ટ્રેઝર ટ્રોવ એક્ટ મુજબ કાનૂની કાર્યવાહી ચાલે છે) જમીનમાં લગભગ દોઢેક ફૂટ નીચે આ પ્રતિમા દટાએલી હતી. પથ્થરની પ્રતિમાના સમયાંકન કરતાં ધાતુપ્રતિમાનું સમયાંકન કરવું જરા કઠિન છે અને તેમાં યે સંદર્ભશૂન્ય સ્થળેથી મળેલી પ્રતિમાનું સમયાંકન વધુ કઠિન બની જાય છે. આવી સ્થિતિમાં થોડું જોખમ હોવા છતાં ફક્ત શૈલી પર આધાર રાખી સમયાંકન કરવું પડે છે.

પ્રાપ્ત પ્રતિમાની ઊંચાઈ ૭.૦૬, લંબાઈ ૪.૦૦ અને પહોળાઈ ૩.૦૭ સે.મી. છે. તેનું વજન ૧૪૩ ગ્રામ છે. વિઘ્નેશ્વરની પ્રતિમા માટે મૂર્તિવિધાનને લગતા પ્રાચીન ગ્રંથોમાં શાસ્ત્રીય લક્ષણો દર્શાવતાં જે વર્ણનો છે તેમાં બે હાથથી માંડી અઢાર હાથવાળી પ્રતિમા બનાવવાના નિર્દેશો મળે છે. ચર્ચિત પ્રતિમા ચતુર્ભુજ છે. વિઘ્નેશ્વરની ચતુર્ભુજ પ્રતિમાનાં સ્વરૂપોમાં વક્રતુંડ, ઉચ્છિષ્ટ, બીજ અને ક્ષીપ્ર મુખ્ય સ્વરૂપો છે. આ ચાર સ્વરૂપોમાંથી પણ વિનાયક અને વક્રતુંડ સ્વરૂપ ગુજરાતમાં વધુ લોકપ્રિય અને પ્રચલિત છે. પરંતુ પ્રાપ્ત પ્રતિમાનાં આયુધો અને ઉપકરણો જોતાં વિનાયક કે વક્રતુંડ સ્વરૂપ સાથે તેનો મેળ મળતો નથી. પ્રતિમા બનાવનારે વિગતોને ટાળી છે. ચહેરા પર પણ આંખો કે એવી વિગતો અંકિત કરી જણાતી નથી. પ્રતિમા અર્ધપર્યંકાસનસ્થિત છે. સૂંઢ ડાબી તરફ વાળી મોદકને સ્પર્શે છે. (સામાન્ય રીતે સૂંઢ ડાબી તરફ જ વાળવામાં આવે છે; જમણી તરફ વાળેલી સૂંઢવાળી પ્રતિમા જૂજ છે.) ચાર હાથમાં બે વામ હસ્તમાં અનુક્રમે પાશ અને મોદક છે અને દક્ષિણ હસ્તમાં શંખ (?) અને દંત જણાય છે. અલંકરણો ઓછાં છે. પગમાં પાદ-ચૂડક જણાય છે. ઉદરબંધ તથા યજ્ઞોપવીત ધારણ કરેલાં છે. ઉદરબંધની, ઉદર પાસે ગાંઠ વાળી તેનો એક છેડો બંને પગ વચ્ચેથી આગળ લંબાવેલો છે. પરંતુ ન સમજી શકાય તેવી બાબત, ઉદરબંધ પર સૂંઢનો એક બીજો આકાર આવેલો છે તે છે. વામ પાદ પાસે ગણપતિનું વાહન મૂષક છે. શિરોભાગ પાસે શિવલિંગ બનાવ્યું છે. પ્રતિમાના નિરીક્ષણ પરથી આ પ્રતિમા ઇતિહાસના મધ્યકાળની હોવાનું અનુમાન થઈ શકે છે.

વિઘ્નેશ્વરની પૂજાનો પ્રચાર ડૉ. ભાંડારકરના મત પ્રમાણે ઈ.સ.ના ચોથા સૈકા પછી ભારતમાં થયો હશે. પણ પ્રાચીન પ્રતિમાઓના આધારે જાણી શકાય છે કે આ પૂજા ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત હશે ને ગુજરાતમાં મોડામાં મોડો તેનો પ્રચાર ઈ.સ.ના પાંચમા-છઠ્ઠા સૈકામાં થયો હશે; કારણ કે સાબરકાંઠા તેમજ જામનગર જિલ્લાના ગોપના મંદિરમાં પણ એ પ્રતિમા જોવામાં આવે છે. ગુજરાતમાં ગોપનું મંદિર સૌથી પ્રાચીન મંદિર છે. વિવાદાસ્પદ રીતે આ મંદિર ઈ.સ.ના છઠ્ઠા સૈકાનું હોવાનું પુરાતત્ત્વવિદો માને છે. ઉપરાંત કદવારના પ્રાચીન વરાહમંદિરમાં પણ આવી પ્રતિમા છે. ગાણપત્ય સંપ્રદાય ધુમલીના સૈન્ધવોના સમયમાં સારી પેઠે પ્રચારમાં હશે તે ધુમલીમાં આવેલા સ્વતંત્ર ગણેશમંદિરથી સમજાય છે.

ભારતમાં ધાતુપ્રતિમાના ક્ષેત્રે સૌથી વિશેષ પ્રદાન દક્ષિણ ભારતનું છે. તેના પ્રમાણમાં ગુજરાતમાં ધાતુપ્રતિમાનું નિર્માણ અલ્પ ગણાય અને તેમાં યે જ્યાં સુધી અકોટા ધાતુપ્રતિમાનિધિ પ્રાપ્ત થયો નહોતો ત્યાં સુધી તો ગુજરાત ધાતુપ્રતિમા ક્ષેત્રે નહિવત્ પ્રતિનિધિત્વ ધરાવતું હતું. આ પ્રતિમાની પ્રાપ્તિથી ગુજરાતના ધાતુપ્રતિમા ભંડારમાં એકનો વધારો થાય છે.

(સળંગ અંક ૯૦૯માંથી)



સાહિત્યસંપર્ક

સાહિત્યિક સંજ્ઞાઓ

પ્રતીક

ડૉ. દિગીશ મહેતા

સિમ્બલ એટલે પ્રતીક એમાં કોઈ શક નથી. સિમ્બલ સાથે સંકળાયેલી બીજી સંજ્ઞા 'ઇમેજ'ના પર્યાય વિશે આટલી નિશ્ચિતતા નથી. વળી, એ પણ સાચું છે કે સિમ્બલ અને ઇમેજ એ છેલ્લા ત્રણચાર દાયકામાં ગુજરાતીમાં આયાત થયેલી વિદેશી એટલે કે આંગ્લ-અમેરીકી વિવેચન પરંપરામાંથી જડેલી વિવેચનાત્મક સંજ્ઞાઓમાં મોખરે છે. એમને વિશે એટલી બધી ચર્ચાઓ થઈ છે કે સિમ્બલના અર્થને ફરી એક વાર ઉકેલવાનો આયાસ કરવો જરૂરી ન લાગે. તેમ છતાં જેને તુલનાત્મક દૃષ્ટિકોણ કહીએ તે રીતે જોતાં જે એક પરિમાણ ચર્ચાઓમાં અછડતું જ ઉલ્લેખાય છે તેને અહીં આગળ રાખીએ.

સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પરંપરામાં પ્રતીકની ચર્ચા કદાચ એટલી બધી કેન્દ્રમાં નહીં હોય. પાશ્ચાત્ય કાવ્યમીમાંસામાં તો પ્રતીક એ કાવ્યમાત્રનો પર્યાય ગણાય તેટલી હદ સુધી કેન્દ્રમાં છે. આ ભેદ - જેટલે અંશે તે છે તેટલે અંશે - આ બન્ને પરંપરાઓની રીતિપદ્ધતિઓનો મૂળ ભેદ તારવવા માટે મહત્ત્વનો છે.

પાશ્ચાત્ય કાવ્યચર્ચામાં પ્રતીક એ કોઈ અલંકાર-વિશેષમાત્ર નથી. પ્રતીક એ કૉગ્નિશન એટલે કે જ્ઞાનના સંવેદન ખુદની નિષ્પત્તિ, તેની પ્રક્રિયાનું એક મૂલગત ઘટક છે. માણસ કેવી રીતે જ્ઞાન પામે છે, જ્ઞાન એટલે છેવટનું મોક્ષ અપાવનારું જ્ઞાન નહીં, પણ સામાન્ય, આ ખુરશી છે, આ ટેબલ છે, એ પ્રાથમિક અર્થમાં જ્ઞાન, એ પ્રાથમિક લાગતી, પણ આમ મૂલગત પ્રક્રિયા, તેની ચર્ચા કાવ્યમાં પ્રતીકવ્યાપારની ચર્ચાથી દૂર રાખી શકાતી નથી. આ પાશ્ચાત્ય વિવેચનચર્ચાનો પૂર્વગ્રહ છે. માણસ પ્રતીકોને કેવી રીતે પ્રતિભાવ આપે છે, પામે છે, એ સમજવા પહેલાં માણસ - માત્ર વસ્તુઓને, પદાર્થોને કેવી રીતે ઓળખે છે, તે પાયાના પ્રોસેસીઝ, તે આ અર્થમાં જેને સામાન્ય જ્ઞાન કહીએ તેની પ્રક્રિયાઓ, આપણે સમજવી જોઈએ, અને તેના પાયા પર જ પ્રતીકવ્યાપારની ચર્ચા શક્ય છે, એવો એમ્પિરિકલ એટલે કે ઇન્દ્રિય-પ્રત્યક્ષ પર આધાર રાખી ચાલતો દૃષ્ટિકોણ લઈ વાત કરવી અનિવાર્ય બને છે.

કદાચ, અને બહુ મોટું 'કદાચ' છે, સંસ્કૃત કાવ્યવિચારની પરંપરામાં પ્રતીકની ચર્ચા જુદી રીતે વિકસતી જોવા મળતી હોય તો તેનામાં પ્રવર્તતો આવો એમ્પિરિકલ પદ્ધતિનો અભાવ તે કારણભૂત હોઈ શકે.

બીજી રીતે જોઈએ તો પાશ્ચાત્ય પરંપરામાં પ્રતીકની ચર્ચા વિજ્ઞાન એટલે કે સાયન્સ, વૈજ્ઞાનિક પદ્ધતિ, સાયન્ટિફિક મેથડ, તેની સમાંતર, તેની છાયામાં વિકસે છે, જ્યારે સંસ્કૃત પરંપરામાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિને સમાવવાની અનિવાર્યતા સ્વીકારવામાં નથી આવી. આનો ખુલાસો ઐતિહાસિક સંદર્ભની દૃષ્ટિએ આપી શકાય. પણ આવા વિધાનનો એક બીજી રીતે જોતાં પ્રતિકાર પણ કરી શકાય. કેમ કે આ બહુ ઉપસાવાયેલી પશ્ચિમની આ વૈજ્ઞાનિક પદ્ધતિ આખરે સત્યાન્વેષણની, તર્ક અને ગણિતની, અમુક શ્રેણીબદ્ધ રચના છે અને તર્ક અને ગણિતની એવી કોઈ પણ રીતિપદ્ધતિ ભાગ્યે જ હોય કે જેથી સંસ્કૃતવિચાર અજાણ હતો. ન્યાય, વૈશેષિક- એમ એકથી વધુ પદ્ધતિઓ, સિસ્ટમ્સ, પ્રવર્તમાન હતી, એ આ અને આવા વિષયોમાં રસ લેનાર દરેકને માટે સામાન્ય જ્ઞાનની માહિતી છે. તો સંસ્કૃત કાવ્યશાસ્ત્રની એવી કોઈ શાખા સાથે અનુસંધાન કરી અત્યારની પાશ્ચાત્ય દિશામાંથી આવતી પ્રતીકચર્ચા સાથે કડી મેળવી શકાય તો ઉપકારક નીવડે.

પ્રતીકની પ્રમુખ ચર્ચા ઓગણીસમી સદીના આરંભે કોલરિજે કરી અને ત્યારથી માંડીને એ ચર્ચાનું ધ્રુવબિંદુ એ રહ્યું કે પ્રતીક એ કાવ્ય, સાહિત્ય, કલા અને આખરે તો ખુદ કુદરતમાં મળતું એવું ઘટક છે, જેની સન્મુખ થતાં માનવમનમાં સીધું જ્ઞાન પ્રકટે છે. આ એવું જ્ઞાન છે જે સાક્ષાત્ છે, સ્વતઃસિદ્ધ છે, સીધી આત્મપ્રતીતિની નિપજ છે, જે કાંઈ સત્ છે તેનું અક્રમ સંવેદન છે. આ આખીય ચર્ચાનું પ્રાથમિક પગથિયું એ છે કે પહેલું તો એ સ્વીકારીએ કે જ્ઞાનની આવી સીધી, સઘન સિદ્ધિ માનવી માટે શક્ય છે. આ પ્રકારની કોઈક અનુભૂતિ છે જેમાં માનવમન કોઈ પળે, કોઈ કોઈ પળે, ઓતપ્રોત થઈ રહે છે, જેની તે સાક્ષી પૂરે છે, પછી તે શબ્દમાં કે રંગમાં કે ગમે તે માધ્યમમાં.

અહીં તકલીફ એ થાય છે કે વિજ્ઞાન આવું કોઈ જ્ઞાન સ્વીકારવા તૈયાર નથી. તેવું જ્ઞાન હોય, તેવા જ્ઞાનની કોઈ શ્રેણી હોય, તો તે વિજ્ઞાનની પદ્ધતિની બહાર છે. પ્રતીકવાદીઓને અહીં જ મતભેદ પડે છે કે એમ એ વિજ્ઞાનની પદ્ધતિની બહાર છે તેથી તે જ્ઞાન એ જ્ઞાન નથી એમ ન કહી શકાય. પ્રતીક પર મંડાયેલું ચિત્ત આખરે જેને પામે છે તે પણ જ્ઞાન છે, ભલે તે તર્ક કે વિજ્ઞાનની જાળમાં સમાય તેવું જ્ઞાન ન હોય. વાસ્તવમાં તે એ પરા કોટિનું જ્ઞાન છે, જે વિજ્ઞાનના સિમિત સત્યથી અતિ વિશાળ છે.

અંગ્રેજ રોમૅન્ટિક કવિઓ : કોલરિજ, શૈલી; ફ્રેન્ચ પ્રતીકવાદી કવિઓ; આયરિશ કવિ યેટ્સ; મૂળ અમેરિકન કવિ એલિયટે પોતાની કારકિર્દીના ઉત્તરાર્ધમાં અપનાવેલી પ્રતીકશ્રેણી - આ બધાના પોઅટિક એટલે કે તેમના કાવ્યાદર્શમાં પ્રતીકની આસપાસ, તેની દ્વારા વ્યક્ત થતો રહેતો જે વિશિષ્ટ ઝોક છે તે કંઈક આવી પાર્શ્વભૂ આગળ વ્યક્ત થાય છે. તેમને કોઈક ને કોઈક રીતે વિજ્ઞાનની આણ કનડે છે. વિજ્ઞાનના સત્યથી ઉપર ઊઠતું કોઈક સત્ય છે તેવી તેમની પ્રતીતિ છે, જેનું વાહન પ્રતીકને બની રહેતું તેમણે જોયું છે. આખો સંદર્ભ વિવેચનના ઇતિહાસથી આગળ વધી સાંસ્કૃતિક છે. આથી ઊલટું ભારતીય અને પૌરસ્ત્ય પ્રકારની પાર્શ્વભૂમાં ઉછરેલા કવિ માટે પ્રતીકોમાં વિહરવું વધુ સુલભ અને સ્વાભાવિક છે. પ્રતીકે છતા કરેલા સત્યને તે સતત વિજ્ઞાનના સત્ય સામે મૂકી દ્વાન્દ્વાત્મક સમીકરણોમાં નથી જોતો, જેટલે અંશે પાશ્ચાત્ય કવિ તે જુએ છે.

પાશ્ચાત્ય પ્રતીકચર્ચા બે સંદર્ભોમાં થતી જોવા મળે છે. એક તો યેટ્સ કે એલિયટ જેવા કવિઓ તેમનાં ગદ્યલખાણોમાં આ પ્રશ્ન છેડે છે પણ આ ગદ્યલખાણો તેમનાં કાવ્યોની પૂર્તિ રૂપે જ હોય છે અને તેથી એ અર્થમાં અધૂરાં હોય છે. બીજું સૂચન લેન્ગર કે કેસિરેર જેવા કલા-મીમાંસકો પોતપોતાની વિશિષ્ટ પદ્ધતિ, તેમનું આગવું સમગ્રદર્શન, તેના માળખામાં પ્રતીકને આ કે તે સ્થાન આપતા જોવા મળે છે. આ બીજે છેડે પ્રતીકો સાર્વત્રિક છે, સંસ્કાર-સભ્યતા નિરપેક્ષ છે, કે આ કે તે સભ્યતા, સિવિલિઝેશન કે કલ્ચર પર આધારિત છે - એવા પાયાના ફિલસૂફીના પ્રશ્નો ઊઠે છે. —

જાણીએ જોડણી

રામજીભાઈ પટેલ

અંગ્રેજી તત્સમ શબ્દોની જોડણી માટે, સંસ્કૃતની જેમ, સમાનસમ લિપીની મદદ મળતી નથી; એટલે મુખ્ય આધાર ઉચ્ચાર પર રાખવાનો રહે છે. અંગ્રેજી ભાષાની લિપી અને ઉચ્ચાર વચ્ચે સારો મેળ નથી. લિપી-ઉચ્ચાર વચ્ચે ઘનિષ્ઠ સંબંધ માટે સંસ્કૃત, હિંદી ભાષાઓને ગણાવી શકાય તેમ કનિષ્ઠ સંબંધ માટે અંગ્રેજી ભાષાને ગણાવી શકાય. લિપી મુજબ Light (લાઇટ)નો ઉચ્ચાર લિગ્હટ થાય અને Lodge (લૉજ)નું લોડ્ગે થઈ બેસે! સ્ટેશન, ડૉટર, હાઈસ્કૂલ, નેશનલ વ. શબ્દોની લખાવટને ઉચ્ચાર વચ્ચેયે અંતર છે. વળી, કેટલાક શબ્દોમાં શાંત ધ્વનિ હોવાથી ઉચ્ચારણમાં તેને છોડી દેવાની મૂંઝવણ વધી જાય છે. ગુજરાતી ભાષામાં આવા શાંત ધ્વનિ લખવાનો રિવાજ નથી એટલું સારું છે, નહિતર આપણી જોડણી ઘણી અઘરી બની રહેત!

અંગ્રેજીમાં લિપીને ઉચ્ચાર વચ્ચે અંતર ઘટાડવા કેટલાક પ્રયત્ન થયા છે. Labour લેબર, Programme પ્રોગ્રામના ઉચ્ચાર તેના તે રાખીને અમેરિકીઓ Labor, Program એવી લિપી-શુદ્ધિ કરવા લાગ્યા છે. શુદ્ધીકરણની આ પ્રક્રિયા હજી વધારે વેગીલી ને અસરકારક બને નહીં ત્યાં સુધી આપણે બીજો રસ્તો અપનાવવો રહ્યો.

જેવી છે તેવી લિપી સાથે અંગ્રેજી શબ્દોના સાચા ઉચ્ચાર શોધવા માટે ડૅનિયલ જોન્સનો અંગ્રેજી ઉચ્ચારકોશ, વેબ્સ્ટર શબ્દકોશ, ઓક્સ્ફર્ડ ડિક્ષનરી કે સાઈક્લોપીડિયા જેવા પ્રમાણભૂત અંગ્રેજી ગ્રંથો યા/અને અંગ્રેજી ભાષાના સારા જાણકારોનો આધાર મેળવવો જોઈએ. કોઈ વખતે આવા અંગ્રેજી કોશો, વિદ્વાનો અને ગુજરાતી શબ્દકોશ, જોડણીકોશ વચ્ચે ભિન્નતા પણ જણાશે ને ત્યારે કોને અનુસરવું તે સવાલ મૂંઝવશે.

ગુજરાતીમાં દ. જ. વૈષ્ણવની ડિક્ષનરી, પાં. ગ. દેશપાંડેનો કોશ, ધનવંત દેસાઈ-કાન્તિલાલ મહેતાનો કોશ શુદ્ધ ઉચ્ચાર આપતા જણાયા છે.

આવાં પ્રમાણભૂત સાહિત્યોની સહાયથી અને મહાવરાથી જ અંગ્રેજી તત્સમ શબ્દોની જોડણી જાણી શકાય.

અંગ્રેજી તત્સમ શબ્દો માટે આપણે અહીં ૧૦ નિયમો તપાસીશું. સગવડ ખાતર નિયમોનો ક્રમાંક સળંગ રાખીશું.

નિયમ ૪૪ : અંગ્રેજી તત્સમ શબ્દોમાં શબ્દાન્ત ઇ હ્રસ્વ ઉચ્ચારાય કે દીર્ઘ પણ લેખનમાં તો તે દીર્ઘ જ રહે છે. અંગ્રેજી લિપીમાં આ શબ્દોને છેડે Y કે EE હોય છે.

દાખલા: ફી, કોફી, ડિગ્રી હોકી; કમિટી, પોલિસી, યુનિટી; સેક્રેટરી, સોસાયટી, લાઈબ્ર(-બ્રે)રી; યુનિવર્સિટી, મ્યુનિસિપાલિટી વગેરે.

નોંધ :(ક) આ બાબત સંસ્કૃત તત્સમ શબ્દો સાથે મેળ ખાતી નથી, પરંતુ આપણા તદ્ભવ શબ્દો સાથે બિલકુલ સંગત છે (જુઓ નિયમ ૧૨)

(ખ) 'કુમાર' માસિક ઉચ્ચારાધિન જોડણીને મહત્ત્વ આપે છે. તેથી તેમાં ટ્રૉફિ, ટેક્નોલૉજિ, ટ્રૅજેડિ જેવા શબ્દાન્તે હ્રસ્વ ઇ હોય તેવા, આપણા આ નિયમથી વિપરીત શબ્દપ્રયોગો જોવા મળે છે.

નિયમ ૪૫ : અંગ્રેજી તત્સમ શબ્દોમાં પ્રથમાક્ષરનો ઇ હ્રસ્વ હોય છે. અંગ્રેજી લિપીમાં તે મોટે ભાગે I કે E તરીકે વ્યક્ત થયો હોય છે.

દાખલા : ડિગ્રી, ટિન, પિન, મિલ, સિટી; ટિકિટ, બિલ્ડિંગ, મિનિટ, રિપોર્ટ, રિલીફ, સિનેમા, સિવિલ; ટ્રિબ્યુનલ, ડિસ્ટ્રિક્ટ, મિકેનિક, મિનિસ્ટર, રિવોલ્વર, લિમિટેડ, હિસ્ટીરિયા વિગેરે.

વિકલ્પ : બિલ-બીલ

અપવાદ : વીલ

નોંધ : મિટર, મિટિંગ, લિટર શબ્દો જોડણીકોશ મુજબ નિયમાનુસારી છે, પણ ડૅનિયલ જોન્સનો ઉચ્ચારકોશ તથા શ્રી નટવરલાલ પ્ર. બુચ મીટર, મીટિંગ, લીટર - એમ પ્રથમાક્ષર દીર્ઘ ઈ રાખવાની હિમાયત કરે છે. જોડણીકોશે મીટરને તદ્ભવ ગણ્યો છે!

નિયમ ૪૬ : અંગ્રેજી તત્સમ શબ્દોમાં અનન્ત્ય સ્વર ઇ પણ, પ્રથમાક્ષરની જેમ, હ્રસ્વ હોય છે. અંગ્રેજી લિપીમાં તે I કે Y તરીકે લખાયો હોય છે.

દાખલા : આઇસ, એપ્રિલ, એસિડ, ઓઇલ, ઑફિસ, કેબિન, ક્રાઇસ્ટ, જ્યુબિલી, ટિફિન, ટેનિસ, બૉબિન, બોર્ડિંગ, બ્રિટિશ, મિનિટ, લાઇન, લાઇફ, સર્વિસ; ઑક્સિજન ઑડિટર, કમિશન, કાઉન્સિલ, કેપિટલ, ડિલિવરી, પિરામિડ, પેનસિલ, પ્રેસિડન્ટ, મલેરિયા, મિનિસ્ટર, મિસાઇલ, મૉનિટર, લેટરિન, હૉસ્પિટલ; અમેરિકન, એફિડેવિટ, ટેક્નિકલ, યુનિવર્સિટી વિઝિલન્સ, સેન્સરશિપ, સ્કૉલરશિપ, મ્યુનિસિપાલિટી, સુપરવાઈઝર; ટૉનિક, મેટ્રિક, સેપ્ટિક, ઇલેક્ટ્રિક, રિપબ્લિક, આટલાંટિક; ડાઇનેમો, ડાઇમંડ, ડ્રાઇવર, નાઇગરા, પ્રાઇમસ, પાઇલટ, પૉઇઝન, પ્રાઇવેટ, ફાઇટર, બાઇબલ, બોઇલર, રાઇફલ, લાઇટર, લાઇબ્ર(-બ્રે)રી, લાઇસન્સ, વેઇટર, સાઇકલ, સાઇગોન, સાઇમન, બાઈસિકલ વગેરે.

અપવાદ : ફાઈલ, માઈલ, સેકેરીન

નોંધ : (ક) બોર્ડિંગની જેમ કટિંગ, બિલ્ડિંગ, બુકિંગ, પ્રિન્ટિંગ, વૉર્શિંગ જેવા ing પ્રત્યયવાળા શબ્દોમાં થડકાને કારણે ઇ હ્રસ્વ જ હોય છે જે તદ્ભવ શબ્દોની જોડણી જોડે સંગત છે. (જુઓ નિયમ ૧૫)

(ખ) કેટલાક લાઈબ્ર(-બ્રે)રી, સાઇકલ, ડાઇજેસ્ટને બદલે લાયબ્ર(-બ્રે)રી, સાયકલ, ડાયજેસ્ટ વાપરે છે. શ્રી કેશવરામ કા. શાસ્ત્રી આવી જગાએ ઇ-યના વિકલ્પને માન્ય ગણે છે.

(ગ) હાઈકોર્ટ, હાઈસ્કૂલમાં ઇ હ્રસ્વ નથી કેમ કે તે સમાસ છે ને High (હાઈ)માં અત્યંત ઈ દીર્ઘ છે. આ હાઈ પરથી હાઈ વે, હાઈર સેકંડરી થાય, હાય વે હાયર સેકંડરી વિવાદાસ્પદ ગણાય.

નિયમ ૪૭ : અંગ્રેજી શબ્દોમાં EA, EE, IE અક્ષરોનો ઉચ્ચાર ઈ થાય ત્યારે તે દીર્ઘ ઈ હોય છે.

દાખલા : ફી, સીટ, સીલ; અપીલ, કેન્ટીન, ટોકીઝ, ફીલ્ડિંગ, રીડર, સ્ટીમર, સ્લીપર, પોર્ટુગીઝ, હિસ્ટીરિયા વગેરે.


નોંધ : પોર્ટુગીઝ માટે કેટલાક પોર્ચુગીઝ પણ આપે છે. આ શબ્દો અને આગળના નિયમના બ્રિટિશ, અમેરિકન જેવા શબ્દો હવે ઓછા વપરાય છે. તેને બદલે પોર્ટુગાસી, બ્રિટની, અમેરિકી જેવા તદ્ભવ સ્વરૂપના શબ્દોનો ઉપયોગ વધી રહ્યો છે.

નિયમ ૪૮ : અંગ્રેજી શબ્દોમાં U, OO કે EW અક્ષરોનો ઉચ્ચાર ઊ થાય ત્યારે તે દીર્ઘ ઊ હોય છે.

દાખલા : સ્ક્રૂ, પ્રૂફ, ફૂટ, બૂટ, સ્ટૂલ; કાર્ટૂન, બલૂન, મ્યૂઝિયમ વગેરે

અપવાદ : બુક

(ક્રમશઃ)



આઠ આઠ માસ રહી આભના પિયરમાં,
સાસરિયાં સામું નથી જોયું :
હોંસભરી વાદળીઓ હીંચતી હુલાસમાં,
ઘૂમે છે વીજ વ્હાલસોયું :
ઓ મેઘરાજ !
વર્ષાને મોકલો !

(વેણીભાઈ પુરોહિત)

ભારતીય થીએટરનો ભડવીર રંગકર્મી

ઉત્પલ દત્ત, સ્વ.

"હિન્દી કમર્શ્યલ ફિલ્મોમાં ન્યાય જોખે છે કોઈ એક વ્યક્તિ, ઘાતકી હિંસા આચરીને. એ રૂપેરી પડદે લોકસમૂહ કદી નિર્ણાયક નથી હોતો. એ સમૂહ તો અમિતાભ બચ્ચન જેવાઓને પગે આળોટે, એમને ઉગારી લેવા આજીજી કરે, એટલે હીરો મહાશય ગોળીઓની ધણધણાટીથી કોઈ શોષકને મારી નાખે ! પરિણામે પ્રેક્ષક-સમૂહનો આત્મવિશ્વાસ ડગી જાય અને ફિલ્મો જેવા જ કોઈ આદમ-કદથી ઊંચેરા નાયક માટે મીટ માંડે..."

* * *

"ભારતીય ફિલ્મોમાં અને વ્યાપારી થીએટરમાં સ્ત્રીઓનું પણ એવું જ આલેખન થાય છે. આદર્શનારી, આર્યનારી, બલિદાનો આપતી મા-ભાભી-બેન, રસોડાની નારી, શયનખંડની વેશ્યા - એ બધાં વચ્ચે આજની ભારતીય નારી ક્યાંય દેખાય છે ખરી ? એ ચિત્રણથી લોકશાહી દેશની ૫૦ ટકા વસ્તીનું આત્મગૌરવ હણાય છે અને લોકતાંત્રિક પ્રક્રિયામાં એમના ફાળાને અવગણાય છે એના તરફ કોઈનું ધ્યાન ગયું છે ?"



* * *

"જય સંતોષી મા" અને એવી ફિલ્મો જે રીતે વ્હેમો અને અંધશ્રદ્ધાને કાયમી કરે છે, એમાં જે બુદ્ધિનું દેવાળું ફૂંકાયેલું દેખાય છે એની અસર તમે જાણો છો, જ્યારે એ સ્થાનિક વ્હેમો, અખિલ ભારતીય ધોરણે પ્રદર્શિત થતા હોય ? સેન્સર બોર્ડ ત્યારે શું કરતું હશે ?"



મોરોક્કોમાં અલ્જિરીઆની સીમા નજીકના પ્રદેશમાં વપરાતા આ વાજિત્રનં ધ્વનિ કેવો હશે એ તો આમ ફોટોચિત્ર પરથી ખબર ન પડે, પણ બે શિંગડાં તથા તેની વચ્ચે લટકતું સિક્કાઓનું ઝૂમખું એને અનોખો આકાર આપે છે.

* * *

એક રીતે સારું છે કે આ ત્રણેય ઉદ્ધારણોના લેખક શ્રી ઉત્પલ દત્તે ગુજરાતી ફિલ્મો જોઈ નહીં હોય, કે બમ્બૈયા વ્યાપારી ગુજરાતી થીએટરનો તેમને પરિચય નહોતો; નહીં તો એમનો પ્રતિભાવ કોણ જાણે કેવો હોત ! પરંતુ એમનાં એ ઉદ્ધારણો વિષે એટલે તો મરાઠી નાટ્યકાર શ્રી જી. પી. દેશપાંડેએ કહ્યું છે, "થીએટર ઉત્પલ દત્તના જીવનની નિસ્બત, બળતરા હતી, કારણ કે વ્યાપક સંઘર્ષના ભાગરૂપે જ એ થીએટરને નિહાળતા/કરતા હતા. તેમણે એ વ્યાપક સંઘર્ષ અને થીએટર બન્ને વિશે આગવો અભિગમ અપનાવ્યો હતો... કારણ કે થીએટર અને એમની સાંસ્કારિક ભૂમિકા વિશે આજે ભારતમાં બહુ ઓછાં લોકો થોડું પણ વિચારે છે..."

છેક ૧૯૮૬માં દિલ્હીના શ્રીરામ સેન્ટર ફોર આર્ટ્સમાં શ્રી ઉત્પલ દત્તે આપેલાં વ્યાખ્યાનો "What Is To Be Done" (શું કરવું પડે



૧૯૭૯માં દિલ્હીમાં યોજાએલા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ પ્રસંગે ઉમાશંકર જોશીના અધ્યક્ષપદે મળેલા સિમ્પોઝિઅમમાં ઉમાશંકરભાઈ સાથે ઉત્પલ દત્ત

આપણે આ વિશે ?) શીર્ષક નીચે ૧૯૮૮માં પ્રસિદ્ધ થયેલ પુસ્તિકામાંથી આ અવતરણો લીધાં છે અને એ માત્ર બંગાળી જ નહીં પણ ભારતીય થીએટરની રણભેરી ફૂંકતા નટવીરના મિજાજનું, સ્પષ્ટ વિચાર અને એની નિર્ભય અભિવ્યક્તિનું, ડંખહીન પણ કાણાને કાણો કહેવાની ભડવીરતાનું ઉદાહરણ છે. "ડાબેરી" એવી છાપ બીજાની છાતીએ ચોડવા ઉત્સાહી આપણા કહેવાતા "તટસ્થો"એ (જેમાંના અનેક અજાણ્યે જમણેરીઓ છે) ઉત્પલદાનું આપણા સાંસ્કૃતિક જગતનું એ વિશ્લેષણ વાંચી જવા મારી ભલામણ છે; જો કે આપણા હવે દિશાહીન બની ગયેલા ડાબેરીઓએ તો એ ખાસ જોઈ જવું જોઈએ.

નટ, દિગ્દર્શક, નાટ્યકાર, ફિલ્મ અભિનેતાએ તો ખાસ જોઈ જવું જોઈએ.

નટ, દિગ્દર્શક, નાટ્યકાર, ફિલ્મ અભિનેતા શ્રી ઉત્પલ દત્તે, ૬૪ વર્ષની વયે ગઈ ૧૯, ઓગસ્ટે વિદાય લીધી ત્યારે દેશની વિશિષ્ટ લોકકેન્દ્રી થીએટર પ્રવૃત્તિ - ઇપ્ટા (ઇન્ડિયન પીપલ્સ થીએટર એસોસિએશન)નો એક વધુ ઝગમગતો સિતારો બુઝાઈ ગયો. બલરાજ સાહની, બિનય રોય, દીના પાઠક, જશવંત ઠાકર વગેરે અનેક ૧૯૪૦-૫૦ની સ્વાતંત્ર્ય લડત દરમ્યાન બ્રિટિશ સલ્તનતને થીએટરથી પડકારતી "ઇપ્ટા" નાટ્યસંસ્થા સાથે સંકળાયેલા હતા.

"પીપલ્સ લિટલ થીએટર" એ એમનું નાટ્યજૂથ. અનેક રાજકીય નાટકોનું નિર્માણ એ એમની પ્રવૃત્તિ. ("ફિલ્મોમાં કમાઈને મારે થીએટર કરવું પડે છે.") કોલસા-કામદારોના જીવન વિશેનું નાટક "અંગાર", ૧૯૪૨ના નૌકા સૈનિકોના અંગ્રેજો સામેના બંડનું નાટક "કલ્લોલ", અંગ્રેજો સામેની લડતનું નાટક "બેરિકેડ", ૧૯૭૫ની કટોકટી વિરુદ્ધનું નાટક "એબવર રાજાર પાલા", "લાલદુર્ગ", "તિતેર તલવાર", "અગ્નિશય્યા", "એકલા ચલો રે", "ઓથેલો", "મૅકબેથ" વગેરે નાટકો જોવા બંગાળી પ્રજા જે રીતે ઊમડતી એ ઉત્પલદાના નાટ્યકલાકૌશલનું ઉદાહરણ છે.

એવું જ એમનું કામ હિન્દી-બંગાળી ફિલ્મોમાંનું છે. "ભુવનશોમ" (હિન્દી-દિગ્દર્શક મૃણાલ સેન, જેનું ફિલ્મીકરણ ભાવનગર નજીક અલંગમાં થયેલું), "હિરક રાજાર દેશે", "જય બાબા ફેલુનાથ", "આગન્તુક" (દિગ્દર્શક સત્યજિત રે) વગેરે અને ખૂબ લોકપ્રિય બની તે હૃષિકેશ મુખરજીની હિન્દી ફિલ્મ - "ગોલમાલ" જેમાં ભૂમિકાઓ ભજવી અનેક પ્રકારની, - સંવેદનશીલ, ફિલ્મના મધ્યમને સમજીને, ઊંડાણપૂર્વક. એમની "ભુવનશોમ" ફિલ્મ માટે "ભારત પુરસ્કાર" અને ગૌતમ ઘોષની "પદ્મ નાદિર માઝી" ફિલ્મને વિદેશોમાંય ખૂબ પ્રશંસા પ્રાપ્ત થયાં છે. "બોલીવુડ" ગણાતા મુંબઈના સિનેજગતની ખટપટથી કંટાળી તેમણે ફક્ત થીએટર કરવાનું જ તાજેતરમાં નક્કી કર્યું હતું !

ઉત્પલદાનાં પત્ની શોભા સેન પણ થીએટર અને સંઘર્ષના એમના જીવનમાં ખભેખભો મિલાવીને સાથીદાર રહ્યાં છે. એમની એકની એક દીકરી વિષ્ણુપ્રિયા પાલ પણ બંગાળી ભાષાની સમર્થ નટી છે.

નટની રમણભૂમિમાં - રંગમંચે-સેટિંગ્ઝના ઉપયોગ અંગે તેમણે એક સ્થળે કહ્યું છે, "સન્નિવેશ એવા હોવા જોઈએ, જે નાટકની ક્રિયામાં ભાગ લે, એ માત્ર "વાસ્તવિકતા"નું અનુકરણ ન કરે, કશુંક ઈંગિત કરે, જે વાસ્તવિકતાને વળોટી જાય..."

થીએટરમાં વાસ્તવવાદ વિશે તેમણે કહ્યું છે તે ગુજરાતી રંગકર્મીઓએ યાદ રાખવા જેવું છે, "ગયા બસો વરસ દરમ્યાનના યુરોપીય થીએટરના અનુકરણથી પૌરસ્ત્ય થીએટરની આપણી પ્રણાલિ - નાટ્યાત્મક કલ્પના કાવ્યાત્મક પ્રતીકવાદ - નષ્ટ થઈ છે. આજે તો તસ્વીર-ઝીલ્યા પ્રકૃતિવાદ સિવાયનું બધું વર્જ્ય ગણાય છે ! અને એમાંય હવે ફિલ્મો અને ટીવી પ્રેક્ષકોની કલ્પના જ કુંઠિત કરી નાખી રહ્યાં છે..."

૩જી ઑગસ્ટે પુત્રી વિષ્ણુપ્રિયા-દિગ્દર્શિત નાટક 'એકલા ચાલો રે'માં તેમણે કલકત્તાના રવીન્દ્રસદનમાં ચાલતા શોમાં છેલ્લો અભિનય કર્યો. હૃદયરોગ છતાંય ૬૪ વર્ષે પણ એટલી જ તાજગી ! જો કે પત્ની શોભા સેને તેમને વાર્યા હતાં કે ખરાબ તબિયતે વધુ બોજ ન ઉઠાવવો. ઉત્પલદાનો જવાબ હતો, 'જો હું અભિનય ન કરી શકું તો પછી જીવતાં રહેવાનો અર્થ શો છે ?' આવા આજીવન નટવર્યને તાજેતરમાં જ સત્યજિત રેની છેલ્લી ફિલ્મ 'આગંતુક'માં ઉત્કૃષ્ઠ ભૂમિકા ભજવવા બદલ 'ઓલ ઈન્ડિયા ક્રિટિક્સ એસોસિએશન' દ્વારા મરણોત્તર એવૉર્ડ જાહેર કરવામાં આવ્યો છે તે સૌ સિનેમાપ્રેમીઓની ઉત્પલદા પ્રત્યેની અપાર લાગણીનો પ્રતીકઘોષ છે !

- હસમુખ બારાડી

ઈલિયા રાજાની સંગીત-સિદ્ધિ

દક્ષિણ ભારતના ફિલ્મક્ષેત્રમાં સંગીત દિગ્દર્શક તરીકે ઇલયા રાજાની ઘણી સારી ખ્યાતિ છે. હિંદિ ફિલ્મોના સંગીત ઉપર એમની અનેક તરજોનો

પ્રભાવ રહ્યો છે. તાજેતરમાં લંડનના રૉયલ ફિલહાર્મોનિક ઓરકેસ્ટ્રા માટે સંગીત-રચના કરી આપીને એમણે એક અનોખી સિદ્ધિ મેળવી છે. એશિયાભરમાં આવું માન પામનાર તેઓ પ્રથમ સંગીતકાર છે.

તામિલ અને સંસ્કૃત ભજનોની તરજોને વણી લઈને એમણે તૈયાર કરેલી આ સિમ્ફની - 'ઇલયા રાજાની ગ્રાન્ડ સિમ્ફની નંબર વન' વોલ્થામસ્ટો ટાઉનહૉલ ખાતે રેકોર્ડ થઈ છે, જે ટૂંક સમયમાં રિલીઝ થશે.

ફિલ્મોના સંગીત દિગ્દર્શકોને ફિલહાર્મોનિક ઓરકેસ્ટ્રામાં મહત્ત્વ અપાતું નથી, પણ ઇલયારાજાની શક્તિઓ જોઈને રૉયલ ફિલહાર્મોનિક ઓરકેસ્ટ્રાએ એમના સંગીતનો અભ્યાસ અને ચકાસણી કરવા નિષ્ણાતોને ભારત મોકલી તેમનો અભિપ્રાય મેળવ્યા બાદ ઇલયા રાજાની સિમ્ફની રેકોર્ડ કરી છે.

¤

આરોગ્યની સામાન્ય તકલીફો

ઋતુ અને હવામાનના ફેરફારથી તાસીર પ્રમાણે તથા ખાનપાન પ્રતિ દુર્લક્ષ સેવવાથી નાનીમોટી તકલીફો ઊભી થઈ આરોગ્ય બગડે છે, અને કેટલાક સરળ ઘરગથ્થુ ઉપચારોથી તેમાં રાહત પણ મળે છે. અહીં આપણે એવી કેટલીક તકલીફો અને તેના સરળ ઉપાયો જોઈએ :

ઉધરસ : રાતે જાગવાથી અને દિવસે ઊંઘવાથી કફનો પ્રકોપ થઈ ઉધરસ-ખાંસી થાય છે. પિત્તની ગરમીથી તેમજ વાયુના પ્રકોપથી પણ ખાંસી થાય છે.

મોંમાં વરિયાળી અને સાકરનું ચૂર્ણ રાખી તેનો રસ ચૂસવાથી ગરમીની ઉધરસમાં આરામ થાય છે. દ્રાક્ષ, આમળાં, ખજૂર, પીપર અને મરીનું ચૂર્ણ ઘી તથા ઘીથી અર્ધું મધ મેળવીને ચાટવાથી પણ પિત્તની ઉધરસ મટે છે.

પાંચ પાંચ ગ્રામ જેટલું ચોખ્ખું મધ દિવસમાં ચારવાર ચાટવાથી કફ છૂટો થઈ તેને લીધે આવતી ખાંસી મટે છે. કાળી તુલસીનો સ્વરસ અને મધ ભેળવીને લેતા રહેવાથી યે કફની ઉધરસ મટે છે. આ જ રીતે નગોડનો રસ અને મધ પણ લઈ શકાય, તેમજ અરડૂસીનો સ્વરસ તથા મધ લઈ શકાય. દૂધને ગરમ કરી તેમાં હળદર તથા ઘી મેળવીને પીવાનો તેમજ હળદરનો ગાંઠિયો શેકીને રાત્રે સૂતી વખતે મોંમાં રાખવાનો ઉપચાર તો સહજ છે જ.

દાડમની છાલનો કકડો મોંમાં રાખી રસ ચૂસવાથી ત્રાસજનક ખાંસી મટે છે. તેનાથી ગળાનો સોજો પણ મટે છે. મરીનું બારીક ચૂર્ણ, ઘી મધ અને સાકર મેળવીને ચાટવાથી સર્વ પ્રકારની ખાંસી મટે છે.

શરદી-સળેખમ : વધુ પડતા ગળપણના સેવનથી અને કડવા, તૂરા, તીખા વગેરે રસના ઓછા સેવનથી, તથા ભેજવાળા હવામાનમાં યા વરસાદમાં પલળવાથી શરદી થતી હોવાનો લગભગ સૌને અનુભવ હશે. સૂંઠ અને મરી શરદી માટેના લગભગ બધા ઉપચારોમાં સામાન્ય છે.

સૂંઠનું બે ગ્રામ ચૂર્ણ, ત્રણ ગ્રામ ઘી અને પાંચથી દસ ગ્રામ ગોળ એકત્ર કરી સવારે ખાલી પેટે ખાવાથી શરદી, સળેખમ અને વારંવાર આવતી છીંકો મટે છે. દહીંમાં મરીને ખાંડીને કરેલી ભૂકી તથા ગોળ મેળવીને ખાવાથી અથવા ગરમ દૂધમાં મરીની ભૂકી તથા સાકર નાખીને પીવાથી પણ શરદી-સળેખમ મટે છે.

મધ અને આદુનો રસ સવારસાંજ એક એક ચમચી પીવાથી, તેમજ તુલસી અને ફુદીનાનાં પાન, મરી અને સૂંઠ વાટીને તેનો ઉકાળો કરી તેમાં થોડી ખાંડ અને દૂધ મેળવીને પીવાથી પણ આરામ થાય છે. લવિંગનો ઉકાળો પીવાથી કે ખાંડમાં બેત્રણ ટીપાં લવિંગના તેલનાં ટીપાં ભેળવીને લેવાથી પણ શરદી મટે છે.

આ ઉપરાંત, સૂંઠ, તજ અને મરીનો અથવા તજ, મરી અને આદુનો ઉકાળો; લસણ અને તુલસીના પાંચ પાંચ ગ્રામ રસમાં બે ગ્રામ સૂંઠ અને એક ગ્રામ મરીનું ચૂર્ણ મેળવી ગાયના દૂધ સાથે સવારસાંજ પીવાથી શરદી મટે છે.

હેડકી : બારીક વાટેલું જીરું ફાકવાથી, પા ગ્રામ જેટલી હિંગ ઘી સાથે ચાટવાથી અથવા પીપર, આમળાં અને સૂંઠનું ચૂર્ણ મધ તથા સાકર મેળવી વારંવાર ચાટવાથી હેડકી મટે છે.

બકરીના દૂધમાં સૂંઠની ભૂકી ઉકાળીને પીવાથી હેડકી મટે છે. છ-સાત આચમની પાણી પીવાથી અથવા થોડી વાર શ્વાસ રોકવાથી પણ સામાન્ય હેડકી આવતી બંધ થઈ જવાનો તો ઘણાને અનુભવ હશે.

આમવાત-સંધિવા : આમ તો સામાન્ય આ તકલીફ ઘણીવાર કષ્ટદાયક વાતરોગનું રૂપ લે છે, અને પછી એ જલદી મટતો નથી અને બહુ હેરાન કરે છે. શરીર નિરામ - આમ વગરનું - બને તો જ સંધિવા મટે છે. એના પર ગરમ રેતીનો શેક કરાય છે, પણ તેના પર તેલનું માલિસ કરાતું નથી. તેલનું માલિસ હાનિ કરે છે. સંધિવામાં લંઘન-ઉપવાસ-લાભકર છે અને આહારમાં મગ-ભાત જેવો હળવો ખોરાક હિતકર છે.

ગોખરું અને સૂંઠનો ઉકાળો લેવાથી ખોરાકનું પાચન થઈ સંધિવામાં રાહત મળે છે. એરંડમૂળ તથા સૂંઠનો ઉકાળો પણ પી શકાય. સૂંઠ અને ગળો સમભાગ લઈ ઉકાળો લાંબો સમય પીવાથી જૂનો સંધિવા મટે છે. ગૌમૂત્રમાં દિવેલ મેળવીને પીવાથી પણ સંધિવા મટે છે.

રાસ્ના, ગળો, એરંડમૂળ, દેવદાર અને સૂંઠનો ઉકાળો કરી પીવાથી આખા શરીરમાં ફેલાયેલો આમવાત-સંધિવા મટે છે. સૂંઠના ઉકાળામાં દિવેલ મેળવીને લાંબા સમય સુધી દરરોજ પીવાથી પણ આમવાત-સંધિવા મટે છે.

- મા.મો. ચૌધરી

ગયા, ગરીબી, બંદગી, સમતા, શીલ સ્વભાવ,
એ તે લક્ષન સાધકે, કહે કબીર સદ્ભાવ.

ઈ.સ. ૧૯૫૦ની વાત છે. ડૉ. દિનુભાઈ પટેલને રવિશંકર મહારાજ કહે, 'આવતી કાલે મારે સાબમતી આશ્રમ જવું છે.' ડૉ. દિનુભાઈ પણ મહારાજની સાથે સાબરમતી આશ્રમ જવા તૈયાર થયા. આણંદ સ્ટેશનેથી મણિનગરની ટિકિટ લઈને બંને જણા ઊપડ્યા. ડૉ. દિનુભાઈને મનમાં પ્રશ્ન તો થયો કે સાબરમતી જવું છે તો કાળુપુરને બદલે મણિનગરની ટિકિટ મહારાજે શા માટે કઢાવી હશે ? પરંતુ તેમણે વિચાર્યું કે મહારાજને મણિનગર કંઈક કામ હશે. મણિનગર ઊતર્યા ત્યારે દિનુભાઈએ મહારાજને પૂછ્યું, 'મહારાજ, મણિનગર આપણે કોને ત્યાં જવાનું છે ?'

મહારાજે જવાબ આપ્યો, 'આપણે તો સાબરમતી આશ્રમ જ જવાનું છે.'

'તો તો આપણે કાળુપુર ઊતર્યા હોત તો ત્યાંથી સાબરમતી આશ્રમ નજીક પડત ને ?' ડૉ. દિનુભાઈએ મૂંઝવણ વ્યક્ત કરી.

'મને ખબર છે. પણ અહીં ઊતર્યા એટલે સમાજના ચારપાંચ આના બચી જશે ને ? તું સાથે ના હોત તો કદાચ આણંદથી ચાલી નાખત.'

આવી હતી રવિશંકરની મહારાજની ટ્રસ્ટીશિપની ભાવના ! 'સુખડ સુવાસ'માંથી

¤

આવતા ઑક્ટોબરમાં બી.બી.સી. લગભગ ૪૦ કલાક જેટલા લાંબા સમયની એક ટી.વી. શ્રેણી પ્રસારિત કરશે, જેમાં બ્રિટનનાં ભૂતપૂર્વ વડાપ્રધાન લેડી થેચરની મુલાકાત રજૂ થશે. આ મુલાકાત માટે લેડી થેચરને મોટી રકમ પણ અપાઈ છે. સન ૧૯૭૫માં લેડી થેચર ત્યાંની કન્ઝર્વેટિવ પાર્ટીનાં નેતાપદે ચૂંટાયાં હતાં અને ૧૯૭૯માં વડાપ્રધાન બન્યાં હતાં, ૧૯૯૦ના નવેમ્બરમાં એમને વડાપ્રધાનપદેથી દૂર કરવા રસ ધરાવનારા કેબિનેટ પ્રધાનો સામે સંભવ છે કે તેઓ આ શ્રેણીમાં પૂરું વટક વાળશે. આ પ્રધાનો એમને એક સ્ત્રી ગણીને તુચ્છકારતા હતા. એક ગ્રૉસરની પુત્રીને રાજકારણમાં શી ગતાગમ પડે તેમ માનતા હતા. રાજકારણના રસિયાઓ માટે બી.બી.સી.ની આ શ્રેણી જરૂર રસપ્રદ બની રહેવાનો પૂરો સંભવ છે.

¤

ભારતમાં લોકો પાસે ૭૫૦૦ ટન સોનું હોવાનો એક અંદાજ છે, અને દર વર્ષે એમાં ૨૫૦ ટન સોનું ઉમેરાય છે. સ્ત્રીધન તરીકે સોનાના દાગીના આપવાના રિવાજને કારણે ગામડાંઓમાં લગભગ દરેક ઘરમાં ઓછુંવત્તું સોનું તો હોય જ છે.

¤

ગણીતગમ્મત

આઠ આઠડાને એવી રીતે ગોઠવો કે જેનો સરવાળો ૧૦૦૦ થાય.

¤

રોટલીને સફેદ અને પોચી બનાવવા માટે ઘઉંનો લોટ બાંધતી વખતે એક ચમચી દહીં અને ચપટી મીઠું નાખવું.

¤

તલને શેકીને રાખવાથી તેમાં જીવડાં પડતાં નથી અને ખારાશ આવતી નથી. આવા તલ લગભગ વર્ષ સુધી સારા રહે છે.

¤

બેબીલોન નજીકથી આશરે ત્રણ હજાર વર્ષ પહેલાંનો એક ઘંટ મળી આવ્યો છે. ઈ.સ. પૂર્વે દસમી સદીમાં રાજા સૉલોમને દેવળ પર ચડાવેલો તે સોનામઢ્યો ઘંટ છે.

¤

જૂનું વજન સૌથી ઓછામાં ઓછું હોય છે. જાણો છો તે કેટલું ? જૂ ૦.૦૦૫ માઈક્રોગ્રામ વજનની હોય છે.

¤

૪૦ વર્ષની વયે સ્પેઈનની રાણી મારીઆના બધા દાંત જ્યારે પડી ગયા ત્યારે તેણે અઢી લાખ ડૉલરનાં મોતીનું ચોકઠું કરાવ્યું હતું !

¤

પ્રકૃતિએ તમને જે બનાવવાની ઇચ્છા રાખી હોય તે બનો એટલે તમે સફળતા મેળવશો. જો કોઈ પણ અન્ય થવા જશો તો તમને નિષ્ફળતા જ મળશે.

સિડની સ્મિથ

ફ્રાન્સનો એક રાજા પેપીન માત્ર સાડાચાર ફુટ ઊંચો હતો, પણ એ હાથમાં છ ફુટ લાંબી તલવાર રાખતો હતો !

¤

જાણો છો કે દરેક માણસ સામાન્ય રીતે પોતાના હાથ કરતાં સાડા ત્રણ હાથ લાંબો હોય છે ?

¤

ગણિતગમ્મતનો ઉત્તર : ૮ + ૮ + ૮ + ૮૮ + ૮૮૮

¤

કલાકણિકા : ભૌમિતિક આકૃતિઓના શોભન-આલેખન સાથેનું ઈ. પૂર્વે ૭૦૦ વર્ષ પહેલાંનું ઍથેન્સમાં બનેલું એક પાત્ર

